# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'હું નીલમ પર પડ્યો ત્યારે તે ગુસ્સે થઈ ગઈ' મહેશ ઠાકુરે કહ્યું- આ ગીત ચાલતી...



પેજ-09

ટીમ ઈન્ડિયા માટે ખુશખબરી, મોહમ્મદ શમી જશે ઓસ્ટ્રેલિયા !

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 32.00 | 18.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 33.00 | 22.00 |

પેજ 5



AI ભારતમાં 2028 સુધીમાં રોજગારીની નવી 27.3 લાખ...


16 NOVEMBER-2024 SATURDAY


ઈલોન મસ્કના વળતા પાણી ! લોકો 'X' ના વિકલ્પની શોધમાં....



પેજ 10

.....સુવિચાર.....

આપણે સમયનું ધ્યાન નથી રાખતા, તેથી સમય આપણું ધ્યાન નથી રાખતો!


વર્ષ-13 । અંક-358 । વિક્રમ સંવત-2081 । કારતક વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## નાસાએ શેર કરી દિલ્હીના પ્રદૂષણની ભયાનક તસવીરો, AQI ગંભીર કેટેગરીમાં

# દિલ્હી પર ઝેરી હવાનું સંકટ : લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ

**દિલ્હીમાં સતત બીજા દિવસે પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં, સ્કૂલો ઓનલાઈન ચાલશે**

**બાંધકામ, વેલ્ડિંગ, ગેસ કટિંગ, ઈંટની ભટ્ઠીઓ, તોડફોડ તથા ડ્રિલિંગ પર પ્રતિબંધ**

**પ્રદૂષણ વચ્ચે સરકારી ઓફિસોના સમય બદલાયા, સીએમ આતિશીનો નિર્ણય**

**સુપ્રીમ કોર્ટ પ્રદૂષણ અંગેની અરજીની 18 નવેમ્બરે સુનાવણી કરવા સંમત થઈ**

(એજન્સી) નવીદિલ્હી । તા. 15

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ગંભીર કેટેગરીમાં પ્રવેશી જતાં સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી)એ એલર્ટ જારી કરતા કમિશન ફોર એર કવોલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ)એ ઈમરજન્સી બેઠક બોલાવી એનસીઆરમાં ગ્રેપ (ગ્રેડેડ રિસ્પોન્સ એકશન પ્લાન)ના ત્રીજા તબક્કાના અમલની જાહેરાત કરી છે. ગંભીર પ્રદૂષણને ધ્યાનમાં રાખી દિલ્હીમાં ધોરણ પાંચ સુધીના બાળકોને શાળામાં બોલાવવામાં આવશે નહીં તેમને ઓનલાઈન માધ્યમથી ભણાવવામાં આવશે. સીએક્યુએમની આ જાહેરાત પહેલા દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે જણાવ્યું હતું કે હાલમાં ગ્રેપ-3 લાગુ કરવામાં આવશે નહીં. જો કે સીએક્યુએમની બેઠક પછી ગ્રેપ-3ને અમલમાં મૂકવાની વાત કરવામાં આવી છે. જ્યારે પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં આવી જાય છે ત્યારે ગ્રેપ-3ના પ્રતિબંધો અમલમાં મૂકવામાં આવે છે. ગ્રેપ-3 હેઠળ નિર્માણ અને તોડફોડના કામમાં બોરિંગ અને ડ્રિલિંગ, પાઈલિંગ વર્ક, ઓપન ટ્રેચ સિસ્ટમથી થનારી સીવર લાઈન, ડ્રેનેજ અને ઈલેક્ટ્રિક કેબલના કામ, ઈંટ ભઠ્ઠી વગેરેના કામ, આરએમસી બેચિંગ પ્લાન્ટ, મોટા વેલ્ડિંગ કામ, અને ગેસ કટિંગ કામ થઈ શકશે નહીં. કાચી સડકો પર કાર ચલાવી શકાશે નહીં. કાટમાળનું ટ્રાન્સપોર્ટેશન કરી શકાશે નહીં.




**દર વર્ષે દિલ્હી દયનીય બને છે**

હવે, આ પહેલીવાર નથી કે નવેમ્બર મહિનામાં રાજધાનીમાં ઝેરી હવાનું ધુમ્મસ જોવા મળ્યું હોય. છેલ્લા ઘણા સમયથી ઠંડીની મોસમમાં આવી જ સ્થિતિ સતત જોવા મળી રહી છે. પવનની ગતિ ઘટવાથી અને સ્ટબલના વધતા જતા કેસોને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે.

### ■ આગળ શું : ખૂબ ગાઢ ધુમ્મસ આ રાજ્યોને આવરી લેશે

પંજાબ-ચંદીગઢમાં ધુમ્મસનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજસ્થાનમાં બે દિવસ ગાઢ ધુમ્મસનું એલર્ટ છે. યુપી અને પંજાબમાં 15મી નવેમ્બર સુધી અને હિમાચલમાં 18મી નવેમ્બર સુધી રાત્રિ અને સવારના સમયે ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસ રહેશે. હરિયાણા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડમાં 16 નવેમ્બર સુધી ધુમ્મસ પ્રવર્તે એવી શક્યતા છે.

### ■ દિલ્હીમાં પ્રદૂષણને પહોંચી વળવા માટે ગ્રેડેડ એક્શન પ્લાન લાગુ

રાજધાનીમાં પ્રદૂષણને અંકુશમાં લેવા માટે પ્રદૂષણના સ્તરને 4 કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. દરેક સ્તર માટે ભીંગડા અને પગલાં નિશ્ચિત છે. એને ગ્રેડેડ એક્શન પ્લાન, એટલે કે GRAP કહેવામાં આવે છે. એની 4 શ્રેણી હેઠળ સરકાર પ્રદૂષણ ઘટાડવા માટે નિયંત્રણો લાદે છે અને પગલાં જારી કરે છે. રાજધાનીમાં ગ્રુપ 3 ના પ્રતિબંધો લાગુ થયા બાદ ઘણી વસ્તુઓ બદલાઈ જશે. હકીકતમાં, નવી માર્ગદર્શિકા અનુસાર, ધૂળ પેદા કરતી બાંધકામ અથવા તોડી પાડવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ હશે, પરંતુ મેટ્રો, રેલ્વે અને હાઈવે, રોડ અને ફ્લાયઓવર જેવા પ્રોજેક્ટ્સ ચાલુ રહેશે.

# આદિવાસી લોકોએ રાજકુમારને ભગવાન રામ બનાવ્યા : PM મોદી

## બલ્લોપુરમાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ પર આદિવાસી ગૌરવ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો

(એજન્સી) જમુઇ । તા. 15

પીએમ નરેન્દ્ર મોદી ત્રણ દિવસમાં બીજી વખત બિહાર આવ્યા છે. શુક્રવારે, તેમણે જમુઈના બલ્લોપુરમાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ પર આદિવાસી ગૌરવ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પીએમએ બિરસા મુંડાના નામે 150 રૂપિયાનો સિક્કો અને 5 રૂપિયાની સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી. પીએમએ બિરસા મુંડાના વંશજોને આ સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ અર્પણ કરી. આ દરમિયાન PM એ 6,640 કરોડ રૂપિયાથી વધુની યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ ઉપરાંત બે આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલય અને બે આદિજાતિ સંશોધન કેન્દ્રોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે 'આદિવાસી સમાજ એ છે જેણે રાજકુમાર રામને ભગવાન રામ બનાવ્યા. આદિવાસી સમાજે ભારતની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણ માટે સેંકડો વર્ષો સુધી લડત ચલાવી હતી. આઝાદી પછીના દાયકાઓમાં આદિવાસીઓના ઈતિહાસના યોગદાનને ભૂંસી નાખવાના પ્રયાસો થયા.



**40 મિનિટના ભાષણમાં આદિવાસીઓ પર ફોકસ :** નીતિશ કુમાર બાદ પીએમ મોદી મંચ પર પહોંચ્યા. લગભગ 40 મિનિટના તેમના ભાષણમાં વડાપ્રધાને આદિવાસીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ભત્રીજાવાદ અને આદિવાસીઓની ઉપેક્ષા માટે અગાઉની સરકારોની ટીકા કરવામાં આવી હતી. નીતિશ કુમારના પણ વખાણ કર્યા.

**અમારી સરકારે આદિજાતિ કલ્યાણ મંત્રાલય બનાવ્યું :** પીએમએ કહ્યું કે, 'પ્રથમ વખત અટલ બિહારી વાજપેયીની સરકારમાં અલગ આદિજાતિ કલ્યાણ મંત્રાલય બનાવવામાં આવ્યું હતું. અગાઉ આદિવાસીઓ માટે 25 હજાર કરોડ રૂપિયાથી ઓછું બજેટ હતું. અમારી સરકારે તેને 5 ગણો વધારીને 1.25 લાખ કરોડ રૂપિયા કર્યો.

### મોદીના વિમાનમાં ટેક્નિકલ ખામી, દેવઘર એરપોર્ટ પર રોકવું પડ્યું પ્લેન

વડાપ્રધાન મોદી આજે (15 નવેમ્બર) ચૂંટણી પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીને ઝારખંડના દેવઘરથી દિલ્હી આવવાનું હતું, પરંતુ વડાપ્રધાન મોદીના વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે વિમાનને દેવઘર એરપોર્ટ પર જ રોકવું પડ્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દિલ્હી પરત ફરવામાં થોડો વિલંબ થયો. જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભગવાન બિરસા મુંડાના 150માં જયંતી વર્ષના શુભારંભ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાને આજે જમુઈ જિલ્લામાં જનસભાને સંબોધિ હતી. ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું હેલિકોપ્ટર શુક્રવારે (15 નવેમ્બર 2024) રોકી દેવાયું છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ક્લિયરન્સ ન મળવાના કારણે રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી નથી મળી.

### રાજસ્થાનના થપ્પડકાંડમાં અધિકારીઓ CMને મળ્યા, હડતાળ ચાલુ

(એજન્સી) ટોંક । તા. 15

રાજસ્થાનના દેવલી-ઉનિયારા (ટોંક)માં પેટાચૂંટણીના મતદાન દરમિયાન SDMને થપ્પડ મારવાને લઈને હોબાળો ચાલુ છે. બે દિવસથી હડતાળ પર ઉતરેલા RAS એસોસિએશનના સભ્યો મુખ્યમંત્રી ભજનલાલ શર્માને મળ્યા હતા. એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે બેઠક સકારાત્મક રહી હતી. જો કે હડતાળનો અંત લાવવાનો નિર્ણય એસોસિએશનની બેઠકમાં લેવામાં આવશે. અગાઉ ગુરુવારે પોલીસે આજે અલીગઢ શહેર નજીક ટોંક-સવાઈ માધોપુર હાઈવે પર જામ સાફ કર્યો હતો. હાઈવેનો આ ભાગ લગભગ 10 કલાક સુધી બંધ રહ્યો હતો.

# દિલ્હીમાં ફરી ડ્રગ્સનું મોટું કન્સાઈનમેન્ટ પકડાયું

**આંતરરાષ્ટ્રીય બજારમાં ડ્રગ્સના કન્સાઈનમેન્ટની કિંમત લગભગ 900 કરોડ રૂપિયાનો અંદાજ**

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

રાજધાની દિલ્હીમાં ફરી એકવાર કરોડો રૂપિયાના ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ ઝડપાયું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડ્રગ્સના આ કન્સાઈનમેન્ટની કિંમત લગભગ 900 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. NCBના આ સફળ ઓપરેશનમાં 82.53 કિલોથી વધુ સારી ગુણવત્તાનું કોકેઈન ઝડપાયું છે. આ મોટી કાર્યવાહી હાથ ધરતા, NCBએ ડ્રગ્સના આ મોટા કન્સાઈનમેન્ટની રિકવરી સાથે બે આરોપી લોકેશ ચોપરા અને અવધેશ યાદવની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ કોકેઈનનું કન્સાઈનમેન્ટ દિલ્હીથી ઓસ્ટ્રેલિયા મોકલવામાં આવી રહ્યું હતું. કોકેઈનનું આ વિશાળ કન્સાઈનમેન્ટ અમદાવાદ અને સોનીપતથી દિલ્હી લાવવામાં આવ્યું હતું. જમીન આધારિત કોકેઈનની અત્યાર સુધીની આ સૌથી મોટી જપ્તી છે. કહેવાય છે કે આ ડ્રગ્સ રેકેટનો માસ્ટર માઈન્ડ દુબઈમાં બેઠો છે અને તે દિલ્હીનો મોટો હવાલા બિઝનેસમેન છે.



# વાયનાડ મામલે BJP કરી રહી છે રાજનીતિ : પ્રિયંકા ગાંધી

## વાયનાડ ભૂસ્ખલન- કેન્દ્રનો રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવાનો ઇનકાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 15

કેન્દ્રએ વાયનાડ ભૂસ્ખલનને રાષ્ટ્રીય આપત્તિ તરીકે જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. 10 નવેમ્બરે ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે આ અંગે કેરળ સરકારને પત્ર લખ્યો હતો. આમાં તેમણે કહ્યું કે, SDRF-NDRFની હાલની માર્ગદર્શિકા હેઠળ કોઈપણ આપત્તિને રાષ્ટ્રીય આપત્તિ તરીકે જાહેર કરવાની કોઈ જોગવાઈ નથી. ઓગસ્ટમાં રાજ્ય સરકારે વડાપ્રધાન મોદીને પત્ર લખીને વાયનાડ ભૂસ્ખલનને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવાની માગણી કરી હતી. આ સિવાય રાહુલ ગાંધીએ પણ 7 ઓગસ્ટે લોકસભામાં આ જ માંગણી કરી હતી. હકીકતમાં, વાયનાડના મુંડક્કાઈ, ચુરલમાલા, અટ્ટમાલા અને નૂલપુઝા ગામમાં 29 જુલાઈની રાત્રે 2 વાગ્યાથી સવારે 4 વાગ્યાની વચ્ચે ભૂસ્ખલન થયું હતું.

### ભ્રષ્ટાચાર સામે દારૂના વેપારીઓ ભડક્યાં, 10 હજારથી વધુ દુકાનો બંધ રાખવાનું એલાન

(એજન્સી) બેંગ્લોર । તા. 15

કર્ણાટકના ફેડરેશન ઓફ વાઈન મર્ચન્ટ એસોસિએશને રાજ્યમાં સ્થિત 10800થી વધુ ખાનગી દારૂની દુકાનોને 20 નવેમ્બરે બંધ પાળવા આદેશ આપ્યો છે. આબકારી વિભાગે કથિત રૂપે ભ્રષ્ટાચાર અને સરકાર દ્વારા તેમની માગ પર ધ્યાન ન આપવાના વિરોધમાં બંધનું એલાન જાહેર કર્યું છે. આ બંધના કારણે કર્ણાટકમાં તમામ ખાનગી દારૂની દુકાનો બંધ રહેશે, માત્ર સરકારી દુકાનો ખુલ્લી રહેશે.

# કટેંગે તો બટેંગે...ના નારામાં કંઈ ખોટું નથી : ફડણવીસ

## ફડણવીસે કહ્યું, અજિત પવાર દાયકાઓ સુધી હિન્દુ વિરોધીઓ સાથે રહ્યા



(એજન્સી) મુંબઈ । તા. 15

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા ડેપ્યુટી CM દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે માટે ભાજપના દરવાજા બંધ છે. મહારાષ્ટ્રમાં પાર્ટી ભવિષ્યમાં તેમની સાથે નહીં જાય. શિંદેને CM બનાવવા વિશે મને પહેલેથી જ ખબર હતી. હું મુખ્યમંત્રી કે રાષ્ટ્રપતિની રેસમાં નથી. ન્યૂ એજન્સી ANI સાથે વાત કરતી વખતે ફડણવીસે કહ્યું કે, NCP (SP) ચીફ શરદ પવાર પરિવાર અને પાર્ટીને તોડવામાં નિષ્ણાત છે. એનસીપી અને શિવસેના તેમની વધુ પડતી મહત્વાકાંક્ષાઓને કારણે તૂટી પડ્યા. ઉદ્ધવ CM બનવા માંગતા હતા તેથી તેમણે અમારી સાથે નાતો તોડી નાખ્યો. મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ આદિત્ય ઠાકરેને આગળ લાવવા માંગતા હતા, તેથી તેમણે એકનાથ શિંદેનો ગૂંગળામણ કરવાનો પ્રયાસ કર્યો.

# અહો આશ્ચર્ય ! સુરતમાં દીપડાને આજીવન કેદની સજા

## માનવભક્ષી દીપડો દ. ગુજરાતના પ્રથમ ઝંખવાવના રિહેબિલિટેશન સેન્ટરનો પ્રથમ કેદી બન્યો

(એજન્સી) સુરત । તા. 15

સામાન્ય રીતે જો કોઈ માણસ હત્યા કરે તો તેને આજીવન કેદ અથવા તો ફાંસીની સજા થતી હોય છે. પરંતુ સુરતમાં એક માનવભક્ષી દીપડાને આજીવન કેદની સજા થઈ છે. સુરત જિલ્લાના માંડવીથી પકડાયેલો માનવભક્ષી દીપડો ઝંખવાવમાં રિહેબિલિટેશન સેન્ટરમાં પ્રથમ કેદી બન્યો છે અને હવે તે એક કેદી તરીકે પોતાનું બાકીનું જીવન પસાર કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દીપડો તેનું બાકીનું જીવન તે જ જિલ્લામાં ઝંખવાવ ખાતેના પુનર્વસન કેન્દ્રમાં વિતાવશે. સુરતના ઉપ વન સંરક્ષક આનંદકુમારે એક મિડિયા સાથે વાત કરતા કહ્યુ કે જ્યારે કોઈ પ્રાણીને મનુષ્યો પર હિંસક હુમલો કરવાની ટેવ પડી જાય છે ત્યારે તેને ખુલ્લામાં રાખી શકાતું નથી.



### દક્ષિણ ગુજરાતના ઝંખવાવમાં પ્રથમ રિહેબિલિટેશન સેન્ટર

સુરત જિલ્લામાં હાલ દીપડાની સંખ્યા 150 પર પહોંચી ગઈ છે. 6 મહિનામાં માનવ પર હુમલાની ત્રણ ઘટના સામે આવી છે, જેમાં ત્રણેય વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે પણ દીપડો માનવભક્ષી બની જાય છે, ત્યારે તેને પુનર્વસન કેન્દ્રમાં મોકલવામાં આવતા હોય છે. અત્યાર સુધી સુરત જિલ્લાના આવા દીપડાઓને વડોદરાના પુનર્વસન કેન્દ્રમાં મોકલવામાં આવતા હતા. પ્રથમવાર દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના ઝંખવાવ હિંસક પ્રાણીઓ માટે પુનર્વસન કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે.

**દિવાળી પર દીપડાએ બાળકને ફાડી ખાધુ હતું :** આ દીપડાએ દિવાળીના તહેવાર સમયે માંડવીના ઉશ્કેર રામકુંડ ખાતે રહેતા લાલસીંગભાઈ વસાવાના 7 વર્ષીય પુત્ર અજય પર હુમલો કર્યો હતો. દીપડાએ પેટના ભાગે હુમલો કરતા 7 વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. દીપડાએ બાળકને ફાડી ખાતા રામકુંડ વિસ્તારમાં રહેતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. બનાવ અંગે લોકોએ વન વિભાગના અધિકારીઓને જાણ કરતાં તેમણે રામકુંડ વિસ્તાર તરફ પાંજરું ગોઠવી દીધું હતું.

**દક્ષિણ ગુજરાતના પુનર્વસન કેન્દ્રનો પ્રથમ કેસ :** દક્ષિણ ગુજરાતમાં ઝંખવાવ (માંડવી, સુરત) ખાતે રૂ. 1.50 કરોડના ખર્ચે પુનર્વસન કેન્દ્રનું નિર્માણ થયું છે. અત્યાર સુધી સુરત જિલ્લામાંથી આવા દીપડાઓને વડોદરાના પુનર્વસન કેન્દ્રમાં મોકલવામાં આવતા હતા. દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં હિંસક પ્રાણીઓ માટે ઝંખવાવ પુનર્વસન સેન્ટર શરૂ થયા બાદ પ્રથમ વખત માંડવીમાં પકડાયેલો દીપડો હવે નવસારી, વલસાડ, ડાંગના જંગલોમાં માનવ પર હુમલો કર્યા બાદ પકડાયો છે.

**10 દીપડાને રાખી શકાય તેવી કેપેસિટી :** સાથે તેઓએ જણાવ્યું હતું કે, માંડવીના ઝંઝવાવમાં 10 દીપડા રાખી શકાય એવું રિહેબિલિટેશન સેન્ટર બનીને તૈયાર થઈ ગયું છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને માંડવીમાં જ બીજું રિહેબિલિટેશન સેન્ટર બનાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. જગ્યા ફાઈનલ કરી દેવામાં આવી છે. અહીંયા પણ 10 દીપડાને રાખી શકાય તેવી કેપેસિટી સાથેનું રિહેબિલિટિશન સેન્ટર બનાવાશે.

# ગૂગલ અને ફેસબૂક પર લટકતી તલવાર

**મેટા કંપનીનો કેસની ટ્રાયલ થશે શરૂ અને ગૂગલ પર કરવામાં આવશે ફેડરલ સૂપરવિઝન**



(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ગૂગલ અને મેટા કંપની પર હાલમાં અમેરિકન ગવર્નમેન્ટની તલવાર લટકી રહી છે. મેટા કંપની પર કરવામાં આવેલા કેસની હવે ટ્રાયલ શરૂ થવા જઈ રહી છે. કોર્ટ દ્વારા મેટાની કેસ રદ કરવાની અરજીને ફગાવી દેવામાં આવી છે. હવે એનું શું પરિણામ આવશે એ પર સૌની નજર છે. મેટા કંપની અને ગૂગલ બન્ને પર માર્કેટમાં હરિફાઈનો નાશ કરવાનો અને પોતાની મોનોપોલી ચલાવવાનો આરોપ છે.

### હરિફાઈ નાબૂદ કરવાનો આરોપ

અમેરિકાના ફેડરલ ટ્રેડ કમિશન દ્વારા મેટા કંપની પર 2020માં કેસ કરવામાં આવ્યો હતો જ્યારે એનું નામ ફેસબુક હતું. ફેસબુક દ્વારા 2012માં ઈન્સ્ટાગ્રામ અને 2014માં વોટ્સએપને ખરીદી લેવામાં આવ્યું હતું. ફેડરલ ટ્રેડ કમિશન દ્વારા એ આરોપ મૂકવામાં આવ્યો છે કે માર્કેટમાં હરિફાઈને દૂર કરવા માટે ફેસબુક દ્વારા આ બે કંપનીઓને ખરીદી લેવામાં આવી હતી જેથી તેમને ભવિષ્યમાં કોઈ નુકસાન ન થાય. આ સાથે જ એવો પણ આરોપ મૂક્યો હતો કે જ્યાં સુધી ફેસબુક અને તેની અન્ય એપ્લિકેશન સાથે કોઈ કોમ્પિટિશન કરવામાં ન આવે તો જ તેમની APIને એક્સેસ કરવા દેવામાં આવે છે.

**આ કેસ વિશે મેટાનું શું કહેવું છે?** મેટા કંપનીના પ્રવક્તાએ કહ્યું કે 'અમને એ વાતની ખાતરી છે કે અમારી પાસે જે પુરાવા છે એ કોર્ટમાં એ સાબિત કરવા માટે પૂરતાં છે કે ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપને ખરીદવું એ માર્કેટની હરિફાઈ માટે સારું અને યુઝર્સ માટે ખૂબ જ ફાયદાકારક રહ્યું છે.' મેટા કંપનીનું માનવું છે કે તેમણે આ બે કંપનીઓ ખરીદી એના કારણે માર્કેટમાં હરિફાઈ વધી છે અને વધુ સર્વિસ ઉપલબ્ધ થઈ છે.

# આહવા ખાતે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને જન જાતીય ગૌરવ દિવસની ઉજવણી દરમિયાન અન્ય પક્ષના નેતાઓને પોલીસે નજરકેદ કર્યા

સુશીલ પવાર : ડાંગ



આહવા ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જોકે આ કાર્યક્રમની જાહેરાત થતા સોશિયલ મીડિયામાં અનેક ફિટકાર વરસાવવામાં આવી હતી તેમજ આ કાર્યક્રમને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ત્યારે આ કાર્યક્રમમાં શાંતિ અને સુલેહ તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ દ્વારા ડાંગ જિલ્લાના બીટીપી, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટીના કેટલાક નેતાઓને નજર કેદમાં રાખવામાં આવ્યા હતા. આદિવાસી સમાજના જનનાયક એવા ભગવાન બિરસા મુંડાજી ને જન્મ જયંતીને જન જાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે રાજ્યકક્ષાના જન જાતિય ગૌરવ દિવસની ઉજવણી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ રાજ્યકક્ષાના જન જાતિય ગૌરવ દિવસની ઉજવણી ના કાર્યક્રમની શરૂઆત પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આદિજાતી સમાજના આસ્થાના કેન્દ્ર એવા શબરીધામ ખાતે શબરી અને ભગવાન શ્રીરામ તથા લક્ષ્મણના દર્શનાર્થે પહોંચ્યા હતા તેમજ ત્યાં પૂજા અર્ચના પણ કરવામાં આવી હતી. જે બાદ ભૂપેન્દ્ર પટેલ આહવા ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડાંગના રાજા ધનરાજ સિંહ સૂર્યવંશી એ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા મુજબ મુખ્યમંત્રીને સાફો પહેરાવી તથા તીર કામઠું આપી સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીએ જિલ્લાના કુલ રૂ.૧૦૨.૮૭ કરોડના 37 જેટલા વિકાસ કાર્યોનું વર્ચ્યુલ લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરી ડાંગની જનતાને ભેટ અર્પણ કરી હતી.

# જાફરાબાદની માછીમારી કરતી બોટને અજાણી ત્રણ બોટો દ્વારા રૂપિયા 35 લાખની ફિશિંગ નેટની લૂંટ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



પોરબંદર નજીક અરબી સમુદ્રમાં માછીમારી કરી રહેલી જાફરાબાદ ની એક બોટ પર ત્રણ જેટલી અજાણી બોન ના ૧૩ શખ્સોએ પથ્થરમારો કરી ૧૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું એટલુંજ નહીં રૂપિયા ૩૫ લાખની કિંમતની ૧૪ જેટલી ફિશિંગ નેટની લૂંટ ચલાવતા પોલીસ ફરિયાદ નોંધાઇ છે. આ બનાવ અંગે જાફરાબાદ બંદર પીપળી કાંઠા માં રહેતા સાજનભાઈ ભગુભાઈ સોલંકી (ઉ.વ.૨૮) એ પોરબંદર નવી બંદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા પ્રમાણે તે પોતાની શ્રી જગન્નાથ નામની ફિશિંગ બોટમાં તા/૦૩/૧૧/૨૪ ના રોજ જાફરાબાદ જેટી પરથી માછીમારી કરવા માટે નીકળ્યા હતા જેમાં બોટ ના ટંડેલ તરીકે તેઓનાં પિતા ભગુભાઈ જેઠાભાઈ સોલંકી અને અન્ય ૬ ખલાસીઓ સાથે તા.૯ ના રોજ વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં દરિયામાં ફિશિંગ કરતા હતા આ દરમિયાન અજાણી ત્રણ જેટલી બોટ તેઓની બોટ ની નજીક આવી હતી અને તેમાંથી ૧૩ જેટલાં શખ્સો ભેગા થઈને તેઓની બોટમાં પથ્થરમારો કરવા લાગ્યા હતા તેમજ ગાળો બોલી આ વિસ્તારમાં માછીમારી નહીં કરવા જણાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી ઉપરાંત ફરિયાદીને સાજનભાઈ અને ત્યાં રહેલી અન્ય બોટોની કુલ ૧૪ નંગ માછીમારીની જાળ કાઢી લઈને તે અજાણી ત્રણેય બોટ ત્યાંથી જતી રહી હતી આ બનાવમાં રૂપિયા ૩૫ લાખની કિંમતની નેટ જાળ અજાણી બોટ વાળા શખ્સો પડાવીને લઈ ગયા હતા.

# દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા પાંચવાડા ગામના પાંચ પરિવારની હિન્દુ ધર્મમાં ઘર વાપસી

દિપક રાવલ : દાહોદ

આજ રોજ દાહોદ જિલ્લાના પાંચવાડા ગામે હિન્દુ ધર્મ છોડીને અન્ય ધર્મ અપનાવેલ પાંચ પરિવાર પોતાના સ્વધર્મનું જ્ઞાન થતા સનાતન વર્લ્ડ પરિવાર મધ્ય ગુજરાતના ધર્મઅધ્યક્ષ 1008 મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ, સનાતન પરિવાર ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હર્ષુ પંડ્યા, પાટિયા ઝોલ ગામના કાળુંદાસ મહારાજ, સાહડા ગામના શ્રી રામુદાસ મહારાજ,ગામના સામાજિક આગેવાન ચંદુભાઈ ગરવાલ



સનાતન વર્લ્ડ પરિવારના રિકેશભાઈ પ્રજાપતિ, મહાદેવ દામોદર, દેવભાઈ પીઠાયા,પ્રવિણભાઈ કલાક,ઉમેશ બામણીયા વગેરે ની ઉપસ્થિતિમાં સનાતન ધર્મનો વૈદિક વિધિ વિધાનથી હિન્દુ ધર્મ સ્વીકાર કરવામાં આવ્યો. આ પાંચવાડા ગામના પાંચ પરિવાર જેમાં ગુમાનભાઈ મકનભાઈ ગરવાળ, રાકેશભાઈ વરસિંગભાઈ ગુંદિયા, રાજેશભાઈ વરસીંગભાઈ ગુંદિયા, કનુભાઈ કસનાભાઈ ગરવાળ, ગોરખીબેન કેસમભાઈ ગરવાળ આમ પાંચ પરિવારનાં કુલ 25 સદસ્યો એ હિન્દુ ધર્મ સ્વીકારી કરી પુનઃ ઘર વાપીસ કરી.



ભગવાન શ્રી બિરસા મુંડા જી ની જન્મ જયંતી અને આદિવાસી ગૌરવ દિન નિમિત્તે દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. (દિપક રાવલ : દાહોદ)

# દાહોદ ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી તેમજ આદિવાસી ગૌરવ દિવસની સાંસદની ઉપસ્થિતિમા ઉજવણી કરાઇ



દિપક રાવલ : દાહોદ

દાહોદના કેશવ માધવ રંગ મંચ ખાતે દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમા ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિ તેમજ આદિવાસી ગૌરવ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી હતી. આદિવાસી સમાજના ક્રાંતિકારી યોદ્ધા એવા ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિ ને આદિવાસી ગૌરવ દિવસ તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે, ત્યારે આજે 15 નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતિ અને આદિવાસી ગૌરવ દિવસની દાહોદ ખાતે આદિવાસી સમાજ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી હતી. દાહોદ શહેરના કેશવ માધવ રંગમંચ ખાતે આજે બીરસા મુંડા ની જન્મ જયંતિ નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન દાહોદ ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે કેશવ માધવ રંગમંચથી બીરસા મુંડા ચોક સુધી રેલી યોજાઈ હતી, અને સાંસદ જસવંતસિંહ ભાભોરે બિરસા મુંડાની પ્રતિમાને ફુલહાર પહેરાવી શ્રધ્ધાજલી પાઠવી હતી.

# ચેક રીટર્ન કેસમાં મહેસાણાના શખ્સને ચાણસ્મા કોર્ટે સજા ફટકારી

નિતીન ઠાકર : ચાણસ્મા

કેસની હકીકત એવી છે કે મહેસાણા મુકામે સત્યમ્ પ્લાયવુડ નામથી પટેલ કેતુંલ જોઈતારામ ધંધો કરે છે તેઓએ સરદારપુરા તા.ચાણસ્માના વતની દેસાઈ નિશિત ભુરાભાઈ પાસેથી રૂપિયા 13,00,000/- તેર લાખ અંગત જરૂરિયાત માટે હાથ ઉછીના નાણાંનો કરાર લેખ કરી લીધેલા અને તા ૧૦/૧૨/૨૦૨૩ ના રોજ રૂા.૬,૫૦,૦૦૦/- અને તારીખ ૧૦/૦૧/૨૦૨૪ ના રોજ રૂા.૬,૫૦,૦૦૦/- ચુકવી આપવાનો કરારલેખ લખી આપેલો પરંતુ કરારલેખ મુજબ પટેલ કેતુલ જોઈતારામે પાલન નહિ કરતાં, દેસાઈ નિશિત ભુરાભાઈએ રૂપિયા તેર લાખની ઉઘરાણી કરતાં આરોપી પટેલ કેતુંલ જોઈતારામે સત્યમ્ પ્લાયવુડના નામનો અને તેના પર્સનલ ખાતાનો એમ બે ચેક લખી આપી, ફરીયાદી દેસાઈ નિશિતભાઈના મોબાઈલ વોટ્સ એપ ઉપર ચેક કલીયર થઈ જશે તે માટે બેંકની કાઉન્ટર સ્લીપો બનાવી મોકલી આપી વિશ્વાસ આપતાં, ફરીયાદીએ બંને ચેક કલીયરિંગ માટે બેન્ક ઓફ બરોડા, ચાણસ્મા શાખામાં રજૂ કરતાં,બંને ચેક અપુરતા ભંડોળના કારણે વણચુકવ્યે પરત ફરતાં, વકીલશ્રી મારફતે લીગલ નોટીસ આપી,ચાણસ્મા કોર્ટમાં આરોપી પટેલ કેતુંલ જોઈતારામ વિરૂધ્ધ એન.આઈ એકટ મુજબ ફરીયાદ દાખલ કરેલી, જે ફરીયાદ ચાણસ્મા કોર્ટમાં ચાલી જતાં, ફરીયાદીના વકીલ જે.વી.ચૌધરીએ જજમેંન્ટો નો આધાર રાખી, મૌખિક દલીલો કરતાં, ચાણસ્માના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ યુ.જી. પઠાણ સાહેબશ્રીએ આરોપી પટેલ કેતુલકુમાર જોઈતારામ રહે. નં.૧૦, સહજ રીંગલ, મહેસાણા-રાધનપુર સી લીંક રોડ, મહેસાણાવાળાને દોષિત ઠરાવી એક વર્ષની સજા ફટકારી.

# સિધ્ધપુર કાર્તિકેય પૂર્ણિમાનો 7 દિવસ સુધી ચાલનારા મેળાનો શુભારંભ થયો

મહેશ સોલંકી : પાલનપુર



ઉત્તર ગુજરાત નો કાર્તિકેય પૂર્ણિમા નો 7 દિવસ સુધી ચાલનારા મેળાનો ગુજરાત સરકાર નાં કેબીનેટ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત નાં હસ્તે શુભારંભ થયો છે ત્યારે બનાસકાંઠા પાટણ અમદાવાદ મહેસાણા હિંમતનગર જીલ્લા નાં લોકો આ મેળામાં આવતાં હોય છે આ મેળામાં યાત્રાળુઓ ખાસ કરીને સરસ્વતી નદી નાં કિનારે તર્પણ વિધિ કરવા માટે આવે છે અહી માર્તુતિથ ગયાં કહેવાય છે માટે લાખો લોકો આ મેળામાં તર્પણ વિધિ માટે આવતા હોય છે મેળામાં સિધ્ધપુર વહિવટી તંત્ર દ્વારા પણ સાત દિવસ ચાલનારા આ મેળામાં યાત્રાળુઓ ને કોઈ પણ પ્રકારની તકલીફો નાં પડે તેના માટે વિશેષ આયોજન કરવામાં આવે છે સાથે યાત્રાળુઓ ની સુરક્ષા માટે દર વખતની જેમ આ વખતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે એક નાયાબ પોલિસ અધિક્ષક 5 પી આઈ 46 પોલીસ સબ ઈન્સ્પેકટર 250 પોલીસ જવાનો 120 હોમ ગાર્ડ 350 જી આર ડી જવાનો સાથે ધોડે સવાર 4 પોલીસ દ્વારા સતત ખડેપગે રહી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે મેળામાં યાત્રાળુઓ ને લાવવાં મૂકવાં માટે ગુજરાત એસટી બસો પણ મૂકવામાં આવી છે સાત દિવસ સુધી ચાલનારા આ મેળામાં રોજ લાખો લોકો મેળાનો આનંદ મોજ માણવા આવે છે મેળામાં 50 જેટલી રાઈડો મૂકવામાં આવી છે સાથે ખાણીપીણી સંબંધિત કેટલાક સ્ટોલ પણ લગાવવામાં આવે છે આ મેળામાં સરસ્વતી નદી નાં તટમાં ઊંટો ની ખરીદ વેચાણ મોટાં પાયે થાય છે.

# સંખેડા તાલુકાનું નાના ડાકોર તરીકે ઓળખાતું સોનગીર-ઈન્દ્રાલ ગામે રણછોડજી મંદિરે દેવ દિવાળીએ જોષી ગાર્ડની દીકરી રેખાબેન દ્વારા 52 ગજની ધજા ચઢાવી

કમલેશ પટેલ : સંખેડા



સંખેડા તાલુકાના સોનગીર-ઈંદ્રાલ ગામે નાના ડાકોર તરીકે પ્રસિદ્ધ એવું રણછોડરાયજીનું મંદિર ઓળખાય છે. આ મંદિરે બિરાજમાન રણછોડરાયજીની પ્રતિમા ડાકોરના ઠાકોરની આબેહૂ હોય એને દર્શન કરતા ધન્યતા અનુભવા માટે ભક્તો દર પુનમે મોટી સંખ્યામાં આવતા હોય છે. ઉપરાંત વિવિધ તહેવારોના દિવસે પણ લોકો દર્શનાર્થે ઉમટતા હોય છે. સંખેડાથી ડાકોર પગપાળા સંઘમાં અનેક શ્રદ્ધાળુઓ જતા હોય છે. જોકે જે લોકો ડાકોર જઈ શકતા નથી એવા ઘણા શ્રદ્ધાળુઓ સંખેડાથી સોનગીર-ઈંદ્રાલ ગામે પણ પગપાળા જાય છે. માત્ર સંખેડા ગામના જ નહીં પરંતુ આસપાસના ગામોમાંથી પણ અનેક શ્રદ્ધાળુઓ અહીંયા પગપાળા દર્શનાર્થે આવે છે. દેવ દિવાળીનો પર્વ હોય વહેલી સવારથી જ દર્શન માટે મોટી મોટી કતારો જોવા મળી હતી.

# જાફરાબાદના સામાકાંઠા તલાવડી બાજુમાં આવેલ બોટ માલિકના મચ્છીના માંડવામાં આગ લાગતાં મોટા પ્રમાણમાં નુકસાન

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદના સામાકાંઠા તલાવડી બાજુમાં રાજુલા રોડ બાજુમાં આવેલ બોટ માલિકોના મચ્છી ના માંડવામાં રાત્રીના નવ વાગ્યાના અરસામાં શોર્ટ સર્કિટ ના લીધે આગ લાગતાં બોટ માલિકો દ્વારા બોટ માટે રાખવામાં આવતુ ડીઝલ તથા ગેસનો બાટલો ફાટતાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું આજુબાજુમાં રહેતા લોકો તથા આસપાસની સોસાયટી ના લોકો દ્વારા પાણી ના ટાંકા ઓ મંગાવી ડોલે ડોલે પાણીનો મારો કરતાં આગ ઉપર કાબુ મેળવવા માટે નો પ્રયત્ન કર્યો હતો અને વિકરાળ આગ ઉપર કાબુ મેળવવા સફળતા મળી હતી આગ ધીમી પડતા નર્મદા કંપની ના ફાયર બ્રિગેડ ના ટેન્કરો આવી જતાં સંપૂર્ણ આગ બુઝાવવા માં આવી હતી અહીં અવારનવાર આગ લાગ્યા ની ઘટના ઓ બની પરંતુ જવાબદાર તંત્ર તથા જાફરાબાદ નગરપાલિકા પાસે આગ લાગે તો બુઝાવવા માટે કોઈ પણ જાતના ફાયર બ્રિગેડ જેવી સુવિધા નથી સંપૂર્ણ રામભરોસે હોય તેવું અહીં જોવા મળ્યું આવો બનાવ બને ત્યારે નાગરિકો પોતાની જાનમાલની રક્ષા માટે રિક્ષાઓ દ્વારા પાણી ના ટાંકા તથા ટ્રેક્ટર દ્વારા પાણી ના ટાંકા મંગાવવા પડે છે. અને આજુબાજુ માં આવેલી કંપની સીન્ટેક્ષ તથા નર્મદા કંપની ના ફાયર બ્રિગેડ બોલાવવા પડે છે. જાફરાબાદ નગરપાલિકા પાસે અગાઉ નવા નક્કોર બે ફાયર બ્રિગેડ હતા તે બન્ને ફાયર બ્રિગેડ નો અંગતપણે ઉપયોગ માં લેવામાં આવતા હતા.

# રાજપીપળાની સગીરા પર પ્રાંતિય વિધર્મી યુવાને દુષ્કર્મ કરવાનાં કેસ માં જામીન અરજી ફગાવતી કોર્ટ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા રાજપીપળા નજીક નાં એક ગામની આદિવાસી સગીર વયની યુવતી ને 22 ઓક્ટોબર 24ના રોજ સુરત ખાતે બોલાવીને તેને લગ્નની લાલચ આપીને ભગાડી જઈને દુષ્કર્મ કરનાર મહારાષ્ટ્રના વિધર્મી આરોપીની રાજપીપળા પોલીસે 25ઓક્ટોબરે ધરપકડ કરીને ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ જેલ હવાલે કરી દીધો હતો, આરોપીએ જેલમાંથી રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા મુકેલી જામીન અરજી કોર્ટે નામંજૂર કરી દીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ આદિવાસી સગીરાને મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં રહેતા આશીફ બસીર શેખ સાથે વી પ્લે ગેમ એન્ડ ચેટ નામની એપ્લીકેશનથી પરિચય થયો હતો. આ એપ્લિકેશન ઉપર બન્ને ચેટ કરીને સંપર્કમાં રહેતા હતા, ચેટ દ્વારા જ આશીફે સગીરાને પહેલા રાજપીપળા બસ સ્ટેન્ડ પર બોલાવી હતી. અને પછી ટિકિટના 300 રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરીને આશીફે સીગારને સુરત બસ સ્ટેન્ડ આવવા માટે કહ્યું હતું. આશીફ ટ્રેન દ્વારા પુણેથી સુરત આવી પહોંચ્યો હતો. અને ત્યાંથી સગીરાને ભગાડીને પુણે જિલ્લાના હવેલી તાલુકામાં આવેલા ઉત્તમ નગર સ્થિત પોતાના ઘરે લઈ ગયો હતો. સગીરા મોબાઇલ ઉપર ચેટ કરતી હોવાથી તેના માતા પિતાને આશીફ અંગે જાણકારી વિડિયો કોલ કરી આપી હતી. એટલે તેના વાલી રાજપીપળા પોલીસ સ્ટેશન ખાતે આં વિધર્મી યુવાન આસિફ સામે પોક્સો અને એટ્રોસિટી, અપહરણ, એક્ટ ની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે રાજપીપળા પોલીસે આસીફના ઘરે જ દરોડો પાડીને ઝડપી પાડયો હતો. નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારોની ભોળી પ્રજાને લવ જેહાદમાં ફસાવાના આ કિસ્સાની ભારે ચર્ચા ચાલી રહી છે.

# ઝાલોદ APMCમાં ભાજપા સદસ્યતા અભિયાન : ધારાસભ્ય મહેશ ભુરિયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ : દાહોદ



ઝાલોદ ખેતીવાડી માર્કેટ યાર્ડ ખાતે ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન 2024 અંતર્ગત કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્ર પ્રથમની ભાવના અને વિકાસવાદી વિચારધારાને વધુ મજબૂત બનાવવા માટે ભાજપા સદસ્યતા અભિયાન-2024 અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ઝાલોદ વિધાનસભાની કાર્યશાળા ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.મારો પરિવાર, ભાજપ પરિવાર સૂત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગૌરવશાળી નેતૃત્વમાં જન-જન સાથે સંપર્ક કરી ભારતીય જનતા પાર્ટીના પરિવારમાં જોડવા માટે ઉપસ્થિત સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યશાળામાં ઝાલોદ તાલુકા અને શહેરના પ્રમુખ, શક્તિકેન્દ્રનાં ઈન્ચાર્જ અને પ્રભારી, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો,પાર્ટીના હોદ્દેદારો અને કર્મઠ કાર્યકર્તાઓ હાજર રહ્યા.

# 108 યુનિટ દ્વારા વિશ્વ ડાયાબિટીસ દિવસની ઉજવણી વૃદ્ધોને ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ચેક-અપ

સુશીલ પવાર : ડાંગ



વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં 108 એમ્બ્યુલન્સ સર્વિસ અને મોબાઈલ હેલ્થ યુનિટ (MHU) દ્વારા એક વિશેષ આરોગ્ય જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમના ભાગરૂપે પ્રાથમિક રીતે વૃદ્ધ વ્યક્તિઓ માટે મફત ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ચકાસણીઓ કરવામાં આવી, જેથી તેઓ આરોગ્ય અંગે જાગૃત રહે અને સમયસર સારવાર મેળવી શકે.આ દિવસ ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે ખૂબ જ મહત્વનો છે. ડાયાબિટીસ એક એવી બીમારી છે કે જેનું સમયસર નિદાન અને નિયંત્રણ મહત્વપૂર્ણ છે, જેથી લાંબા ગાળાના ગંભીર પરિણીતોથી બચી શકાય. આજના સમયમાં, આ બીમારી વધારે જડપી ફેલાઈ રહી છે અને વૃદ્ધ વયના લોકોમાં તેનો ફેલાવો વધુ જોવા મળે છે.

# બુદ્ધિનું પ્રદર્શન કરતા સિવિલ સત્તાધીશો : વાહન પાર્કિંગની જગ્યા બદલી ગાર્ડનમાં પાર્કિંગ ચાલુ કરાવ્યું..!!

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં તાજેતર માં ઈન્ચાર્જ અધિકારીઓ પોતાની બુધ્ધિ નું પ્રદર્શન કરતા હોય એમ લાગ્યું, કેમ કે હોસ્પિટલ ના પ્રવેશ દ્વાર માં જ જ્યાં પહેલેથી બાઇકો પાર્ક કરાતી હતી એ જગ્યા બદલી હવે બાજુમાં બનાવેલા ગાર્ડન માં પાર્ક કરવાનો હુકમ થતા લોકો ત્યાં વાહન પાર્ક કરે છે. રાજપીપળા સિવિલ હોસ્પિટલ હાલ ઘણા સમયથી ઈન્ચાર્જ અધિકારીઓ ના રાજ માં કાર્યરત છે અને તેમાં અનેક સમસ્યા ઊભી થઈ હોવાની વારંવાર બૂમ પણ ઉઠી છે છતાં ગાંધીનગર બેઠેલા મંત્રી કે અધિકારીઓ આ મુદ્દે જાણે મૌન થઈ બેઠા છે અને અહીંયા કોઈ રેગ્યુલર અધિકારીઓ મૂકતા નથી, હોસ્પિટલ માં અનેક તકલીફો બાદ હવે ઈન્ચાર્જ અધિકારી ના તઘલખી નિર્ણય નો એક નમૂનો હાલ માં સામે આવ્યો છે જેમાં આ હોસ્પિટલ માં ગેટ થી અંદર પ્રવેશ કરતા જ બંને સાઇડ પર હોસ્પિટલ કાર્યરત કરાઈ ત્યારથી બાઈક પાર્કિંગ કરવામાં આવતી હતી પરંતુ ઈન્ચાર્જ અધિકારીઓ એ જાણે બુધ્ધિ નું પ્રદર્શન બતાવ્યું હોય એમ હવે ત્યાંથી પાર્કિંગ હટાવી બાજુમાં બનેલા ગાર્ડન ના મોટરસાઈકલ મુકાવવા સૂચના આપતા હવે સિક્યુરિટી ગાર્ડ દરેક વ્યક્તિ ને ગાર્ડન માં વાહન મુકાવે છે. પરંતુ ગાર્ડન માં ક્યાંયે લાઈટ ની વ્યવસ્થા નથી અને ક્યારેક કોઈ બાઈક ચોરી કે બાઈક માંથી પેટ્રોલ ચોરી થાય તો એ માટે જવાબદાર કોણ..?

# નર્મદાના ભાદરવા દેવનાં મેળામાં ભક્તોનું ઘોડાપૂર ઉભરાયુ



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં આવેલ ભાદરવા ગામે ભાથીજી દાદાનું મંદિર આદિવાસીઓનું આસ્થાનું કેન્દ્ર છે. કાર્તિકી ચૌદસ અને પૂનમ આમ બે દિવસ નો એટલેકે દેવ દિવાળી નીમીત્તે નર્મદા ના ભાદરવા ગામમા ઉત્સવ નો માહોલ હોઈ છે, પવિત્ર નર્મદા નદી મા સ્નાન કરી ને લાખો આદિવાસી ભક્તો 10 દિવસ ઘરે જવારા વાવીને હવન કરીને જે જવારા લઈને કાગળ કામળી નાં ઘોડા બનાવી ને તાલ બધ્ધ ઢોલના તાલે વિવિધ વેશ ભૂષામા પગપાળા સંઘ લઈને ભાદરવા દેવ આવે છે. ઘોડા સાથે ભાથીજી મહારાજ ને નમન કરી બાધા આખડી માને છે. જો માનતા હોય તો છોડાવે છે. ખાસ કરીને કાષ્ટનો ઘોડો ભાથીજી મહારાજ ને અર્પણ કરી માનતા પુરી કરે છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના લાખો આદિવાસીઓ નાંદોદ તાલુકાની સરહદે 300 ફુટ ઊંચી ટેકરી પર બિરાજમાન ભાથીજી મહારાજ ના દર્શન કરી ધન્યતા અનુભવે છે .એક માન્યતા પ્રમાણે કાર્તીકી પુનમે આજ ટેકરી પર ભાથીજી મહારાજે ગાયોની રક્ષા કાજે દુશ્મનો દ્વારા માથુ ગુમાવ્યુ હતુ. અને ત્રણ દિવસ સુધી ધડ એ ગૌરક્ષા કરી હતી. ત્યારથી જ અહી દર વર્ષે દેવ દિવાળીના દિવસે મેળો ભરાય છે. તો વળી કાગળ અને વાંસમાંથી બનાવેલ ઘોડો એ સર્વ સામાન્ય હોય છે. એક માન્યતા એમ પણ છે કે આદિવાસીઓ પોતાના ઘરમાં જો કોઈ બીમાર પડે તો એક બાધા રાખવામાં આવે છે અને તે પણ એવી કે પુરુષ સ્ત્રી નો વેશ ધારણ કરી ભાદરવા દેવ ના મંદિર સુધી પગપાળા ચાલી ને જઈ ને આ બાધા પૂર્ણ કરવામાં આવે છે આજે આસ્થા કહો કે શ્રધા આ આદિવાસી સમાજ પૂરી શ્રદ્ધાથી ભાથીજી દાદાને માને છે.

# ભાદરવા દેવ મેળામાં ફરવા આવેલા પરિવારનો બાળક વિખૂટો પડતાં TRB જવાનોએ મેળાપ કરાવ્યો

ભરત શાહ : રાજપીપળા



આજરોજ ભાદરવા ના મેળામાં ફરવા આવેલા નસવાડી થી આગળ આવેલા પેડવન ગામના એક પરિવાર નો દસ વર્ષીય દીકરો પોતાના પરિવારથી વિખૂટો પડી ગયો હતો ત્યારે ભાદરવા બંદોબસ્ત માં ફરજ બજાવતા ટીઆરબી જવાનોને દીકરો મળી આવતા જવાનોએ એમના માતા-પિતાનું શોધખોળ શરૂ કરી દીકરા ની પૂછપરછ કરતા પોતાનું નામ પરેશ જણાવ્યું હતું પિતાનું નામ અલ્પેશ ભાઈ જણાવ્યું હતું ટીઆરબી જવાનો એ આ દીકરા ના પરિવારને શોધવાનો પ્રયાસ કર્યો ત્યારે આ છોકરાના ગામના એક ભાઈ મળી આવ્યા હતા જેથી પરેશભાઈ ના ઘરે સંપર્ક કર્યો અને પોતાના દાદા સાથે વાત કરી પોતાના દાદાએ અલ્પેશભાઈ ને સંપર્ક કર્યો હતો અલ્પેશભાઈ તાત્કાલિક સ્થળ પર આવી ટીઆરબી જવાનો સંપર્ક કરીને પોતાના દીકરા સાથે મેળાપ કર્યો હતો. આમ નર્મદા ટ્રાફિક બ્રિગેડ(TRB) જવાનો માં માછી વાસુદેવ હરનીશ ભાઈ, વસાવા અરૂણભાઇ ઉકકડભાઈ અને વસાવા પ્રહલાદભાઈ અમરસિંહભાઈ નામના ત્રણ જવાનો એ પરિવાર થી છૂટા પડેલા દીકરા ને સાચવી પરિવાર સાથે મેળાપ કરાવી માનવતાવાદી કામગીરી કરી નર્મદા પોલીસ નું નામ સાર્થક કર્યું હતું.

# રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારના અધ્યક્ષતામાં રાજપીપળા ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી

ભરત શાહ : રાજપીપળા



રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારના અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી, PM -JANMAN અને DA-JGUA નાં કાર્યક્રમ રાજપીપલાના સરદાર ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી અને પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ-જનમન) ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા જનજાતિય લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમને પ્રાધાન્ય આપી આ અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, આજે તૃતિય પ્રસંગો ભેગા થયા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### અમદાવાદ-ઉદયપુર હાઇવે પર શામળાજી દર્શન કરી પરત ફરતા એક જ પરિવારના 4ના મોત, અંકલેશ્વર-સુરત હાઇવે પર કાર વૃક્ષ સાથે ભટકાતાં 3ના મોત

# ગુજરાતમાં બે ગમખ્વાર અકસ્માતમાં 7ના મોત

## છાતીમાં થતો અસહ્ય દુખાવો આ પરિક્રમાર્થીઓ માટે જીવલેણ સાબિત થયો છે. મૃત્યુ પામનારા નવેય પરિક્રમાર્થીઓ આધેડ

(એજન્સી) અંકલેશ્વર | તા.15

આજે ગુજરાતમાં બે મોટા ગમખ્વાર અકસ્માતમાં 7 લોકોના મોત થયા છે. અમદાવાદ ઉદયપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર નજીક નેશનલ હાઈવેના પુલ પરથી કાર નીચે પટકાતાં શામળાજીથી દર્શન કરી પરત જતાં પરિવાને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય એક અસ્માતની વાત કરીએ તો આજે વહેલી સવારે અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં 3 લોકોના મોત થયા હતા. હાંસોટ તાલુકાના શેરા ગામ નજીકથી પૂરઝડપે પસાર થઈ રહેલી કાર ધડાકાભેર વૃક્ષ સાથે ભટકાતાં કારમાં સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે અન્ય એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.



### શામળાજીથી દર્શન કરી પરત જતાં પરિવાનો અકસ્માત, 4ના મોત

અમદાવાદ ઉદયપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર નજીક શામળાજી મંદિરે દર્શન કરી પરત જતાં પરિવાને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં નેશનલ હાઈવેના પુલ પરથી લગભગ 35 ફૂટ નીચે કાર પટકાઈ હતી. જેથી કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં સવાર એક જ પરિવારના ચારેય લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા. મૃતકોમાં એક મહિલા અને બે પુરૂષ તેમજ એક બાળકીનો સમાવેશ થાય છે. ટીંટોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. મૃતકોને હાલ શામળાજી સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયા છે. મળતી માહિતી મુજબ મૃતકો નડિયાદ બાજુના છે.

### અંકલેશ્વર-સુરતને હાઈવે પર ગમખ્વાર અકસ્માત, 3ના મોત

અન્ય એક અસ્માતની વાત કરીએ તો આજે વહેલી સવારે અંકલેશ્વરથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં 3 લોકોના મોત થયા હતા. હાંસોટ તાલુકાના શેરા ગામ નજીકથી પૂરઝડપે પસાર થઈ રહેલી કાર ધડાકાભેર વૃક્ષ સાથે ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો. જોકે સારવાર દરમિયાન તેનું પણ મોત નીપજ્યું હતું.

#### પૂરઝડપે જઈ રહેલી કાર વૃક્ષ સાથે ભટકાઈ

ભાવનગરના 3 યુવાનો કારમાં વહેલી સવારે સુરત જઈ રહ્યા હતા તે દરમિયાન અકસ્માતની આ ઘટના બની હતી. બનાવની જાણ થતાની સાથે જ હાંસોટ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. વહેલી સવારના સમયે કારચાલકને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે બનાવની વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

## દેવદિવાળીએ રાજ્યનાં મુખ્ય મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર...

(એજન્સી) અંબાજી | તા.15

આજે ગુજરાત સહિત દેશભરમાં દેવદિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. હિન્દુઓ માટે પવિત્ર તહેવાર ગણાતા દેવ દિવાળીના પર્વ પર ભક્તો વહેલી સવારથી જ વિવિધ મંદિરોમાં દર્શન માટે પહોંચ્યા હતાં. ત્યારે યાત્રાધામ અંબાજી, પાવાગઢ, શામળાજી, ડાકોર અને બહુચરાજી સહિતના મંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જોવા મળી છે. અંબાજીમાં શક્તિ દ્વારથી જ ભક્તોની લાંબી લાઈન જોવા મળી છે, તેમજ સિંગર કિંજલ દવેએ પણ પરિવાર સાથે મા અંબાનાં દર્શન કર્યા હતા. પાવાગઢમાં શક્તિપથ પર પગ મુકવાની પણ જગ્યા ન હોય એટલી ભીડ ઉમટી હતી. જ્યારે શામળાજીમાં આજે મેળાનો છેલ્લો દિવસ હોવાથી વહેલી સવારથી હજારો ભક્તો દર્શન માટે આવી પહોંચ્યા છે.

### અંબાજીમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી હતી

મા જગતજનની અંબાનું મંદિર કરોડો લોકોનું આસ્થાનું કેન્દ્ર છે. ત્યારે મા અંબાના મંદિરમાં માતાજીના દર્શન કરવા માટે વર્ષભર ભક્તોની ભારી ભીડ જોવા મળતી હોય છે. હાલમાં દિવાળીનો પર્વ ચાલતો હોય ત્યારે ભક્તો મોટી સંખ્યામાં મા જગદંબાના દર્શન કરવા માટે અંબાજી પહોંચતા હોય છે. ત્યારે આજે દેવ દિવાળીના દિવસે વહેલી સવારથી જ ભક્તોનું ઘસારો અંબાજી મંદિરમાં જોવા મળ્યો હતો. આજે વહેલી સવારે 6:00 કલાકે માતાજીની મંગળા આરતી કરવામાં આવી હતી. મા જગતજનની અંબાના દર્શન અને માતાજીનો આશીર્વાદ લેવા માટે આજે વહેલી સવારથી જ ભક્તોનો ઘોડાપૂર અંબાજી મંદિરમાં ઉમટી પડ્યો છે.



### મહાકાળી માતાજીને 56 ભોગનો અન્નકૂટ ધરાવાયો

શક્તિપીઠ યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિર માઈભક્તો માટે આસ્થા શક્તિ અને ભક્તિનું કેન્દ્ર બન્યું છે. શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓનું ફરવા માટેનું ધાર્મિક સ્થળ બની ગયું છે, વર્ષો પછી અત્રે મંદિરના નવીનીકરણ બાદ અહીં આવતા માઈભક્તોમાં નોંધનીય વધારો જોવા મળ્યો છે, ત્યારે આજે દેવ દિવાળીના શુભ દિવસે શ્રી મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા મહાકાળી માતાજીને અન્નકૂટ ધતાવવમાં આવ્યો હતો. છપ્પન ભોગનો મનોરથ ધરાવવામાં આવતા આખું મંદિર પરિસર શણગારવામાં આવ્યું.

## ઉપલેટાનાં ચકચારી પાર્સલ બોમ્બ કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

(એજન્સી) રાજકોટ | તા.15

વર્ષ 2018માં રાજકોટ જિલ્લાના ઉપલેટામાં આવેલ વલ્લભભાઈ રત્નાભાઈ ડોબરીયાની ક્રિષ્ના સ્કૂલમાં બ્લ્યુ ડાર્ટ કુરિયર મારફત એક પાર્સલ આવ્યું હતું. આ પાર્સલ સાથે એક લેટર પણ આવ્યો હતો. આ લેટરમાં સહપરિવારે ગીફ્ટ બોક્સ ખોલવા માટે લખાયેલું હતું. પરંતુ વલ્લભભાઈ ડોબરીયાને શંકા જતા તેણે તે બોક્સ સ્કૂલ બહાર ઝાડ નીચે રાખી દીધું હતું. બાદમાં ઉપલેટા પોલીસને બોલાવતા ઉપલેટા પોલીસ દ્વારા રાજકોટથી બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ બોલાવાયેલ અને સ્ક્વોડ દ્વારા તપાસ કરાતા તે બોક્સમાં બોમ્બ કે જેમાં નવ નંગ ડિટોનેટર સાથે હોવાનું જણાતાં અતિ ગંભિર એક્સપ્લોઝિવ હોવાનું જણાતાં બોમ્બ સ્ક્વોડ દ્વારા તે પાર્સલને સલામત જગ્યાએ લઈ જઈ તેનો નાશ કરાયો હતો.

આ અંગે વલ્લભભાઈ ડોબરીયા દ્વારા અજાણ્યા ઈશમો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા કલમ 307 તથા એક્સપ્લોઝિવ એક્ટ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. બાદમાં પોલીસે તપાસ કરી નાથા રવજીભાઈ ડોબરીયા કે જેઓની વલ્લભભાઈ ડોબરીયા સાથે ક્રિષ્ના સ્કૂલની મિલકત બાબતે દિવાની તકરારો ચાલુ હતી, તેઓને અટક કરાયેલ અને હસ્તાક્ષર નિષ્ણાંતનાં અહેવાલ તથા બેલાસ્ટિક એકસપર્ટનાં અભિપ્રાય મેળવી ચાર્જશીટ ધોરાજી સેશન્સ કોર્ટમાં ચાલે તે માટે મુકી હતી. 1999માં ઉપલેટાનાં રતિભાઈ પાદરીયા તથા ગીરીશભાઈ સોજીત્રાને પણ પાર્સલ બોમ્બ દ્વારા મારી નાખવામાં આવ્યો હતો, તેનો આરોપ પણ નાથાભાઈ ડોબરીયા ઉપર મુક્યો હતો. જેનું ચાર્જશીટ પણ જેતે સમયે રજૂ કરાયું હતું. જેમાં અગાઉ નાથાભાઈ ડોબરીયાને 1999નાં ગુનામાંથી નિર્દોષ જાહેર કરાયા હતા. ક્રિષ્ના સ્કૂલમાં મોકલાયેલ પાર્સલ બોમ્બવાળા પ્રકરણમાં રાજકોટ જિલ્લાના તત્કાલીન કલેકટર ડો. રાહુલ ગુપ્તા તથા અન્ય અધિકારીઓ પોલીસ સ્ટાફ વગેરેનાં પુરાવા નોંધાયેલ.

## બાબાપુરમાં રોકડ અને દાગીનાની ચોરી; ખાંભા માં ખેડૂતની 50 મણ સીંગની ચોરી

(એજન્સી) અમરેલી | તા.15

અમરેલી જિલ્લાના શિયાળાની શરૂઆત થતાં ચોરીના બનાવો શરૂ થતાં પોલીસ તંત્રમાં દોડધામ શરૂ થઈ છે. તસ્કરો ગ્રામ્ય વિસ્તારમાં વધુ સક્રિય થયા હોય તેમ બે ચોરીની ઘટનાઓ સામે આવી છે. અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં ખોડીદાસ નાગજીભાઈ ચાવડાના ઘરે અજાણ્યા માણસો દ્વારા ઘરમાં તાળા તોડ્યા હતા. ઘરમાંથી લાકડાના પતરાની પેટીનું તાળું તોડી સોનાનો હાર દોઢ તોલાનો, ચાંદીના ઝાંઝરી, ચાંદીનો કંદોરો, અને રોકડ 10,000 સહિત નાના મોટી સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂ.44,500ની ચોરી થતાં અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી છે.



ખાંભા તાલુકાના હનુમાપુર ગામની સીમમાં નરેશભાઈ ભીમાભાઈ મકવાણા નામના ખેડૂતેમાંડવી મગફળી વાવી હતી તે વાડીમાં બે આરોપી બાબુભાઈ ઉર્ફે ગાંડીયો મગનભાઈ ડાભી, અતુલભાઈ હમીરભાઈ ડાભી દ્વારા અહીં માંડવી સીંગ ઢગલો કર્યો જતો, તે પોણા બસ્સો મણના ઢગલામાંથી આશરે 50 મણ જેટલી સીંગ જે મણનો હાલ ભાવ રૂ.1150 લેખે કુલ 50 મણ માંડવીની કિંમત 57,500ની ચોરી થતાં ખેડૂત દ્વારા ખાંભા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપીને પકડવા માટેની કવાયત હાથ ધરી છે.

## ભરૂચના નબીપુર નજીક મગદાળની આડમાં કટિંગ થાય એ પહેલાં વિદેશી દારૂનો જથ્થો LCB એ ઝડપી પાડ્યો

(એજન્સી) ભરૂચ | તા. 15

ભરૂચના નેશનલ હાઈવે 48 ઉપર નબીપુરની પરવાના હોટલ સામેથી રોડની બાજુમાંથી મગદાળની આડમાં વિદેશી દારૂનો જથ્થો કટિંગ થાય તે પહેલા એલસીબી એ દરોડા પાડી ટ્રક ચાલક સહીત ચાર ઈસમોને 50 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

ભરૂચ એલસીબીનો સ્ટાફ નબીપુર પોલીસ મથકની હદમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે ઉપર નબીપુર પાસે આવેલા પરવાના હોટલની બાજુમાં રોડની સાઈટમાં રાજસ્થાન પાર્સીંગની ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલા છે અને હાલ કટિંગની પ્રવૃત્તિ ચાલી રહી છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે ટ્રકમાં તપાસ કરતા તેમાં રહેલા મગ દાળની આડમાં સંતાડેલા વિદેશી દારૂની 2611 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.3.59 લાખનો દારૂ અને 15 લાખની ટ્રક તેમજ ઈક્કો કાર, છોટા હાથી મળી કુલ



50 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જોધપુરના નીનાકપુરા ભવાદ ખાતે રહેતો ટ્રક ચાલક મહીરામ બાબુરામ બિશ્નોઈ, દીપક જંયતી પ્રજાપતિ અને દીપક હેમંત વસાવા તેમજ અક્ષય સંજય પાટણવાડિયાને ઝડપી પાડ્યો હતો.જ્યારે વિદેશી દારૂનો જથ્થો મોકલનાર બાબુરામ ચૌધરી સહીત અન્ય બે બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પોરબંદરના સમુદ્રમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો

### પોરબંદરના દરિયામાં એનસીબીએ વધુ એક ઓપરેશન પાર પાડ્યુ, 500 કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું અનુમાન

પોરબંદર | ગુજરાતના દરિયા કિનારેથી અવારનવાર નસીલા પદાર્થનો જથ્થો ઝડપાય છે. ત્યારે વધુ એક વખત પોરબંદર નજીકના દરિયામાંથી ડ્રગ્સનો મોટો ઝડપાયો છે અને આ ડ્રગ્સનો જથ્થો પોરબંદના ઓલવેધર પોર્ટ પર લાવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. એનસીબીએ આ ઓપેરશાન પાર પાડ્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે અને 500 કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું મનાઇ રહ્યુ છે.\ ગુજરાતનો સમુદ્ર કિનારો નસીલા પદાર્થની હેરાફેરીના કારણે બદનામ થયો છે. અવારનવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાય છે. ત્યારે અરબી સમુદ્રામાંથી વધારે એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. એસીબીની ટીમ દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. અંદાજ મુજબ 500 કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હોવાનું કહેવાય છે. આ ડ્રગ્સના જથ્થાને પોરબંદર ખાતે લાવામા આવ્યો છે.

## અંજના હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ દર્દીને બિનજરૂરી ઓક્સિજન માસ્ક પહેરાવ્યા

(એજન્સી) વડોદરા | તા.15

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલમાં બનેલી ઘટનાનો વિવાદ શમ્યો નથી ત્યારે વડોદરાની અંજના હોસ્પિટલમાં વૃદ્ધને બિનજરૂરી ઓક્સિજન માસ્ક પહેરાવીને તેના ફોટા આયુષ્યમાન પોર્ટલમાં મૂકવામાં આવે છે, તેવા આક્ષેપ સાથેનો વીડિયો વાઈરલ થતાં હોબાળો મચ્યો છે. વીડિયોને પગલે શહેરના આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલમાં ચેકિંગનો ધમધમાટ શરૂ કરાયો હતો. અમદાવાદની ઘટના બાદ વડોદરામાં પણ આવી ઘટના બનતાં રાજ્યભરમાં ચર્ચા જાગી છે. જોકે હોસ્પિટલના તબીબ મુજબ વીડિયો સ્ક્રિપ્ટેડ છે, વૃદ્ધ ખુશ થઈને ગયા છે.

હાલમાં જ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પીએમ જેએવાય યોજના હેઠળ જરૂર વગર હાર્ટની સર્જરી કરી નાણાં કમાવવાના કૌભાંડમાં 2 દર્દીએ જીવ ગુમાવ્યા હોવાનું ખૂલ્યું હતું. ત્યારે વડોદરાની અંજના હોસ્પિટલ અંગે ત્યાં સારવાર લેનાર વૃદ્ધનો વીડિયો વાઈરલ થતાં ખળભળાટ મચ્યો છે. વાસણા-ભાયલી રોડની અંજના હોસ્પિટલ અને ક્લિનિઝઆર્ચ નામની હોસ્પિટલમાં માર્ચમાં રાજેન્દ્ર ભટ્ટ નામના વૃદ્ધ કિડનીમાં પરૂ અને લો બીપીની તકલીફ સાથે દાખલ થયા હતા.

આયુષ્યમાન કાર્ડ હેઠળ તેઓએ 14 દિવસ સારવાર મેળવી હતી. જોકે રાજેન્દ્ર ભટ્ટનો માર્ચનો વીડિયો ગુરુવારે વાઈરલ થયો છે. જેમાં તે બોલી રહ્યા છે કે, ઓક્સિજન માસ્ક પહેરાવી ફોટા પાડીને જતા રહે છે પછી કાઢી નાખે છે. હમણાં ટીમ આવી હતી ત્યારે માસ્ક પહેરાવી રાખ્યું હતું અને ટીમ ગયા બાદ કાઢી નાખ્યું હતું. જેને પગલે રાજ્યભરમાં ચર્ચા જાગી છે. 'ગમે તે આવીને ઓક્સિજન માસ્ક પહેરાવીને ફોટા પાડીને જતા રહે છે, અને પછી કાઢી નાખે છે. હમણાં કોઈ ટીમ આવી હતી ત્યારે 4 કલાક ઓક્સિજન માસ્ક પહેરાવી રાખ્યું હતું અને ટીમ ગયા બાદ કાઢી નાખ્યું હતું.'

## 'SMC ON DUTY' લખેલી કારે અકસ્માત કર્યો: નશામાં ધૂત પાલિકા અધિકારીએ કારને ટક્કર મારી પોતાની કાર ડિવાઈડર કુદાવી રોંગમાં ઘુસાડી, પરિવાર ભગાડી ગયો પણ પોલીસે પકડ્યો

(એજન્સી) સુરત | તા. 15

સુરતમાં દારૂના નશામાં પાલિકાના અધિકારી નિલાંગ ગાયવાલાએ અકસ્માત કર્યો હતો. ફુલ સ્પીડમાં કાર ચલાવીને પહેલા તેને એક કારને ટક્કર મારી હતી. ત્યારબાદ કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર તોડીને કાર રોંગ સાઈડમાં ઘૂસાડી દીધી હતી. અકસ્માતના પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

સમગ્ર મામલે પરિવારજનોને કોઈક રીતે જાણ થતા તેઓ પોલીસ આવે તે પહેલા તેને ભગાવી ગયા હતા. જોકે, બાદમાં પોલીસે પાલિકાના અધિકારીને ઝડપી પાડ્યો હતો. અકસ્માત કરનાર પાલિકાનો અધિકારી અઠવા ઝોનમાં આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે.

અડાજણ વિસ્તારમાંથી પસાર થતા સમયે આ અધિકારીએ દારૂના ચિક્કાર નશામાં અકસ્માત સર્જી દીધો હતો. અકસ્માત એટલો વિચિત્ર હતો કે, રસ્તાના સાઈડ પર ઊભેલી કારને પાછળથી ઠોકીને કાર ડિવાઈડર તોડી રોંગ સાઈડ પર આવી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નહોતી. ઘટનાને લઇ મોટી સંખ્યામાં લોકોનું ટોળું એકઠું થઇ ગયું હતુ અને SMC અધિકારીને પકડી પાડ્યો હતો.અકસ્માતની જાણ કોઈક રીતે પરિવારજનોને થતા તેઓ લોકોના ટોળા વચ્ચેથી નશાખોર અધિકારીને ભગાવી ગયા હતા. કારમાંથી પરિવારજનોએ SMC લખેલું બોર્ડ પણ દૂર કરી નાખ્યું હતું. બનાવની જાણ થતા અડાજણ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

જોકે, પોલીસ આવે તે પહેલાં પરિવારજનો અકસ્માત સર્જનાર SMC અધિકારીને ભગાવી ગયા હતા. ત્યારબાદ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. હાલ તો અડાજણ પોલીસે આરોપી પાલિકાના અધિકારી નિલાંગ ગાયવાલાને ઝડપી પડ્યો છે.

### જે પોલીસને મારવાની ધમકી આપી તેની સામે જ બેસવા આજીજી કરવી પડી...

# બૂટલેગર 'ટેણી'ની ટણી કાઢી નાખી: પોલીસવાનને સ્કોર્પિયોથી ટક્કર મારનાર ઝડપાયો



(એજન્સી) સુરત | તા.14

સુરતના ભેસ્તાનમાં આરોપી યુસુફ ઉર્ફે ટેણીએ ટ્રાફિક સર્કલ પર ઊભેલા ટ્રાફિક કોન્સ્ટેબલને પોતાની સ્કોર્પિયો કારથી કચડવાનો પ્રયાસ કર્યો હતો. પહેલા કારને 10 મિનિટ સુધી ગોળગોળ ફેરવી હતી અને બાદમાં આરોપીએ કારથી પોલીસની PCR બોલેરો સાથે ભયાનક અથડામણ કરી હતી. આ ઘટના બાદ આરોપી કાર સાથે ફરાર થઈ ગયો હતો. જેની સુરત ભેસ્તાન પોલીસે ભેસ્તાન રેલવે સ્ટેશન નજીકથી ધરપકડ કરી હતી. પોલીસની સર્વિસ બાદ ટેણી સરખી રીતે ચાલી પણ શકતો ન હતો ને જે પોલીસકર્મીને મારી નાખવાની ધમકી આપી હતી તેની સામે જ બેસવા આજીજી કરતો નજરે પડ્યો હતો.

સુરતના ભેસ્તાન વિસ્તારમાં પોતાને વિસ્તારનો દાદા સમજી બેસેલા યુસુફ ટેણીએ ગતરોજ પોતાની સ્કોર્પિયો કારથી ટ્રાફિક કોન્સ્ટેબલને કચડવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ પોલીસની PCR બોલેરો સાથે ભયાનક અથડામણ કરી ફરાર થઈ ગયેલા આરોપી ટેણીને પોલીસે ભેસ્તાન રેલવે સ્ટેશન નજીકથી ઝડપી પાડ્યો હતો. જે પગથી સ્કોર્પિયો કારને એક્સિલેટર આપી PCR વાનને બે વાર ટક્કર મારી પોલીસકર્મીઓ પર જીવલેણ હુમલો કર્યો હતો તે જ પગથી સારી રીતે ચાલી શકતો નહોતો. ભેસ્તાનમાં પોલીસ પર હુમલો થવાની ઘટના સામાન્ય ઘટના ન હતી. જો યુસુફ ટેણી સફળ થયો હોત તો કદાચ તે છ કોન્સ્ટેબલને યમસદન પહોંચાડી દેતો.

સુરત શહેરમાં ત્રણ અને વલસાડના પારડીમાં એક મળી કુલ ચારથી વધુ ફરિયાદ બૂટલેગર યુસુફ વિરોધ નોંધાઈ ચૂકી છે. પોતાને વિસ્તારનો દાદા સમજી રહેલા યુસુફની ધરપકડ બાદ ચાલ બદલાઈ ગઈ હતી. પોલીસ સર્વિસ બાદ યુસુફ સારી રીતે ચાલી શકતો નહોતો વારંવાર બેસવા માટે આજીજી કરી રહ્યો હતો. જે પોલીસને મારી નાખવાની ધમકી આપી હતી તે જ પોલીસ સામે તે બેસવા માટે રજૂઆત કરતો નજરે પડ્યો હતો. ધરપકડ બાદ જ્યારે તેને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો ત્યારે તેની બધી હેકડી નીકળી ગઈ હતી.

નાની- મોટી મારામારી આરોપી યુસુફ માટે સામાન્ય બાબત છે. તેથી જ્યારે પોલીસ રાત્રિના 11 વાગ્યાના સુમારે ચંડાળ ચોકડી પાસે દુકાન બંધ કરાવી રહી હતી, તે વખતે યુસુફ ટેણીએ પહેલા તો પોલીસ કોન્સટેબલોને અપશબ્દો આપ્યા હતા. ત્યાર બાદ સ્થળ પર ઊભેલા કોન્સ્ટેબલ ગુંજને યુસુફ ટેણીને દુકાન પરથી દૂર થઈ જવા માટે જણાવતાં તેણે ગુંજનને પટ્ટા પરથી પકડીને ધક્કામુક્કી કરી હતી. દરમિયાન રીતેશ નામના કોન્સ્ટેબલે ત્વરિત ફોન કરતાં યુસુફ ટેણીને પકડવા PCR વાન આવી હતી. જે PCR વાનને તેણે પોતાની ફોર વ્હીલ કાર વડે ઠોકી હતી. જે બાદ ફરાર થઈ ગયો હતો.

## ભાવનગર મ.પા.ના 6 કર્મચારીઓની સામુહિક બદલી

ભાવનગર: ભાવનગર મહાનગરપાલિકામાં વહીવટી સરળતા ખાતર અધિકારીઓની ફેરબદલી કરવા, વધારાનો હવાલો સોંપવા અને વધારાના હવાલામાંથી મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે. આ અધિકારીનું લીયન હાલ જ્યાં છે ત્યાં યથાવત રહેશે. બદલીના ઓર્ડર થતા કર્મચારીઓમાં ચર્ચાનો દૌર જામ્યો હતો. મહાપાલિકામાં આજે ગુરૂવારે ૬ અધિકારીઓની આંતરીક બદલી કરવામાં આવી હતી, જ્યારે બે અધિકારીઓને વધારાના હવાલામાંથી મૂક્ત કરવામાં આવ્યા હતા, જેમાં કાર્યપાલક ઈજનેર (સિવીલ) સૂર્યદિપસિંહ વી. ગોહિલ હાલ રોડઝ વિભાગ સંભાળતા હતા પરંતુ હવે પછી તેઓને બિલ્ડીંગ વિભાગમાં કાર્યપાલક ઈજનેરની કામગીરી કરવાની રહેશે.

## પ્રાકૃતિક ખેતી શું છે? પ્રાકૃતિક ખેતી શા માટે અપનાવવી જોઈએ?

# પાકની સાથે જમીન અને આપણાં સ્વાસ્થ્યનું જતન કરતી પ્રાકૃતિક ખેતી વિષે જાણીએ..

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી શું છે? તેનો પ્રાથમિક પરિચય કેળવીએ. સામાન્ય રીતે ખેતીમાં વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતરો વપરાય છે અને પાકને જંતુઓ કે રોગથી રક્ષણ માટે અત્યંત તીવ્ર અને ઝેરી જંતુનાશક દવાઓનો વપરાશ કરવામાં આવે છે. આ પ્રચલિત પદ્ધતિના ગેરફાયદા એ છે કે ઉપજમાં ઝેરી જંતુનાશકો રહી જાય છે, જે સ્વાસ્થ્ય જોખમાવી શકે છે. વધુમાં જમીનની કુદરતી ઉત્પાદનક્ષમતા લાંબા સમયે ઘટી જાય છે. બીજો એક પ્રકાર છે જૈવિક ખેતી, જેમાં છાણિયા ખાતર, લીલો પડવાશ, ખોળ, જૈવિક ખાતરો, અળસિયાં દ્વારા રાસાયણિક ખાતર વગર ખેતી કરાય છે. રોગ નિયંત્રણ માટે પરભક્ષી જીવાતો, અન્ય પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, રાસાયણિક જંતુનાશકો વપરાતાં નથી. આ પદ્ધતિમાં રાસાયણિક ખાતરો વગર ઉપજ મેળવી શકાય છે, પરંતુ નિષ્ણાંતોના મતે નાના ખેડુતો માટે તે થોડી ખર્ચાળ છે અને જંતુઓ તેમજ રોગ નિયંત્રણ એટલું અસરકારક જોવા મળતું નથી.

હાલના સમયમાં ખોરાકમાં જંતુનાશક દવાઓના ઝેરી તત્વો આવીને સ્વાસ્થ્ય ન જોખમાવે તે જરૂરી બન્યું છે, વળી જમીનો રાસાયણિક ખાતરોના અમર્યાદ ઉપયોગને લિધે દિવસે ને દિવસે પોતાની પ્રાકૃતિક ઉત્પાદનક્ષમતા ખોઈ રહી છે તેવું કૃષિ વૈજ્ઞાનિકોનું માનવું છે. એવામાં પ્રાકૃતિક ખેતી એ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને સ્વાસ્થ્યપ્રદ ઉપજ મેળવવા માટે એક વ્યાવહારિક વિકલ્પ બની છે.

૩૦ એકર જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે એક ગાયના ગૌમુત્ર અને છાણ પર્યાપ્ત હોય છે. નાના ખેડુતો માટે પણ પ્રાકૃતિક ખેતી ફાયદાકારક છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ મોડેલ પાંચ સ્તંભ પર આધારીત છે. જે સ્તંભો બીજામૃત, જીવામૃત, વાપ્સા, આચ્છાદન અને મિશ્ર ખેતી છે. આ પાંચેય સ્તંભ વિષે પ્રાથમિક પરિચય મેળવીએ.. 'બીજામૃત' દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, પલાળેલો ચુનો અને પાણી તેમજ માટીના મિશ્રણથી તૈયાર કરી શકાય છે. બીજામૃતમાં બિયારણને નિર્ધારિત કલાકો સુધી પલાળીને છાયામા સુકવ્યા બાદ વાવેતર કરવામાં આવે છે. 'જીવામૃત' એ દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, ગોળ, બેસન, પાણી અને માટીનાં મિશ્રણ દ્વારા બનાવાય છે, જે સુક્ષ્મજંતુઓનો ભંડાર છે અને જરૂરી પોષકતત્વો પુરાં પાડવામાં અગત્યની ભુમિકા અદા કરે છે, તેને પિયત સાથે કે છંટકાવ સ્વરૂપે વાપરવામાં આવે છે.

'વાપ્સા' એટલે ભેજ કે વરાપ વ્યવસ્થાપન. છોડને પાણી જ નહિં પણ ભેજ એટલે કે પાણી અને હવાનું સંતુલિત પ્રમાણ જોઈએ, જે વાપ્સા દ્વારા પુરૂં પડાય છે. અલગ અલગ પાકો અને જમીનના ઢાળ મુજબ પાણીની નિક તૈયાર કરીને વરાપ વ્યવસ્થાપન કરવામાં આવે છે.

'આચ્છાદન' એટેલે જમીનને ઢાંકીને રાખવી જેથી સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ વધે અને તે ઉડી ન જાય. જમીનને ઢાંકવાથી ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે અને પાણીની મોટી બચત થાય છે. વધુમાં સુર્યપ્રકાશ ન મળતાં નિંદામણની સમસ્યા પણ રહેતી નથી. આચ્છાદિત ખેતરમાં દિવસે પણ અળસિયા કાર્ય કરીને ઓક્સિજન, ખાતર આપે છે તેમજ જમીનની પાણી સંગ્રહ ક્ષમતા વધારી આપે છે.

## રાજપીપલા ખાતે ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજનો ૧૯ મો પદવીદાન સમારોહ યોજાયો

# ૧૯ વિષયોની તાલીમ મેળવનારા ૪૩ તાલીમાર્થીઓને પાસિંગ આઉટ પરેડ સાથે ડિગ્રી એનાયત કરાઈ

| ભરત શાહ | રાજપીપળા



રાજપીપલાની જી. એફ. આર. સી. કેમ્પસ ખાતે યોજાયેલા ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ રાજપીપલાના ૧૯ માં પદવીદાન સમારોહમાં ગુજરાત રાજ્યના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ એન્ડ હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ યુ. ડી. સિંઘ (IFS) ની પ્રેરક ઉપસ્થિતિમાં બિહારના ૪૨ અને ગુજરાતના ૧ એમ કુલ ૪૩ વિદ્યાર્થીઓને પાસિંગ આઉટ પરેડ સાથે ડિગ્રી એનાયત કરાઈ હતી. આજના આ પદવીદાન સમારોહમાં ૧૮ માસની સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનારા તથા ઉત્કૃષ્ટ દેખાવ કરનારા તાલીમાર્થીઓને ૭ હોનર્સ, ૩૬ પાસ અને ૫ મેડલ સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યની એક માત્ર ૧૯૭૯ માં સ્થાપિત રાજપીપલા સ્થિત રેન્જર્સ કોલેજમાં વન અને પર્યાવરણને લગતા ૧૯ વિષયોની તાલીમ આપવામાં આવે છે. જેમાં વન, અભ્યારણ, નેશનલ પાર્ક અને વિવિધ વનની સંસ્થાઓની મુલાકાત કરવા તથા ફિલ્ડ એક્સરસાઈઝમાં નર્સરી, પ્લાન્ટેશન અને કલ્ચરલ ઓપરેશન, મેન્સ્યુરેશન, માર્કિંગ અને લોગીંગ, રોડ એલાઈન્મેન્ટ, એન્જીનિયરીંગ, વર્કીંગ પ્લાન અને ઈકોલોજીકલ સેન્સસ ટેક્નીક વગેરેની પણ તાલીમ આપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, જરૂરિયાત મુજબ રીમોર્ટ સેન્સિંગ, ફોટોગ્રાફી, મોટર મેકનીક, વેપન ટ્રેનીંગ અને શારીરિક તંદુરસ્તી માટે પીટી, ફર્સ્ટ એઈડ, પરેડ, સાઈકલિંગ, યોગા, સ્વિમીંગ, યોગા અને મેડિટેશન વગેરેની તાલીમ પણ તાલીમાર્થીઓ પ્રાપ્ત કરે છે. આ કાર્યક્રમમાં બિહાર રાજ્યના તાલીમાર્થીઓને એડિશનલ પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (રીસર્ચ એન્ડ ટ્રેનિંગ) એ. કે. દ્વિવેદી અને ચિફ કન્ઝર્વેટર, સુરેન્દ્ર સિંગ, જી.એફ.આર.સી. રાજપીપલાના પ્રિન્સિપલ ડૉ. એસ. કે. બેરવાલ (IFS), રાજપીપલાના વાઈસ પ્રિન્સિપલ ડૉ. જે.જી. ચૌધરીએ ગુજરાત ફોરેસ્ટ રેંજર્સ કોલેજ તરફથી તાલીમાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં જાફરાબાદના યુવકનું મોત

રાજુલા: ભાવનગર સોમનાથ હાઈવે પર ટીંબી ગામ નજીક ભાડા ચોકડી નજીક બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક જાફરાબાદના યુવકનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે નાગેશ્રી પોલીસ મથકમાં ટ્રક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. બાઈક લઈને ટીંબીથી જાફરાબાદ જઈ રહ્યાં હતા અને ભાડા ચોકડી નજીક ડિવાઈડર પાસેથી રોડ ક્રોસ કરી રહ્યાં હતા ત્યારે નાગેશ્રી તરફથી આવી રહેલા જીજે-૦૪-ડબલ્યુ-૪૯૭૯ નંબરના ટ્રકે તેમની બાઈકને અડફેટે લેતા અમીનભાઈને માથાના પાછળના ભાગે અને ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને સારવાર માટે ઉના ખાતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યું થયું હતું.

## માધાપરના ખેડૂત ભાઈઓ સાથે ખારેકનો સોદો કરી 3.30 લાખની ઠગાઈ

ભુજ: માધાપરના ખેડૂત બે ભાઈઓ પાસેથી ગામના જ આરોપીએ ખારેકનો સોદો કરી તે ખારેક સુરતના વેપારીને વેચી મારી નાણા ન આપીને રૂપિયા ૩,૩૦,૨૪૯ની છેતરપીંડી વિશ્વાસઘાત કરતાં આરોપી વિરૂધ્ધ માધાપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. માધાપર નવાવાસમાં રહેતા અને પુરાસર રોડ પર શ્રી રામ ફાર્મ નામે વાડી ધરાવતા કિશોર ખીમજીભાઈ હિરાણી નામના ખેડૂતે માધાપર જુનાવાસમાં રહેતા આરોપી મોહમદસાહિલ ઈશાક ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી છે. બનાવ ગત જુલાઈ ૨૯ અને ૩૧ દરમિયાન ફરિયાદીની વાડી પર બન્યો હતો. આરોપીએ ફરિયાદી પાસેથી અને ફરિયાદીના ભાઈ વાલજીભાઈ પાસેથી ખારેકનો સોદો કર્યો હતો.

### શાળા કક્ષાએથી ખુલાસો

## વેકેશનમાં શાળા શરૂ રાખનાર છ ખાનગી શાળા સંચાલકોને કારણદર્શક નોટિસ

(એજન્સી) ભાવનગર | તા. 15

હાલ ચાલી રહેલાં દિવાળી વેકેશનમાં શાળા શરૂ રાખનાર શહેરની છ ખાનગી શાળા સંચાલકોને જિલ્લા શિક્ષણાધિકારીએ કારણદર્શક નાટિસ આપી બે દિવસમાં ખુલાસો કરવા તાકિદ કરી છે. દિવાળી વેકેશન પુરૂ થવામાં ગણતરીના દિવસો બાકી છે ત્યારે વેકેશનના અંતિમ દિવસોમાં જિલ્લા શિક્ષણાધિકારીએ કરેલી આકસ્મિક કામગીરી શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બની છે. વિદ્યાર્થીઓને ભણતરના ભારથી મુક્ત રાખવા શાળાકક્ષાએથી વર્ષમાં બે વખત વેકેશન આપવામાં આવે છે. જે સંમય દરમિયાન શિક્ષણ કાર્ય પર રોક હોય છે. આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં ગત તા.૨૮થી ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

જે આગામી તા.૧૭ના રોજ પૂર્ણ થશે અને તા.૧૮ને સોમવારથી શાળાઓ ફરી વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠશે. પરંતુ, હાલ ચાલી રહેલાં વેકેશન દરમિયાન અમુક શાળાઓએ નિયમોનું ઉલ્લંઘન કરી શિક્ષણ કાર્ય શરૂ રાખ્યું હોવાનું ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ધ્યાને આવ્યું છે. જેના પગલે આજે જિલ્લા શિક્ષણાધિકારીએ શહેરની વિવિધ શાળાઓમાં આક્સ્મિક તપાસ હાથ ધરી હતી. જેમાં શહેરની વિદ્યાધીશ વિદ્યાસંકુલ, સરદાર પટેલ હાઈસ્કૂલ, જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ અને નચિકેતા હાઈસ્કૂલ સહિતની છ ખાનગી શાળામાં અભ્યાસકાર્ય શરૂ હોવાનું જણાઈ આવ્યું હતું.

## જુના ઘરે દિવાળી કરવા ગયેલા પરિવારના બંધ ઘરના તાળા તૂટયા

(એજન્સી) ભાવનગર | તા. 15

પોલીસ ફરિયાદ અજાણ્યા ચોર સામે બોરતળાવ પોલીસ મથકમાં નોંધાતા બોરતળાવ પોલીસે તપાસ હાથ ધરી છે. ઘરમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમોઓ મેઈન ગેઈટનો નકુચો તોડી ઘરની ચીજ વસ્તુઓ વેર-વિખેર કરી કબાટની લોખંડની તિજોરી તોડી તિજોરીમાં રહેલી સોનાની કાનની કડી, નાકનો સોનાનો દાણો, સોનાની વીંટી, બે સોનાના ઓમકાર, રોકડા રૂ.૫૦,૦૦૦ તથા ઘરમાં રહેલી ટીપોઈ, ઈલેક્ટ્રીક સ્ટવ અને કાચનો સેટ સહિત કુલ રૂ.૭૯,૦૦૦ની મત્તાની ચોરી કોઈ અજાણ્યો ઈસમ કરી ગયો હતો. આ અંગે હંસાબેન સુભાષચંદ્ર ગોહિલે બોરતળાવ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## મનગમતા સ્ટાફની જ ભરતી કરવાનું સુનિયોજિત ષડયંત્ર!

# હાઈકોર્ટના આદેશની અવગણના કરી કચ્છ યુનિ.એ હાથ ધરેલી ભરતી પ્રક્રિયા

(એજન્સી) ભુજ | તા. 15



ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના ૫૨( બાવન) બિન શૈક્ષણિક કર્મચારીઓનો કોર્ટમાં કેસ ચાલે છે, એ કેસમાં જયાં સુધી ચુકાદો ન આવે ત્યાં સુધી વર્ગ- ૩ અને ૪ના કર્મચારીઓની બિલ્કુલ ભરતી કરવી નહીં તેવો હાઈકોર્ટનો કચ્છ યુનિ.ના સતાવાળાઓને લેખિતમાં આદેશ હોવા છતાં કચ્છ યુનિ.ના સતાધીશોએ સરમુખત્યારવલણ અખત્યાર કરી કોર્ટના આદેશને અવગણના કરી ઉપરવટ જઈને આડેધડ ભરતી કરી તમામ નીતિ નિયમોને નેવે મુકી ભરતી રૂપી ભ્રષ્ટાચાર આચરતા સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરી યુનિ.ના સતાવાળાઓને પદ પરથી દૂર કરી પગલાં ભરવા માંગ ઉઠી છે.

કચ્છ યુનિ.માં કુલપતિ દ્વારા બિન શૈક્ષણિક કર્મચારીઓની અને આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર અને સેક્શન ઓફિસર અધિકારીઓની પોસ્ટ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેમાં, મનમેળ યુકત ઉમેદવારોને જ લેવા માટેનું આખું સુનિયોજિત સાયલન્ટ મોડમાં ષડયંત્રનો ચક્રવ્યુહ રચી ભ્રષ્ટાચાર કરાયું છે. આ સમગ્ર ભરતી પ્રક્રિયાને રદ કરવાની માંગ ઉઠી રહી છે ત્યારે બાવન કર્મચારીઓનો કોર્ટમાં કેસ ચાલે છે જે કેસનો જયાં સુધી નિવેડો ન આવે ત્યાં સુધી વર્ગ- ૩-૪ના કર્મચારીઓની ભરતી ન કરવા કચ્છ યુનિ.ના સતાવાળાઓને સુચના છે તેમ છતાં કોર્ટના આદેશની અવગણના અને નીતિ નિયમોથી ઉપરવટ જઈને યુનિ.ના સતાવાળાઓએ ભરતી પ્રક્રિયા હાથ ધરી દીધી અને તેમાં પણ અગાઉથી નક્કી થયેલા ઉમેદવારોને જ લેવાની ગોઠવણ થઈ ગઈ છે. આ અંગે યોગ્ય તપાસ કરી ભરતી પ્રક્રિયા રદ કરી અને યુનિ.ના સતાવાળાઓ સામે પગલાં ભરવા કચ્છ કોંગ્રેસના નિતેશ લાલન દ્વારા મુખ્યમંત્રી, કેબીનેટ શિક્ષણ મંત્રી સહિતનાઓ સમક્ષ રજુઆત કરાઈ છે.

## ખેડૂતોએ વાવણી પહેલા/વાવણી સમયે લેવાના થતા પગલા

પાલનપુર | માહિતી બ્યુરો

રાઈના પાકમાં મોલો-મશી, રાઈની માખી જેવી પાન કળી, ફૂલ તેમજ શિંગને નુકશાન કરતી જીવાતો તથા ભૂકી છારો, તળછારો અને સફેદ ધેરૂ જેવા રોગોના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતોએ વાવણી સમયે વિવિધ પગલા લેવાના થાય છે. રાઈના પાકમાં સંકલિત રોગ- જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલા/વાવણી સમયે લેવાના પગલામાં તળછારો રોગને અટકાવવા માટે બે થી ત્રણ વર્ષ માટે પાકની ફેરબદલી કરવી, રોગિષ્ટ અવશેષોનો નાશ કરવો, રોગમુક્ત પ્રમાણિત બિયારણની પસંદગી કરવી, જીએમ ૭ ગુજરાત આણંદ રાઈ -૮ જેવી ભૂકી છારો રોગપ્રતિકારક નવીન જાતો વાવેતર કરવાની ભલામણ છે, બિયારણને વાવતા પહેલાં ફૂગનાશક દવા થાયરમ અથવા કેપ્ટાન અથવા એપ્રોન ૩૫ એસ ડી નો ૬ ગ્રામ/ કિ. ગ્રા. બીજ દીઠ ૫ટ આપવો.

# ઘરવેરો વસુલવા વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમને મ્યુનિ. સ્ટન્ડિંગે મંજૂરી આપી

## ફૂડ સેફટી ઓફિસરની નિમણૂંક અને ફૂડ સેમ્પલના પૃથ્થકરણ માટે લેબોરેટરી શરૂ કરવાના ખર્ચ માટે મ્યુનિ. સરકારમાં દરખાસ્ત

(એજન્સી) ભાવનગર | તા. 15

ભાવનગર મહાપાલિકામાં આજે ગુરૂવારે સ્ટેન્ડીંગ કમિટિની બેઠક મળી હતી, જેમાં ઘરવેરો વસુલવા વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ સહિતના બે ઠરાવને અધ્યક્ષ સ્થાનેથી મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત કેટલાક કામની રાબેતા મુજબ સમય મર્યાદા વધારવામાં આવી હતી, જ્યારે ફૂડ સેફટી ઓફિસરની નિમણુંક કરવા અને ફૂડ સેમ્પલ પ્રુથ્થકરણ માટે લેબોરેટરી શરૂ કરવાના ખર્ચ માટે સરકારમાં દરખાસ્ત કરવા મંજૂરી આપી હતી. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૬૦ દુકાનની હરરાજીથી નિકાલ કરવા સહિતના ૩૧ ઠરાવને સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

મહાપાલિકામાં આજે મંગળવારે સ્ટેન્ડીંગ કમિટિની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને બંધ બારણે મળી હતી, જેમાં અધ્યક્ષસ્થાનેથી ઘરવેરાનો પાછલો બાકી વેરો ધરાવતા મિલ્કત ધારકોને પ્રોત્સાહિત કરવા વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ-૨.૦ (ઓટીઆઈએસ ૨.૦) યોજના લાગુ કરવાની મંજુરી આપવામાં આવી હતી, જેને આગામી સાધારણ સમગ્ર સભામાં પણ મંજુરી આપવામાં આવશે. આ સ્કીમમાં વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ(ઓટીઆઈએસ ૧.૦) માં જે તે વર્ષની હપ્તાની તમામ રકમ એકસાથે ભરપાઈ કરવાની રહેતી હતી. જ્યારે ઓટીઆઈએસ ૨.૦ માં હપ્તાની રકમને સમગ્ર નાણાંકીય વર્ષ દરમિયાન કોઈપણ સમયે બે ભાગ (પાછલ બાકી + ચાલુ બાકી)માં ભરપાઈ કરવાનું પ્રાવધાન કરેલ છે. વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ(ઓટીઆઈએસ ૧.૦) માં જે તે વર્ષની હપ્તાની ભરપાઈ કર્યા સુધીનું ચાલુ બાકીની રકમનું વ્યાજ ભરપાઈ કરવાનું રહેતુ હતું પરંતુ ઓટીઆઈએસ ૨.૦ માં ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫)દરમિયા જો હપ્તા ભરપાઈ કરવામાં આવે તો ચાલુ વર્ષનું ચડત થયેલ વ્યાજ બાદ મળશે.

યોજના હેઠળ બાકી રકમ ધરાવતા મિલ્કત ધારકોને તેઓની એનરોલ્મેન્ટની જે તે તારીખે કુલ બાકી રકમ (પાછલા વ્યાજ સહિત)નાં એકસરખા પાંચ હપ્તા કરી આપવામાં આવશે અને પ્રથમ હપ્તાની રકમ આગામી તા. ૩૧ માર્ચ-૨૦૨૫ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. ત્યારબાદ આગામી ચાર વર્ષમાં પ્રત્યકે વર્ષે એક હપ્તા સાથે જે તે વર્ષની ચાલુ બાકી વેરાની રકમ ભરપાઈ કરવાની રહેશે.

## નર્મદા NSUI ટીમ એ વિદ્યાર્થીઓ સાથે માં કામલ GNM નર્સિંગ કોલેજની મુલાકાત

ભરત શાહ | રાજપીપળા



માં કામલ નર્સિંગ કોલેજ દ્વારા થયેલ ગેરરીતિ મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવા એ લડત ઉપડ્યા બાદ હવે નર્મદા એન.એસ.યું. ટીમ પણ આ મુદ્દે મેદાન માં આવી છે અને કોલેજ ના વડા ને અઠવાડિયા નું અલ્ટીમેટમ આપ્યું છે. નર્મદા NSUI ટીમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે માં કામલ GNM નર્સિંગ કોલેજની મુલાકાત કરવા માં આવી. એ દરમ્યાન સંસ્થાના જવાબદાર વ્યક્તિ ત્યાં હાજર ન હોવાને કારણે NSUI જિલ્લા પ્રમુખ તેજસ તડવી દ્વારા સંસ્થા ના વડા અનિલ ગોહિલ સાથે ફોન કૉલ પર વાત કરવા મા આવી. જેમાં વિદ્યાર્થીઓ ના વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચા કરવા મા આવી.આ વાત ચિત દરમ્યાન તેજસ તડવી દ્વારા ચિમકિ પણ આપવા મા આવી હતી, જો અઠવાડીયાની અંદર અનિલ ગોહિલ વિદ્યાર્થીઓ ના ડોક્યુમેન્ટ નહિ આપે તો ટીમ NSUI સંસ્થાને તારા બંધી કરશે.

## ભુજમાં ગાંજા સાથે પકડાયેલા યુવકો બે દિવસના રિમાન્ડ પર

ભુજ: પશ્ચિમ કચ્છ સ્પેશીયલ ઓપરેશન ગૃપની ટીમે બાતમી પરથી દરોડો પાડીને ભુજ જી.કે.જનરલ હોસ્પિટલના ગેટ સામે ફુટપાથ પરથી રૂપિયા ૯,૯૬૦ની કિંમતના ૯૯૬ ગ્રામ ગાંજા સાથે રીઢા આરોપી સહિત બે યુવકોને ઝડપી પાડયા હતા. તેમના કબ્જામાંથી ગાંજા ઉપરાંત એક લાખનો મોબાઈલ, દોઢ લાખની બુલેટ મોટર સાયકલ અને રોકડ રૂપિયા મળી કુલે ૨,૬૦,૬૪૦નો મુદમાલ કબ્જે કરી બી ડિવિઝન પોલીસ મથકે એનડીપીએસનો ગુનો દાખલ કરાવ્યો હતો. આરોપીઓને પાંચ દિવસના રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજુ કરતાં અદાલતે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. કોર્ટે આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ આર.આર.પ્રજાપતિ હાજર રહી દલીલો કરી હતી.

### ભાદરવા દેવના મેળામા

## ભક્તો ને ધારાસભ્ય ડો.દર્શનાબેન દ્વારા ભોજન સહિતની વ્યવસ્થા કરાઈ



ભરત શાહ | રાજપીપળા

હાલમાં નર્મદા જિલ્લા ના ભાદરવા દેવ ના મેળા મા મોટી સંખ્યા માં શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે અને અનેક રાજ્યો માંથી પગપાળા સંઘ પણ આવતો હોય જે આ મંદિર અને મેળા નું આકર્ષણ છે ત્યારે આ મેળા અને મંદિરે દર્શનાર્થે જતા ભાવિક ભક્તો ને નાદોદ ના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ દ્વારા ભંડારાનું આયોજન કરી સવાર સાંજ ભોજનની વ્યવસ્થા સાથે રાત્રી વાસ ની વ્યવસ્થા વડિયા જકાત નાકા ની આગળ રાખવામા આવી, જ્યાં ધારાસભ્ય ડો. દર્શનાબેન રાત્રીના સમયે પોતે ભક્તિ ભાવ સાથે ભક્તોને ભોજન પીરસ્યું હતું. જેઓ સાથે તેમનો પરિવાર પણ આ પાવન કાર્યમાં સહભાગી રહી મંડપ સ્થળે ઉપસ્થિત રહ્યો હતો.

## ભાલેજના સરપંચના પતિ અને દીકરાએ મહિલાને માર માર્યો

આણંદ: ઉમરેઠના ભાલેજ ગામે કબ્રસ્તાનની જગ્યામાં ફેન્સિંગ કરવા બાબતે ગામના મહિલા સરપંચના પતિ અને દીકરાએ મહિલાને માર માર્યો હતો. આ અંગે ભાલેજ પોલીસે પિતા-પુત્ર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાલેજ ગામના ખ્રિસ્તી મહોલ્લાની બાજૂમાં ખ્રિસ્તી સમાજના કબ્રસ્તાનની જગ્યા આવેલી છે. છેલ્લા ઘણા વર્ષોથી પંચાયત દ્વારા જગ્યા ફાળવવામાં આવી છે. આ જગ્યા ખુલ્લી હોવાથી તાજેતરમાં સમાજના લોકોએ એકત્ર થઈ આ જગ્યા ફરતે ફેન્સિંગ કરવાનું નક્કી કર્યું હતું. જેથી ગત શનિવારે નિર્મળાબેન ઈસુદાસ ચૌહાણ અને સમાજના અન્ય અગ્રણીઓ કબ્રસ્તાનની જગ્યાએ ફેન્સિંગના એસ્ટીમેટ માટે કોન્ટ્રાક્ટર સાથે વાતચીત કરતા હતા. ત્યારે ગામના મહિલા સરપંચના પતિ મહેબૂબમિયા નબીમિયા ઠાકોર અને તેનો દીકરો આફરીન ત્યાં આવ્યા હતા.

### સરકારશ્રી દ્વારા મળેલ ૧ કિલો બાવટામાંથી ૮ કવિન્ટલ બાવટાનું ઉત્પાદન મેળવ્યું

# પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા ચતુરભાઈ અને એમના ધર્મપત્નીનું સન્માન કરાયું

દિપક રાવલ | દાહોદ



ગુજરાત રાજ્યમાં ધાન્ય પાકોમાં નાગલીને ઉત્તમ ગણવામાં આવે છે. નાગલી પાક એ આદિવાસીઓનો મુખ્ય ખોરાક છે. નાગલીનું વાવેતર મોટેભાગે ગુજરાતમાં ડાંગ, વલસાડ, નવસારી, તાપી તેમજ પંચમહાલ જિલ્લાઓમાં થાય છે. નાગલીને રાગી અથવા બાવટાના નામે પણ ઓળખવામાં આવે છે. આદિવાસી લોકો નાગલીના રોટલા બનાવીને ખાય છે. ઉપરાંત તેનો ઉપયોગ બિસ્કિટ, ચોકલેટ, ટોસ્ટ, નાનખટાઈ, વેફર અને પાપડી જેવી વિવિધ વાનગીઓ બનાવવામાં થાય છે. સાથે નાગલીની પરાળ પણ પાલતુ પશુઓ માટે પોષક તત્વોથી ભરપૂર એવો ઉત્તમ ખોરાક છે.

નાગલી એ પોષક તત્વોથી ભરપૂર તૃણ ધાન્ય પાક છે. તેના દાણામાં વધુ રેસા, ગુણવત્તા પ્રોટીન, ખનીજ તત્વ ઉપરાંત વિટામિનનું પ્રમાણ વધારે હોવાથી તે ડાયાબિટીસ અને હૃદયરોગના દર્દીઓ માટે ખુબ જ ફાયદાકારક છે. અન્ય ધાન્ય પાકો કરતાં નાગલીમાં કેલ્શિયમ અને આર્યનનું પ્રમાણ વિશેષ હોવાથી કુપોષણ દૂર કરવામાં અને બેબી ફૂડ બનાવવામાં તેનો ઉપયોગ વધારે કરવામાં આવે છે.સરકારશ્રી દ્વારા ખેડૂતોને ગામ દીઠ ૧૦ ખેડૂતોને ૧ કિલો નાગલીનું બિયારણ વાવેતર અર્થે વિનામૂલ્યે આપવામાં આવે છે, જેનો મૂળ હેતુ ખેડૂતો મિલેટ પાક તરફ પાછા વળે, આવનાર પેઢી અને સમાજનું ભવિષ્ય તંદુરસ્ત અને નિરોગી રહે ઉપરાંત ખેડૂતો પોતે પણ આર્થિક રીતે સદ્ધર થાય, આત્મ નિર્ભર બને અને પોતાના પરિવારને ગુણવત્તા યુક્ત ખોરાક આપી શકે. ગુજરાત રાજ્યના પૂર્વ છેવાડે આવેલો દાહોદ જિલ્લો એ મોટેભાગે આદિવાસી વિસ્તાર ધરાવતો જિલ્લો છે. દાહોદ જિલ્લામાં કુલ ૬૦૦૦ જેટલા ખેડૂતોને વિનામૂલ્યે ખેડૂત દીઠ ૧ કિલો નાગલીનું બિયારણ આપવામાં આવ્યું હતું. એમાંના એક ખેડૂત એટલે દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં આવેલા ભોરવા ગામના પ્રગતિશીલ ખેડૂત ચતુરભાઈ સંગાડાને આ ચોમાસા દરમ્યાન ખેતીવાડી વિભાગ તરફથી ૧ કિલો નાગલીનું બિયારણ વિનામૂલ્યે મળ્યું હતું. ચતુરભાઈ તેમજ તેમના પત્નીએ આ ધાન્યનું વાવેતર કરીને ખુબ સારી માવજત કરી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમે આયોજિત અને શિસ્તબદ્ધ રીતે કાર્યો સરળતાથી પૂર્ણ કરી શકશો. જો પૈસા ઉધાર આપવામાં આવ્યા હોય અથવા ક્યાંક અટવાયા હોય તો આજે તે પરત આવવાની પ્રબળ સંભાવના છે.



**વૃષભ (બ,વ,ઉ)**

ભૂતકાળમાં થયેલી કોઈપણ ભૂલ તમારી ઉર્જાનું કારણ બનશે અને તેમાંથી શીખીને તમે આજનો દિવસ સારો બનાવશો. નજીકના મિત્રો સાથે ખાસ મુદ્દાઓ પર પણ ફાયદાકારક ચર્ચા થશે.



**મિથુન (ક,છ,ઘ)**

જો લાંબા સમયથી કોઈ દિલની ઈચ્છા અટવાયેલી હતી તો આજે તે પૂરી થઈ શકે છે. પ્રોપર્ટી સંબંધિત કોઈપણ પેન્ડિંગ કામનો ઉકેલ આવશે. ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં પણ તમારી રૂચિ વધશે.



**કર્ક (ડ,હ)**

નજીકના લોકો સાથે વાતચીત થશે અને પરસ્પર ફરિયાદો દૂર થશે. યુવાનોને તેમના કરિયર સંબંધિત કોઈ સારા સમાચાર મળી શકે છે. તમને કોઈ નજીકના સંબંધીની મુલાકાત લેવાનું આમંત્રણ મળી શકે છે.



**સિંહ (મ,ટ)**

કેટલાક પડકારો આવશે, પરંતુ તે તમારી મહેનત અને ક્ષમતા સામે ટકી શકશે નહીં. વ્યવસ્થિત દિનચર્યા રાખીને, તમે તમારી અન્ય પ્રવૃત્તિઓ માટે પણ સમય શોધી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**

રોજબરોજની કંટાળાજનક દિનચર્યામાંથી રાહત મેળવવા માટે તમે તમારી ઈચ્છા મુજબ દિવસ પસાર કરશો. ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વિશ્વાસ તમને સકારાત્મક ઉર્જા પ્રદાન કરશે.



**તુલા (ર,ત)**

આજે તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડો સમય આરામ અને આનંદ માટે કાઢશો. તમને તમારા બાળકો તરફથી પણ કેટલાક સારા સમાચાર મળશે. વિદેશ જવાનો લોકોને આજે કોઈ સારા સમાચાર મળી શકે છે.



**વૃશ્ચિક (ન,ય)**

દિવસ સામાન્ય રહેશે. તમારા વર્તન સાથે યોગ્ય વ્યવસ્થા જાળવો અને સમય પ્રમાણે તમારી જીવનશૈલીમાં પણ બદલાવ લાવો. તેનાથી ઘણી સમસ્યાઓ આપોઆપ હલ થઈ જશે.



**ધન (ભ,ધ,ફ)**

આજે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થશે. જો કોઈ કાયદાકીય કાર્યવાહી ચાલી રહી હોય તો તેમાંથી રાહત મળવાની ઉચિત શક્યતા છે. ઘણા ચાલુ મુદ્દાઓ પણ વાતચીત દ્વારા ઉકેલ મળશે.



**મકર (ખ,જ)**

તમે તમારી દિનચર્યામાં સકારાત્મક ફેરફારો અનુભવશો. કોઈપણ પારિવારિક સમસ્યામાં તમારી હાજરી અને સલાહ મહત્વપૂર્ણ રહેશે. યોગ્ય ઉકેલ પણ મળી જશે.



**કુંભ (ગ,શ,સ)**

જોખમી કાર્યો પર ધ્યાન ન આપવાથી તમે ઘણી સમસ્યાઓથી બચી જશો તમારા મહત્વપૂર્ણ કાર્યોમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. આ સમયે હાથ ધરવામાં આવેલ કોઈપણ મહત્વપૂર્ણ યાત્રા ખૂબ જ સાર્થક પરિણામ આપશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમને કેટલાક બાહ્ય સંપર્કો સાથે મળવાની તક મળશે અને તમે નવા વિચારોથી ભરપૂર રહેશો. બાળકોને માર્ગદર્શન આપવાથી તેમનો આત્મવિશ્વાસ અને મનોબળ વધશે.

### સ્વિગી ઈન્સ્ટામાર્ટ પીવાયડી રિટેલ, ભગવતી સ્ટોર્સ, ગેટમેક્સ ગ્લોબ, ફોક્લો ટેકનોલોજીસ પર આધાર રાખે છે

# બ્લિન્કિટ, ઈન્સ્ટામાર્ટ, ઝેપ્ટોની અયોગ્ય વેપાર પ્રથાને કારણે 3 કરોડ વેપારીઓને અસર

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી)એ આરોપ લગાવ્યો હતો કે, ભારતમાં ક્વિક કોમર્સ કંપનીઓ દ્વારા ઘણાં બધાં ઘરેલૂ કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે. જે કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે, તેમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) નિયમો, કોમ્પિટિશન એક્ટ અને કન્ઝયૂમર પ્રોટેક્શન એક્ટનો સમાવેશ થાય છે. ક્વિક કોમર્સ કંપનીઓ અયોગ્ય બિઝનેસ પ્રથાનો ઉપયોગ કરી છૂટક વિક્રેતાઓ, કિરાણા બજારો, કિરાણાના નાના દુકાનદારોને બજારની બહાર ધકેલી રહી છે. વ્હાઈટ પેપરમાં આ ટ્રેડ બોડીએ દાવો કર્યો હતો કે, ભારતના ટોચના ત્રણ ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ ઝોમેટો બ્લિનકિટ, સ્વિગી ઈન્સ્ટામાર્ટ અને ઝેપ્ટો દ્વારા રૂ.54,000 કરોડથી વધુનું એફડીઆઈ ફંડ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. જેમાંથી માત્ર રૂ.1,300 કરોડ અથવા કુલ ફંડના 2.5 ટકાનો જ વાસ્તવિક સંપત્તિના સર્જન માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જ્યારે બાકીની 50 ટકા રકમનો ઉપયોગ આ ક્વિક ફર્મ્સને થતાં બિઝનેસ નુકસાનની ભરપાઈ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોઈ શકે છે, તેવો અંદાજ છે. કેમ કે, તર્કસંગત ન હોય તેવા ભાવોને કારણે કંપનીઓને નુકસાન થયાનું માનવામાં આવે છે. જે ખોટ આવા ફંડથી પૂરવામાં આવે છે. આ પ્રકારની વૃત્તિ એફડીઆઈ નિયમોના ઉલ્લંઘન સમાન છે. કેમ કે, નિયમ મુજબ, આવા ફંડનો હેતુ અસ્કયામતો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ દ્વારા લાંબા ગાળાની વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. સીએઆઈટીના સચિવે જણાવ્યું હતું કે, અમે આ શ્વેતપત્રની નકલ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા, કન્ઝયૂમર અફેર્સ મંત્રાલય અને તમામ રાજયોના મુખ્યમંત્રીઓને આપીશું. કેમ કે, રિટેલ વેપાર રાજયનો વિષય છે. વધુમાં આ પ્લેટફોર્મ્સ પ્રિફર્ડ સેલર્સની




સાંઠગાંઠ જેવી અયોગ્ય બિઝનેસ પ્રથાનો ઉપયોગ કરીને એફડીઆઈના નિયમો અને કાયદાનું ઉલ્લંઘન કરે છે. એફડીઆઈના નિયમો વિદેશી સમર્થિત બજારોને ઈન્વેન્ટરીને નિયંત્રિત કરવા અથવા રાખવા માટે સ્પષ્ટરૂપે સમજ આપે છે. સીએઆઈટીના અનુસાર, બ્લિનકિટ પાંચ મુખ્ય વિક્રેતાઓ દ્વારા કામ કરે છે. જેમાં કેમેક્સેલ ઈકોમર્સ, ટીએએમએસ ગ્લોબલ, સુપરવેલ કોમટ્રેડનો સમાવેશ થાય છે. સ્વિગી ઈન્સ્ટામાર્ટ પીવાયડી રિટેલ, ભગવતી સ્ટોર્સ, ગેટમેક્સ ગ્લોબ, ફોક્લો ટેકનોલોજીસ પર આધાર રાખે છે. તેમજ ઝેપ્ટો ઈન્વેન્ટરી આધારિત ઈ-કોમર્સ એન્ટિટી તરીકે ઉત્પાદનોની સીધી સપ્લાય કરીને થર્ડ પાર્ટી વિક્રેતાઓને સંપૂર્ણપણે બાયપાસ કરે છે. શ્વેતપત્રમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, આ પ્લેટફોર્મ્સે તેમના પસંદગીના વિક્રેતાઓ સાથે વર્ટિકલ કરારો કર્યા છે, આમ ઉત્પાદન, પુરવઠા, સંગ્રહ, વિતરણ અને કિંમતના દરેક પાસાને નિયંત્રિત કરવામાં આવે છે. જે સ્વતંત્ર વિક્રેતાઓ માટે બજાર એક્સેસને મર્યાદિત કરે છે. ખરીદીના ભાવને પ્રભાવિત કરે છે. તેમજ ગ્રાહકનો વિકલ્પોને પ્રતિબંધિત કરે છે. વધુમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આ પ્લેટફોર્મ પારદર્શક રીતે ગ્રાહકોને વેચાણકર્તાઓ વિશેની માહિતી આપવામાં નિષ્ફળ રહીને ગ્રાહક સુરક્ષા કાયદાનો ભંગ કરી કરે છે. ટ્રેડ બોડીએ જણાવ્યું હતું કે, આવી અયોગ્ય બિઝનેસ પ્રથાઓ ત્રણ કરોડ કિરાણા રિટેલરોની આજીવિકાને જોખમમાં મૂકે છે. જેમાંથી ચોથા ભાગના લોકો દુકાન બંધ કરવા દબાણ અનુભવે છે. આ અહેવાલ વચ્ચે એવું પણ જાળવા મળ્યું છે કે, નિયમનકારો ઝડપી કોમર્સ પ્લેટફોર્મ્સની ચકાસણીનો વ્યાપ વધારી રહ્યાં છે. ગત મંગળવારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથિરિટી ઓફ ઈન્ડિયાએ ઈ-કોમર્સ અને ક્વિક કોમર્સ ફૂડ બિઝનેસ ઓપરેટરોને તાકીદ કરી હતી કે, તેઓ ગ્રાહકોને ડિલિવરી સમયે ઉત્પાદનોની સમાપ્તિના 30 ટકા અથવા 45 દિવસની લઘુત્તમ શેલ્ફ લાઈફ સુનિશ્ચિત કરે. ગત મહિને સેન્ટ્રલ કન્ઝયૂમર પ્રોટેક્શન ઓથોરિટીએ પણ ક્વિક અને ઈ-કોમર્સ કંપનીઓને એમઆરપી અને તેમના પ્લેટફોર્મ પર નાશ પામેલા માલ માટે બેસ્ટ બિફોર તારીખો દર્શાવીને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ લીગલ મેટ્રોલોજી પેકેજ્ડ કોમોડિટી રૂલ્સ 2017 હેઠળ નોટિસ ફટકારી હતી.શુક્રવારે ગુરુ નાનક જયંતિ હોવાથી બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ એનએસઈ) ખાતે રજા પાળવામાં આવશે.

# AI ભારતમાં 2028 સુધીમાં રોજગારીની નવી 27.3 લાખ તકોનું સર્જન કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને જનરેટિવ એઆઈને કારણે બેરોજગારી વધી રહી હોવાની ચર્ચા વચ્ચે એક એવો અહેવાલ સામે આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, વાસ્તવમાં એઆઈ રોજગારીની વૃદ્ધિને વેગ આપી શકે છે. જેના પગલે વર્ષ 2028 સુધીમાં ભારતમાં 27.3 લાખ જેટલી નોકરીઓનું સર્જન થશે. આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે, ટેકનોલોજી સંચાલિત ક્ષેત્રો ખાસ કરીને રિટેલ, ઉત્પાદન, શિક્ષણ અને આરોગ્યસંભાળ માટે કુશળ કામદારોના પ્રવાહની જરૂરિયાત ઊભી થશે. એકલા રિટેલ ક્ષેત્રે જ લાખોની સંખ્યામાં નોકરીઓનું સર્જન થઈ શકે છે. જે સોફ્ટવેર એપ્લિકેશન ડેવલપમેન્ટ અને ડેટા એન્જિયરિંગ જેવા ક્ષેત્રોમાં રિસ્કિલિંગ માટેની તકો સર્જી શકે છે. ત્યારબાદ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નોકરીઓની પંદર લાખ તકો સર્જાય તેવી



સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત આરોગ્ય સંભાળ ક્ષેત્રે રોજગારીની નવી આઠ લાખ તકો પેદા થઈ શકે છે. જે અપેક્ષિત રીતે આર્થિક વૃદ્ધિ અને ટેકનિકલ પરિવર્તનને આભારી છે. એક વિરોધાભાસી દ્રષ્ટિકોણ એ પણ છે કે, એક સમયે ભારતની વસ્તીને એક મુખ્ય આર્થિક લાભ રૂપે જોવામાં આવતી હતી. પણ જો આ વસ્તી માટે જરૂરી પ્રમાણમાં રોજગારીની તકો પેદા નહીં થાય તો આ વસ્તી વિસ્ફોટ જવાબદારીમાં ફેરવાઈ શકે છે. આ અહેવાલમાં રજૂ કરાયેલા અભ્યાસના તારણોમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતના વિકાસ એન્જિનોમાં રોજગાર સર્જન માટે એઆઈ એક અગ્રણી ઉત્પ્રેરક હશે. ખાસ કરીને ત્યાં જ્યાં ઉન્નત ટેકનીકલ કૌશલ્યની જરૂરિયાતની ભૂમિકા વિશેષ પ્રમાણમાં રહે છે. આ સ્થિતિ ઉચ્ચ કૌશલ્ય ધરાવતાં લોકો માટે રોજગારીની અનેક તકોનું સર્જન કરશે. સાથે તેમને એક સ્થિર ડિજિટલ કારકીર્દી બનાવવા માટે પણ બળવાન બનાવશે. એક એઆઈ કંપનીના સંસ્થાપકે જણાવ્યું હતું કે, ભારતની વસ્તીના લાભો વિશે ઘણું બધું કહેવામાં, લખવામાં અને પ્રચાર કરવામાં આવ્યું છે. બની શકે કે, ભારતની વસ્તી કોઈ સમયમાં આર્થિક રીતે લાભકારક રહી હોય પણ અમે એ વાતથી સારી રીતે માહિતગાર છીએ કે, આપણી આર્થિક નીતિઓના માધ્યમથી આ લાભ પર કેવી રીતે કર લાદવામાં આવ્યો છે. તેમણે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ભારતના અર્થતંત્રનો 60 ટકાથી વધુ ભાગ સેવા ક્ષેત્રથી પ્રાપ્ત થાય છે.

### લોકપ્રિતિનિધ ગૃહમાં પણ ટ્રમ્પના પક્ષને બહુમતિ મળતા ધારા ઘડવાનું આસાન બનશે

# 93000 ડોલરની ઉંચી સપાટી દર્શાવી બિટકોઈનમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પની નિમણુંક બાદ ક્રિપ્ટોકરન્સીસમાં શરૂ થયેલી રેલીમાં મુખ્ય ક્રિપ્ટો બિટકોઈને છેલ્લા ચોવીસ કલાકમાં ૯૩૦૦૦ ડોલરની સપાટી દર્શાવી ત્યાંથી પાછો ફર્યો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન ઉપરમાં ૯૩૪૪૫ ડોલર જોવાયો હતો. જો કે અન્ય ક્રિપ્ટોસમાં મિશ્ર પ્રવાહ જોવા મળ્યો હતો. અમેરિકાના લોકપ્રિતિનિધ ગૃહમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પના રિપબ્લિકન પક્ષે બહુમતિ મેળવી લેતા ક્રિપ્ટો કરન્સીસ સંબંધિત વિસ્તૃત કાયદા બનાવવાનો માર્ગ મોકળો થયો છે.



અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધુ કપાત આવવાની આશાએ પણ ક્રિપ્ટો વેપારને ટેકો પૂરો પાડયો છે. બુધવારે આવેલા અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષા પ્રમાણે રહ્યા છે જેને કારણે વ્યાજ દરમાં વધુ કપાત આવવાની શકયતા વધી ગઈ છે. ક્રિપ્ટોકરન્સીસ સંદર્ભમાં ટ્રમ્પ વહીવટીતંત્ર કેવા અને કેટલા ઝડપી નિયમનો લાવે છે તેના પર પણ બજારની મીટ રહેલી છે. ક્રિપ્ટોકરન્સીસની એકંદર માર્કેટ કેપ વધી ૩.૧૫ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી. બિટકોઈન મોડી સાંજે ૯૦૬૫૯ ડોલર કવોટ થતો હતો. જ્યારે એથરમ ઘટી ૩૧૫૯ ડોલર રહ્યો હતો. હાલમાં ચર્ચામાં રહેલા એલન મસ્કના પીઠબળ સાથેના ડોજકોઈનમાં સુધારાની ચાલ જળવાઈ રહી હતી. ડોજકોઈન નીચામાં ૦.૩૬ ડોલર અને ઉપરમાં ૦.૪૩ ડોલર થઈ મોડી સાંજે ૦.૩૯ ડોલર બોલાતો હતો.

# ગુજરાતનું 'ખાટલા વર્ક' ફ્રાન્સ-ઈટાલી જેવા દેશોમાં વખણાયું



(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે આગવી ઓળખ ધરાવતાં અમદાવાદ તેની અવનવી પારંપારિક કળાઓ માટે પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. અમદાવાદનું ખાટલા વર્કની વિશ્વભરમાં માગ વધી છે. ફ્રાન્સ અને ઈટલીમાં આ ખાસ એમ્બ્રોઈડરી કરેલા કાપડની માગ સતત વધતાં અમદાવાદમાં આ કલાના 40 હજારથી વધુ કારીગરો સારી એવી આજીવિકા રળી રહ્યા છે. જરદોશી,મરોડી કલાની માગ વધી અમદાવાદનો ખાનપુર, કાલુપુર, નારોલ અને વટવા ઉપરાંત ધોળકા અને તેની આસપાસના વિસ્તારોમાં 40 હજારથી વધુ ખાટલા વર્કના કારીગરો તાંબાના તાર, દોરી અને મોતીની મદદથી જરદોશી, મરોડી જેવા નામથી ઓળખાતા ખાટલા વર્ક કરી રહ્યા છે. ટેક્નોલોજીના યુગમાં તેની માગ વિશ્વના અન્ય દેશોમાં પ્રસરી રહી છે. અત્યંત બારીકાઈથી અને કુશળતાપૂર્વક ખાટલા પર કાપડ ભરાવી થતાં આ જરદોશી, મરોડી વર્ક સમય અને કૌશલ્ય માગી લે છે. આ અંગે અમદાવાદના ટેક્સટાઈલ નિષ્ણાત વિજયભાઈએ જણાવ્યું કે, આ કલાની માગ યુરોપના દેશોમાં સૌથી વધુ છે. અમદાવાદમાં આ કારીગરી કરતાં કારીગરોની મજૂરી (શ્રમ ખર્ચ) સસ્તી હોવાથી યુરોપની મોટી-મોટી કંપનીઓ લેબર ખર્ચ ઘટાડવા અમદાવાદમાં મોટાપાયે ઓર્ડર આપે છે. અહીંથી એમ્બ્રોડરી કરેલા કાપડની નિકાસ થાય છે. બાદમાં યુરોપના દેશોમાં તેનું સિલાઈ કામ કરી તેને મેડ ઈન ફ્રાન્સ અને મેડ ઈન યુરોપ તરીકે બજારમાં વેચવામાં આવે છે.

### માલસામાનની ઝડપી ડિલિવરી માટે તાજેતરના સમયમાં ક્વિક કોમર્સ જાણીતા થયા છે

# રિટેલ કિરાણાનો 1.28 અબજ ડોલરનો વેપાર ક્વિક કોમર્સ તરફ ખેંચાઈ જશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

દેશમાં ક્વિક કોમર્સના વધી રહેલા વ્યાપને પરિણામે વર્તમાન વર્ષમાં રિટેલ કિરાણા દૂકાનોનો અંદાજે ૧.૨૮ અબજ ડોલરનો વેપાર તે તરફ ખેંચાઈ જવાની ધારણાં મૂકવામાં આવી છે. એક ખાનગી પેઢી દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં ૪૬ ટકા રિટેલ ખરીદદારોએ કિરાણા સ્ટોર્સ કરતા ક્વિક કોમર્સ મારફત ખરીદી કરવાનું પસંદ કરતા હોવાનું જણાવ્યું હતું. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ મારફત થતા વેચાણમાં ૨૧ ટકા હિસ્સો કિરાણા માલસામાનનો જોવા મળ્યો છે, જે કિરાણા સ્ટોર્સનો વેપાર નવા યુગના પ્લેટફોર્મ્સ તરફ ફંટાઈ રહ્યો હોવાનું સૂચવે છે. દસ શહેરોના ૩૦૦ જેટલા કિરાણા સ્ટોરમાલિકોના હાથ



ધરાયેલા સર્વેમાં ઝડપથી વિકસી રહેલા ક્વિક કોમર્સ પરંપરાગત રિટેલ વેપારને ખૂંચવી રહ્યાનું જણાયું હતું. ૨૦૩૦ સુધીમાં ક્વિક કોમર્સનો વેપાર ૪૦ અબજ ડોલર પહોંચવા ધારણાં છે. બ્લિન્કિટ, ઝેપ્ટો, જિઓમાર્ટ જેવા ક્વિક કોમર્સ મિનિટોની અંદર પ્રોડકટસની ડિલિવરી માટે જાણીતા થયા છે અને મુખ્ય ઓનલાઈન રિટેલ ચેનલ્સ તરીકે ઝડપથી વિકસી રહ્યા છે. ક્વિક કોમર્સના આગમન બાદ ૬૭ ટકા કિરાણા સ્ટોર્સે વેચાણમાં ઘટાડો થયાનું નોંધ્યું છે. ખર્ચમાં સસ્તુ અને ઝડપી ડિલિવરી આજના વપરાશકારોમાં ક્વિક કોમર્સ પસંદગીના બની રહ્યા છે. દરમિયાન વર્તમાન વર્ષના ૧૫ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબરની તહેવારોની મોસમમાં ઈ-કોમર્સ ક્ષેત્ર મારફત વેચાણમાં ૧૨ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. દશેરા-દિવાળીના તહેવારો દરમિયાન થયેલા વેપારનું મૂલ્ય અંદાજે ૧૪ અબજ ડોલરનું રહ્યું હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. આ વધારો ખાસ કરીને નાના શહેરો ખાતેથી જોવા મળ્યો છે.

# અમદાવાદ ચાંદીમાં રૂ. 3500, મુંબઈ સોનામાં રૂ. 1500નું ગાબડુ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15



વિશ્વબજારમાં સોનાચાંદીના ભાવમાં બોલાઈ ગયેલા કડાકાની અસર ઘરઆંગણે કિંમતી ધાતુના ભાવ પર જોવા મળી હતી. અમેરિકામાં ઓકટોબરનો ફુગાવો બજારની અપેક્ષા પ્રમાણે વધીને આવતા ડોલરમાં મજબૂતાઈ આવી હતી. ડોલરની મજબૂતાઈને પગલે સોનાચાંદીમાં ઘટાડો જોવા મળ્યો હતો. ડિસેમ્બરની ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજ દર ઘટવાની અપેક્ષા વધી ગઈ છે કારણ કે ટ્રમ્પની આર્થિક નીતિ હાલ તાત્કાલિક અમલી બને તેવી શકયતા જણાતી નથી. ઘરઆંગણે મુંબઈ બજારમાં ચાંદીમાં રૂપિયા ૨૬૦૦થી વધુ જ્યારે સોનામાં રૂપિયા ૧૫૦૦થી વધુ નીકળી ગયા હતા. અમદાવાદ ચાંદી બુધવારની સરખામણીએ રૂપિયા ૩૫૦૦ તૂટી ગઈ હતી. મિશ્ર અહેવાલો વચ્ચે ક્રુડ તેલમાં મક્કમતા જોવા મળી હતી. ઘરઆંગણે મુંબઈ બજારમાં ૯૯.૯૦ સોનુ દસ ગ્રામ દીઠ બુધવારની સરખામણીએ રૂપિયા ૧૫૨૧ ઘટી જીએસટી વગર રૂપિયા ૭૩૭૩૯ બોલાતું હતું. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ૯૯.૫૦ દસ ગ્રામ સોનાના ભાવ જીએસટી વગર રૂપિયા ૭૩૪૪૪ મુકાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા બોલાતા હતા. મુંબઈ ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૨૬૪૪ ઘટી જીએસટી વગર રૂપિયા ૮૭૧૦૩ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા કવોટ થતા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં ૯૯.૯૦ સોનાના ભાવ દસ ગ્રામ દીઠ રૂપિયા ૭૬૫૦૦ જ્યારે ૯૯.૫૦ના દસ ગ્રામના રૂપિયા ૭૬૩૦૦ બોલાતા હતા. અમદાવાદ સોનામાં દસ ગ્રામ દીઠ રૂપિયા ૧૩૦૦ નીકળી ગયા હતા જ્યારે ચાંદી .૯૯૯ બુધવારની સરખામણીએ રૂપિયા ૩૫૦૦ તૂટી કિલો દીઠ રૂપિયા ૮૮૦૦૦ મુકાતી હતી. વિશ્વ બજારમાં સોનુ વધુ ગબડી પ્રતિ ઔંસ ૨૫૫૪ ડોલર જ્યારે ચાંદી ઔંસ દીઠ ૩૦.૦૫ ડોલર બોલાતી હતી.

### બળતણ અને પાવરના મોંઘવારી દરમાં ઘટાડો

# દેશમાં જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો, ઑક્ટોબરમાં 2.36 ટકાએ પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

દેશમાં સતત મોંઘવારીનું સામ્રાજ્ય વધતું જઈ રહ્યું છે. ગત ઑક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દરે વધારો નોંધાવ્યો છે. આ ફુગાવાનો દર 2.36 ટકાએ પહોંચી ગયો છે. સપ્ટેમ્બરમાં પણ મોંઘવારી દરમાં વધારો જોવા મળ્યો હતો. આ મોંઘવારી દર વધીને 1.84 ટકાએ પહોંચી ગયો હતો. જથ્થાબંધ મોંઘવારીની આ દર અનુમાન કરતાં વધુ છે અને ઑક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારી દર 2.20 ટકા રહેવાનું અનુમાન હતું. ઑક્ટોબર મહિનામાં બળતણ અને પાવર ક્ષેત્રમાં મોંઘવારી દરમાં ઘટાડો જોવા મળ્યો છે, અને આ નેગેટિવમાં આવ્યો છે. ઑક્ટોબરમાં ફ્યૂઅલ એન્ડ પાવર સેગમેન્ટની મોંઘવારી દર ઘટીને -5.79 ટકા પર આવી ગયો છે. ખાદ્ય વસ્તુઓનો જથ્થાબંધ મોંઘવારી દર ઘટીને 3.37 ટકા અને ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગૅસનો મોંઘવારી દર ઘટીને 0.41 ટકા પર આવી ગયો છે. ઑક્ટોબરમાં ખનિજોનો જથ્થાબંધ ફુગાવાનો દર ઘટીને -1.67 ટકા અને બિન-ખાદ્ય ચીજોનો ફુગાવાનો



દર -0.37 ટકાના દરે દેખાયો છે. સપ્ટેમ્બરની સરખામણીએ કેટલાક વિસ્તારોમાં પરિવર્તન જોવા મળ્યું છે. દેશમાં અગાઉ છૂટક મોંઘવારી દર વધ્યા બાદ હવે જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો જોવા મળી રહ્યો છે. ઑક્ટોબર મહિનામાં 11.59 ટકા આવી ગયો છે. જે સપ્ટેમ્બર મહિનામાં 9.47 ટકા હતો. પ્રાઈમરી આર્ટિકલ્સનો મોંઘવારી દર ઑક્ટોબર મહિનામાં 8.09 ટકા આવી ગયો છે, અને મેન્યૂફેક્ચર્ડ પ્રોડક્ટની મોંઘવારી દરમાં 1.50 ટકાનો આંકડો આવ્યો છે.

# NTPC ગ્રીન એનર્જી IPO GMPમાં ઘટાડો

(એજન્સી) મુંબઈ । તા. 15

'મહારત્ન' સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઇઝની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, NTPC ગ્રીન એનર્જી લિમિટેડના IPO માટે સબસ્ક્રિપ્શન આવતા અઠવાડિયે શરૂ થવાનું છે. NTPC ગ્રીન એનર્જી IPO માટે ત્રણ દિવસનું સબસ્ક્રિપ્શન 19 નવેમ્બરે ખુલશે અને 22 નવેમ્બર, 2024ના રોજ બંધ થશે. ગ્રે માર્કેટમાં, NTPC ગ્રીન એનર્જી IPO GMP ઘટી રહ્યો છે. ગ્રે માર્કેટની ગતિવિધિઓ પર નજર રાખતી કેટલીક વેબસાઇટ્સ અનુસાર, NTPC ગ્રીન એનર્જી શેર પર રૂ. 3નું પ્રીમિયમ છે. આ 2.78 ટકાના GMPમાં છે. અહેવાલો અનુસાર, NTPC ગ્રીન એનર્જીના IPOને 25 નવેમ્બર ફાઇનલ કરવામાં આવે તેવી શક્યતા છે. વધુમાં, ફાળવણીની સ્થિતિ બંને એક્સચેન્જોની અધિકૃત વેબસાઈટ એટલે કે NSE અને BSE પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. NTPC ગ્રીન એનર્જી IPOની પ્રાઈસ બેન્ડ રૂ. 102 થી રૂ. 108 છે. સરકાર હસ્તકની ગ્રીન એનર્જી કંપનીએ લોટ સાઈઝ 138 શેર રાખી છે. કંપની લોકોને રૂ. 10,000 કરોડના નવા શેર ઓફર કરી રહી છે, જે કુલ આશરે 92.59 કરોડ શેર છે. કુલમાંથી, 75 ટકા લાયક સંસ્થાકીય ખરીદદારો માટે, 15 ટકા ઉચ્ચ નેટવર્થ વ્યક્તિઓ માટે અને 10 ટકા છૂટક ખરીદદારો માટે છે. એનટીપીસી ગ્રીન એનર્જીની ફેસ વેલ્યુ 10 રૂપિયા પ્રતિ શેર છે. તેમજ IPO શેર 27 નવેમ્બરે લિસ્ટ થવાની ધારણા છે. IDBI કેપિટલ માર્કેટ્સ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ, HDFC બેન્ક લિમિટેડ, IIFL કેપિટલ સર્વિસિસ લિમિટેડ અને નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ NTPC ગ્રીન એનર્જી IPO માટે બુક-રનિંગ લીડ મેનેજર છે.

### આવકના 20% રોકાણ માટે રાખી શકાય છે

# માસિક 5,000 રૂપિયાના રોકાણ કરી કેવી રીતે ભેગા થશે 2 કરોડ રૂપિયા

(એજન્સી) મુંબઈ । તા. 15

જો તમારો પગાર રૂપિયા 25,000 છે. તમે નિવૃત્તિ યોજનામાં રૂપિયા 20 એટલે કે રૂપિયા 5,000નું રોકાણ કરી શકો છો. કોઈપણ મ્યુચ્યુઅલ ફંડમાં SIP શરૂ કરો. એવું કહેવામાં આવી રહ્યું છે કે 12 ટકા વાર્ષિક રિટર્ન મળી શકે છે. જો કે, 10 ટકાના દરે રોકાણ પર વળતરની અપેક્ષા રાખવી વધુ વાસ્તવિક છે. જો તમને વધુ વળતર મળે તો એ તમારું નસીબ હશે. જો તમે 10 ટકાના વળતરની અપેક્ષા સાથે SIP દ્વારા માસિક રૂપિયા 5,000નું રોકાણ કરો છો, તો તેને રૂપિયા 2 કરોડ થવામાં 36 વર્ષ લાગશે. જો તમે ઝડપથી રૂપિયા 2 કરોડનું ભંડોળ બનાવવા માંગતા




હોવ તો તમારે રોકાણની રકમ વધારવી પડશે. જેમ જેમ તમારી આવક સમય સાથે વધે છે, તેમ તમે રોકાણની રકમ વધારી શકો છો. આ માટે તમે સ્ટેપ અપ ટેક્નિક અપનાવી શકો છો. તમારા રોકાણની ટકાવારી દર વર્ષે 5% સુધી વધારી શકાય છે. આ વર્ષે SIPમાં રૂપિયા 5,000 અને આવતા વર્ષે રૂપિયા 5,250નો વધારો થઈ શકે છે. આમ, જો તમે તમારું રોકાણ 5 ટકાના દરે વધારતા રહેશો, તો તમને 2 કરોડ રૂપિયાનું ફંડ હાંસલ કરવામાં 33-34 વર્ષ લાગશે. જો તમે શક્ય તેટલું રોકાણ કરશો તો ધ્યેય ઝડપથી પ્રાપ્ત થશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક વદ-01

# સંપત્તિના અધિકાર પર મહત્ત્વપૂર્ણ નિર્ણય

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટના નવ ન્યાયાધીશોની પીઠે સંપત્તિના અધિકાર પર આપેલ એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં લાંબા સમયથી ચાલી આવતી કાનૂની વિસંગતને સીમિત અર્થમાં જ પણ સુધારી લીધી. આ ચુકાદા પહેલાં વિભિન્ન કાયદા અને નિર્ણયોને કારણે સરકારો પાસે ખાનગી સંપત્તિને 'જાહેર હિત'નો ઉલ્લેખ કરીને અધિગ્રહણ કરવાનો વ્યાપક અધિકાર મળી ગયો હતો. સાથે જ તેમણે જાહેર અને ખાનગી ક્ષેત્રની સંપત્તઓને સામુદાયિક સંસાધનની શ્રેણીમાં મૂકવાનો પણ મનમાન્યો અધિકાર મળ્યો હતો. આ ઐતિહાસક નિર્ણય પ્રોપર્ટી ઓનર્સ એસોસએશાન ઓફ મુંબઈ વિરુદ્ઘ મહારાષ્ટ્ર સરકારના ૧૯૯૨થી ચાલ્યા આવતા એ કેસમાં આવ્યો છે, જેમાં અરજીકર્તાઓએ મહારાષ્ટ્ર આવાસ અને ક્ષેત્ર વકાસ પ્રાધિકરણ એક્ટ (મ્હાડા)ના ચેપ્ટર આઠને પડકાર્યો હતો. ૧૯૭૬માં પસાર અને ૧૯૮૬માં સંશોધત આ એક્ટ બંધારણના નીત નિર્દેશક સદ્ઘાંત ૩૯(બી)નો હવાલો આપીને ખાનગી સંપત્તના સરકારી અધગ્રહણને યોગ્ય ઠેરવી રહ્યો હતો. અનુચ્છેદ ૩૯(બી) સમુદાયના ભૌતિક સંસાધનોની માલિકી અને નિયંત્રણ એ પ્રકારે વિતરિત કરવાની વાત કરે છે, જેમાં લોકહિતની પૂર્તિ સર્વોત્તમ રૂપે થઈ શકે. ઉપરોક્ત કેસમાં મ્હાડા દ્વારા સંપત્તિના અધકારના હનન ઉપરાંત અનુચ્છેદ ૩૯(બી) પર સ્પષ્ટીકરણની માંગ કરી હતી. અરજીકર્તાઓએ સુપ્રીમ કોર્ટને પૂછ્યું હતું કે ખાનગી સંપત્તિ સામુદાયિક સંસાધનના દાયરામાં આવે છે? સાથે જ આ કેસથી બેંચ સમક્ષ એ પ્રશ્ન પણ ઊભો થયો હતો કે શું સમયાંતરે આવેલાં સંશોધનો બાદ પણ અનુચ્છેદ ૩૧(સી)ની પ્રાસંગિકતા બની રહે છે? એ ઉલ્લેખનીય છે કે ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં કરવામાં આવેલ બેંકોના રાષ્ટ્રીયકરણને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા નરસ્ત કર્યા બાદ ૨૫મા બંધારણીય સંશોધનથી અનુચ્છેદ ૩૧(સી) ને લાવવામાં આવ્યું હતું. આ અનુચ્છેદનું પ્રયોજન એ સુનિશ્ચિત કરવાનું હતું કે અનુચ્છેદ ૩૯(બી) અને ૩૯(સી)ને ન્યાયક સમીક્ષાથી પર રાખી શકાય અને સરકાર દ્વારા સંપત્તઓના અધિગ્રહણ કરવાની સ્થિતિમાં અનુચ્છેદ ૧૪ દ્વારા અપાયેલ સમાનતાના અધિકાર અને અનુચ્છેદ ૧૯(૧) (એફ)માં આપવામાં આવેલ સંપત્તિના મૌલક અધકારને આધાર બનાવીને ન્યાયિક પડકાર ન આપી શકાય. લોકરંજક રાજનીતિ અને વૈચારક ચેષ્ટાથી પ્રેરત આ સંશોધનને કેશવાનંદ ભારતી કેસમાં પડકાર મળ્યો અને સુપ્રીમની ૧૩ જજોની બેંચે પોતાના મહત્ત્વપૂર્ણ ચુકાદામાં અનુચ્છેદ ૩૧(સી)ને કાયદેસર તો ઠેરવી, પરંતુ અધિગ્રહિત સંપત્તઓને ન્યાયિક સમીક્ષાના દાયરામાં રહેવા દીધી. તેના પહેલાં ભૂમિ વિતરણ માટે વધતા દબાણમાં નેહરુ સરકાર દ્વારા લાવવામાં આવેલ પ્રથમ અને ચોથા સંશોધનો પર પણ સર્વોચ્ચ ન્યાયાલયે ગોલકનાથ વિરુદ્ઘ પંજાબ રાજ્ય કેસમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. તેમાં ધારાસભા દ્વારા સંપત્તિના અધિકાર સહિત અન્ય મૌલિક અધકારોને પ્રભાવિત કરતા સંશોધનો પર રોક લગાવી દેવામાં આવી.

## ઘાણો ઘરડા ચેહર માતાજી સેઢાલ મહાકાળી માતાજીને ફુલોની આંગી કરાઇ



## દેવદિવાળીએ ચાણસ્મા પંથકના દેવાલયોમાં દર્શનાર્થીઓની ભીડ જામી

નિતીન ઠાકર : ચાણસ્મા

દેવ દિવાળી એટલે દેવો ની દિવાળી નો તહેવાર દેવદિવાળી ના દિવસે સવાર થી ચાણસ્મા પંથક ના શક્તિપીઠો જેવાકે મંડલોપ સિદ્ધેશ્વરી માતાજી ચંદુમાણા ગોરી,માતાજી સેઢાલ મહાકાળી મંદિરે તેમ જ સાંઈ મંદિર ચાણસ્મા ખાતે દર્શનાર્થીઓ ની ભીડ જામી હતી જ્યારે મંડલોપ સિદ્ધેશ્વરી માતાજી તેમજ સેઢાલ મહાકાળી માતાજી ને ફુલની આકર્ષક ફુલોની આંગી કરાઈ હતી. જ્યારે રૂપપુર સેંધા બિબડીયા સિકોતર માતાજી ના મંદિરે દર્શનાર્થે આવતા ભક્તજનો માટે ભોજન વ્યવસ્થા કરાઈ હતી.

# કણબીપીઠા રોડ પર ટ્રકે બાઈક ને સામેથી અથડાતા ચાલકનું મોત, એક ને ગંભીર ઈજાઓ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકાના કણબીપીઠા ગામ ના માર્ગ ઉપર ટ્રકે બાઈક સાથે અકસ્માત કરતા બાઈક ચાલક નું મોત થયું હતું જ્યારે એક ને ગંભીર ઈજાઓ થયા સારવાર અર્થે લઈ જવાયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર ભાધીયાભાઈ પાંચીયાભાઈ વસાવા, રહે -કાથુડીયા ફળીયુ. નાના સુતખડકા તા. ઉમરપાડા જી-સુરત નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમના ભત્રીજા જીતેન્દ્રભાઈ શંકરભાઈ વસાવા તથા સાથે અવિનાશભાઈ ગોવિંદભાઈ વસાવા બન્ને રહે -નાના સુતખડકા તા.



ઉમરપાડા જી-સુરત નાઓ પોતાની યામાહા એમ ટી મો.સા. GJ-19-BG-8564 ને લઈને દેવમોગરા થી પરત નાના સુતખડકા જતા હતા તે વખતે કણબીપીઠા માંચ ચોકડી તરફ જવાના હાઈવે રોડ ઉપર માંચ ચોકડી તરફથી આવેલ ટ્રક નં રજીસ્ટર નં .RJ-19-GJ-0330 ના ચાલક એ પોતાના કબ્જા માંની ટ્રકને પૂરઝડપે હંકારી લાવી સામે આવતી મોટરસાયકલ નં. GJ-19-BG- 8564 ની મો.સા સાથે એક્સિડન્ટ કરી મો.સા ચાલક-જીતેન્દ્રભાઈ શંકરભાઈ વસાવા ને માથાના તથા શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી તથા અવિનાશભાઈ ગોવિંદભાઈ વસાવા ને શરીરે ગંભીર ઈજાઓ કરી ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# પોઇચા ગામમાં આવેલ સર્વે નંબર. 491 વાળી જમીન પચાવી પાડનાર 6 વિરૂદ્ધ ગુનો દાખલ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઇચા ગામમાં જમીન પચાવી પાડનાર છ શખ્સો સામે ફરિયાદ થતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર મથુરભાઇ ઇચ્છલાભાઇ રોહિત રહે.દીવી, નવી નગરી, તા.કરજણ જી.વડોદરા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમની પોઇચા ગામ માં ખાતા નં.૨૦૦ સર્વે નં.૪૯૧ વાળી સયુંક્ત માલિકીની વડીલો પાર્જીત ખેતીલાયક જમીન તેમની માતા સદાબેને દાણેથી વાવણી કરવા માટે (૧) લખીબેન ઇચ્છલાભાઇ રોહિત (૨) રાયજીભાઇ વસંતભાઇ રોહિત (૩) દિનેશભાઇ વસંતભાઇ રોહિત (૪) બાબુભાઇ મગનભાઇ પરમાર (૫) ધનજીભાઇ છગનભાઇ પરમાર તથા (૬) મોહનભાઇ રતનભાઈ રોહિત તમામ રહે.પોઇચા તા.નાંદોદ જી.નર્મદા નાઓને આપેલ, માતા સદાબેન હયાત હતા ત્યા સુધી જમીનનની ઉપજમાથી ભાગ આપેલ ત્યારબાદ માતા સદાબેન સને. ૨૦૦૩ મા મૃત્યુ પામતા આ તમામે તેમને તથા તેમના ભાઇ જગાભાઇને



આ જમીનમાથી ઉપજનો ભાગ નહી આપતા તેમણે આ જમીનનો કબ્જો છોડવા જણાવવા છતા આ લોકો એ આજદિન સુધી કબ્જો નહી છોડી ગેરકાયદેસર કબ્જો કરી લઇ જમીન પચાવી પાડી ગુનો કરતા રાજપીપળા પોલીસે ગુનો દાખલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે આગલા દિવસે આ જ ફરિયાદી મથુરભાઈ રોહિત એ પોઇચા ગામમાં આવેલ તેમની સર્વે નંબર. ૪૮૮ વાળી જમીન એક મહિલા એ પચાવી પાડી હોવા બાબતે ફરિયાદ આપી હતી અને હાલ સર્વે નંબર ૪૯૧ વાળી જમીન પચાવવા મુદ્દે છ સામે ફરિયાદ કરી છે.

## વડીયા રોયલ સનસીટીમાં રહેતા માછી સમાજના યુવાનનું મોત થતા ઘેરા શોકની લાગણી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના વડા મથક રાજપીપળા પાસે ના વડીયા ની રોયલ સન સિટી માં રહેતા યુવાન નું અચાનક મોત નિપજતા પરિવાર માં માતમ છવાયું છે. મળતી માહિતી અનુસાર શીતલબેન કમલેશભાઈ માછી. રહે. રોયલ સન સિટી.ફેઝ.૩ ઘર નંબર. ૧૦૫ નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના પતિ કમલેશભાઈ બાલુભાઈ માછી ઉ.વ.૩૯ રહે- વડીયા રોયલ સનસીટી નાઓ વડોદરાથી રાજપીપલા આવતા હતા ત્યારે રસ્તા માં અચનાક શ્વાસ લેવામાં તફલીક થતા રાજપીપલા સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જતા ફરજ પરના ડોક્ટરે સારવાર કરતા મૃત જાહેર કર્યા હતા.

# સેટકો ઓટોએ નાણાંકીય વર્ષ 2025ના પહેલા અર્ધવાર્ષિક ગાળા માટે વિક્રમજનક આવક અને એબિટા વૃદ્ધિ જાહેર કરી

(એજન્સી) અમદાવાદ | તા. 15

એમએચસીવી ક્લચીસની ભારતની સૌથી મોટી ઉત્પાદક અને ટ્રક પ્રોડક્ટ્સ માટેની અગ્રણી સપ્લાયર સેટકો ઓટોમોટિવ લિમિટેડે (BSE: 505075, NSE: SETCO) 14 નવેમ્બર, 2024ના રોજ યોજાયેલી તેની બોર્ડ મીટિંગમાં 30 સપ્ટેમ્બર, 2024ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ 2025ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા અને બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે. કંપનીના પરિણામો અંગે સેટકો ઓટોમોટિવના ચેરમેન અને એમડી હરિશ શેઠે જણાવ્યું હતું કે "વધુ એક ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિ નોંધાવતા મને આનંદ થાય છે જેમાં આવક તથા એબિટા બંનેમાં નોંધપાત્ર સુધારા જોવા મળ્યા છે. અમારી કામગીરી ઓરિજિનલ ઈક્વિપમેન્ટ સપ્લાયર્સ (ઓઈએસ) અને ઈન્ડિપેન્ડેન્ટ આફ્ટરમાર્કેટ (આઈએએમ) ચેનલ્સમાં મજબૂત માંગ દર્શાવે છે જેમાં અમે અમારી અપેક્ષા કરતા આગળ નીકળી ગયા છીએ. કોસ્ટ ઓપ્ટિમાઈઝેશન પરના અમારા પ્રયાસોએ નોંધપાત્ર બચત કરાવી છે જે અમારા ઓપરેશનલ માર્જિનમાં સુધારા સાથે જણાઈ આવે છે. અમે સતત અમારા ક્લાયન્ટ્સ સાથે જોડાયેલા છીએ.

બગસરા શહેરમાં રામદેવપીર મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે

# સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા રક્તદાન કેમ્પ તેમજ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

અશોક મણવર : અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં રામદેવપીર મંદિરનાં ત્રીદિવસીય મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મંદિરમાં રામદેવજી મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો જેમાં રામાં મંડળ લોક ડાયરો સાથે ધર્મ સભા સતાધારનાં મહંત વિજય બાપુનાં સાનિધ્યમાં યોજાયો બ્રહ્મલીન મહંત છગન ભગત નાં પ્રવેશ દ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું આ પ્રસંગે નેસડીનાં લવજી ભગતતેમજસંતો મહંતો અને અમરેલીજિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા સહિત મહાનુભાવો તેમજ વિવિધ સામાજિક આગેવાનોએ ઉપસ્થિત રહ્યા દાતાઓને રામદેવપીર મંદિરનાં મહંત ઘુસા ભગત અને જીર્ણોધાર કમિટી વતી સન્માનિત કરવામાં આવ્યા આ પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત



યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ધાર્મિક પ્રસંગની સાથે સામાજિક સેવા નાં ભાગ રૂપે રક્તદાન કેમ્પ તેમજ મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા નાં પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા એ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ તેમજ સિવિલ હોસ્પિટલ સંચાલિત બ્લડ બેંક ની મેડિકલ ટીમ દ્વારા સેવા પૂરી પાડવામાં આવી હતી હાલ દિવાળી નાં તેહવાર માં રક્તદાન ની ખુબ જ અછત હોય કેમ્પ માં મોટી સંખ્યા માં રક્તદાતાઓએ રક્તદાન કરીને માનવતા મહેકાવી હતી તેમજ સર્વ રોગ નિદાન કેમ્પ માં આવનાર તમામ દર્દી ઓને મેડિકલ ચેકઅપ સાથે દવા ઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પ ને સફળ બનાવવા માટે રામદેવ પીર મંદિર જીર્ણોધાર કમિટી નાં સભ્યો એ જહેમત ઉઠાવી હતી.

## સિગ્નેચર ગ્લોબલ પર બ્રોકરેજ ફર્મ્સ ઉત્સાહિત 2,000ની લક્ષ્ય કિંમત સાથે 'બાય' રેટિંગ ઈશ્યુ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા. 15

સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) પર અગ્રણી બ્રોકરેજ ફર્મ્સ તેજીથી આગળ વધી રહી છે. તેમના (સિગ્નેચર ગ્લોબલ) નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિક પરિણામની જાહેરાત પછી, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ અને મોતીલાલ ઓસ્વાલે સિગ્નેચર ગ્લોબલ સ્ટોક પર બાય કૉલ આપ્યો છે. આ ઈ સી આ ઈ સી આ ઈ સિક્યોરિટીઝે 2,007ના લક્ષ્યાંક ભાવ સાથે બાય સલાહ જાળવી રાખી છે, ત્યારે મોતીલાલ ઓસવાલે શેર દીઠ 2,000નો લક્ષ્યાંક આપ્યો છે. ગુરૂવારે 14 નવેમ્બર 2024ના બંધ સમયે કંપનીના શેર 3.41%ના વધારા સાથે 1298.05 પર ટ્રેડ કરી રહ્યા હતા. કુલ માર્કેટ કેપ 18,238.99 કરોડ છે. મોતીલાલ ઓસ્વાલે તેનું 'બાય' રેટિંગ પ્રતિ શેર 2,000ના લક્ષ્યાંક સાથે જાળવી રાખ્યું છે, જેનો મતલબ છે કે શેરના 56% ઉપર જવાની સંભાવના છે. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિકમાં ટાઈટેનિયમ એસપીઆર (ગ્રુપ હાઉસિંગ) અને દક્ષિણ વિસ્ટાઝ (ટાઉનશિપ પ્રોજેક્ટ)ના તાજેતરના લૉન્ચના કારણે બ્રોકરેજે બીજા ત્રિમાસિકમાં વર્ષ-દર-વર્ષ આધાર પર 183%ના વધારા સાથે 27.8 બિલિયન રૂપિયાના મજબૂત પ્રી-સેલ્સની નોંધ લીધી છે. આ પ્રકારે આ ઈ સી આ ઈ સી આ ઈ સિક્યોરિટીઝે પણ 2007 રૂપિયા પ્રતિ શેરના સુધારેલા રેટિંગ સાથે તેનું 'બાય' જાળવી રાખ્યું છે. બ્રોકરેજ ફર્મે નોંધ્યું કે ડેવલપરે નાણાકીય વર્ષ 2021થી લઈને નાણાકીય વર્ષ 2024 સુધી મુખ્યત્વે વ્યાજબી અને મધ્યમ-આવક હાઉસિંગ પ્રોજેક્ટ્સ દ્વારા 63%નું સેલ્સ બુકિંગ સીએજીઆર પ્રાપ્ત કર્યું છે.

## નેશનલ સ્પાઈસ કોન્ફરન્સ 2024ના પ્રથમ દિવસે નિષ્ણાંતોએ ટકાઉ સ્પાઈસ સપ્લાય ચેઈન અને ફૂડ સેફ્ટી વિશે ચર્ચા કરી

(એજન્સી) અમદાવાદ | તા. 15

ઓલ-ઈન્ડિયા સ્પાઈસિસ એક્સપોર્ટર્સ ફોરમ (એઆઈએસઈએફ)ના નોન-પ્રોફિટ ટેક્નિકલ પાર્ટનર વર્લ્ડ સ્પાઈસ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએસઓ)એ અમદાવાદમાં હોટલ ડબલ ટ્રી બાય હિલ્ટન ખાતે નેશનલ સ્પાઈસિસ કોન્ફરન્સ 2024ની ત્રીજી આવૃત્તિના પ્રથમ દિવસનું સમાપન કર્યું હતું, જેનો વિષય "સસ્ટેનેબલ સ્પાઈસિસ સપ્લાય ચેઈન-વે ફોરવર્ડ" હતો. આ કોન્ફરન્સમાં નિષ્ણાંતો અને ઈન્ડસ્ટ્રીના અગ્રણીઓએ સ્પાઈસિસની સુરક્ષા અને સ્થિરતા સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દે ચર્ચા કરી હતી. ડબલ્યુએસઓના ચેરમેન રામકુમાર મેનને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું તથા સ્પાઈસ ઈન્ડસ્ટ્રીમાં સુલક્ષા અને સ્થિરતા સુનિશ્ચિત કરવા સહિયારા પ્રયાસોની મહત્વતા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "આપણા સ્પાઈસિસની સુરક્ષા સુનિશ્ચિત કરવી એક માત્ર જવાબદારી જ નહીં, પરંતુ



આપણા ખેડૂતો અને ગ્રાહકો માટે સ્થિર અને ટકાઉ ભવિષ્યની રચના કરવાની કટીબદ્ધતા છે." સ્પાઈસિસ બોર્ડના સેક્રેટરી હેમલતાએ વૈશ્વિક બજારમાં સ્પાઈસિસની સુરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરતાં વ્યૂહાત્મક પહેલો અને માર્કેટિંગ પ્રથાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "સ્પાઈસ ઈન્ડસ્ટ્રીમાં ખાદ્ય સુરક્ષા સાથે કોઈ બાંધછોડ થવી જોઈએ નહીં. આપણી માર્કેટિંગ વ્યૂહરચનાઓ વિશ્વભરના ગ્રાહકોને સુરક્ષિત અને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત સ્પાઈસિસ ડિલિવર કરવાની અમારી કટીબદ્ધતા દર્શાવે છે." તેમજ આ કોન્ફરન્સ મહત્વપૂર્ણ માહિતીની આપ-લે, ખેડૂતો સાથે ભાગીદારીની રચના કરવા તથા દરેક હીતધારકો માટે વધુ ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યની દિશામાં પ્રગતિને આગળ ધપાવવા અમૂલ્ય તક પ્રદાન કરે છે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝના કોર્પોરેટ અફેર્સના વડા કેએસ ત્યાગરાજને ખેડૂતોની આવક બમણી કરવાના મહાત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ખાદ્ય-સુરક્ષા પ્રથાઓની મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર ધ્યાન દોર્યું હતું.

# મૈરિંગો CIMS હોસ્પિટલ એક જ સ્થળે પાંચ અંગોના પ્રત્યારોપણની સર્જરીમાં અગ્રેસર

(એજન્સી) અમદાવાદ | તા. 15

અગ્રણી આરોગ્યસંભાળ સંસ્થા, મૈરિંગો CIMS હોસ્પિટલ, તેની સૌથી વધુ કૌશલ્ય સાથેની તબીબી પ્રગતિઓમાટે પ્રખ્યાત છે, અને તે તેના અંગ પ્રત્યારોપણ કાર્યક્રમોમાં મહત્વપૂર્ણસીમાચિહ્નરૂપ સિદ્ધિની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. આ હોસ્પિટલ હૃદય, ફેફસા, કિડની, લીવર અને બોન મેરોના પ્રત્યારોપણ માટે પસંદગીના સ્થળ તરીકેપ્રતિષ્ઠા મેળવી અહી છે. હૃદયના 54 ટ્રાન્સપ્લાન્ટ, ફેફસાના 06 ટ્રાન્સપ્લાન્ટ, કિડનીના 124 ટ્રાન્સપ્લાન્ટ, લિવરના 64 ટ્રાન્સપ્લાન્ટ અને બોન મેરોના 240+ ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી આ હોસ્પિટલે અંગ પ્રત્યારોપણ માટેએક શ્રેષ્ઠ કેન્દ્ર તરીકે તેની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. આ પદ્ધતિ વિશ્વભરનાદર્દીઓના જીવન માટે આશા અને જીવન બચાવનાર સારવાર છે. હૃદય અનેફેફસાના ટ્રાન્સપ્લાન્ટનું નેતૃત્વ હાર્ટ-લંગ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ અને મિકેનિકલસર્ક્યુલેટરી (MCS) પ્રોગ્રામના ડાયરેક્ટર ડૉ. ધીરેન શાહ કરે છે, કિડનીટ્રાન્સપ્લાન્ટનું નેતૃત્વ નેફ્રોલોજી એન્ડ કિડની ટ્રાન્સપ્લાન્ટના ડાયરેક્ટર ડૉ. સિદ્ધાર્થમાવાણી કરે છે, લિવર ટ્રાન્સપ્લાન્ટનું નેતૃત્વ ગેસ્ટ્રો સર્જરી અને લીવરટ્રાન્સપ્લાન્ટના ડાયરેક્ટર ડૉ. પુનિત સિંગલા કરે છે, એડલ્ટ બોન મેરોટ્રાન્સપ્લાન્ટનું નેતૃત્વ હિમેટોલોજી, બ્લડ એન્ડ મેરો ટ્રાન્સપ્લાન્ટ સલાહકાર, ડૉ. અંકિત જિતાણી, અને પેડિયાટ્રિક બોન મેરો ટ્રાન્સપ્લાન્ટનું નેતૃત્વ પેડિયાટ્રિકઓન્કોલોજી હેમેટોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કન્સલ્ટન્ટ ડૉ. હેમંત મેન્ધાણીદ્વારા કરવામાં આવે છે. મૈરિંગો CIMS હોસ્પિટલની ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં સફળતાનું રહસ્ય તેનાઅત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તેની અત્યંત કુશળ ટ્રાન્સપ્લાન્ટ ટીમ છે, જેમાંસૌથી પ્રતિષ્ઠિત સર્જનો, નિષ્ણાતો અને તબીબી વ્યાવસાયિકોનો સમાવેશ થાયછે. હોસ્પિટલના ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામમાં 3D ઓર્ગન પ્રિન્ટીંગ, રોબોટિક-આસિસ્ટેડ સર્જરીઓ અને નવીન અંગ જાળવણી તકનીકો સહિતનવીનતમ તકનીકોનો ઉપયોગ કરીને, કિડની, લીવર, હૃદય, ફેફસાં અનેમલ્ટિ-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ જેવી સર્જરીનો સમાવેશ થાય છે. આ પ્રગતિ દ્વારાદર્દીની સારવારના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થયો છે, પોસ્ટ ઓપરેટિવરિકવરીનો સમય ઘટયો છે,

# યુનિવર્સિટી ઓફ વોલોન્ગોંગ ઈન્ડિયાએ ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા કેમ્પસ ખોલ્યું

(એજન્સી) અમદાવાદ | તા. 15

યુનિવર્સિટી ઓફ વોલોન્ગોંગ (યુઓડબલ્યુ) ઈન્ડિયાએ ગુજરાતમાં ગિફ્ટ સિટી ખાતે તેના ઈન્ડિયા કેમ્પસનું ઉદઘાટન કર્યું છે. તેનાથી ભારતીય વિદ્યાર્થીઓ માટે વિશ્વ-કક્ષાના શિક્ષણને સુલભ કરવાના નવા યુગની શરૂઆત થઈ છે. યુઓડબલ્યુ ઈન્ડિયા (યુઓડબલ્યુ ઈન્ડિયા) આ સપ્તાહે માસ્ટર ઑફ ફાઈનાન્શિયલ ટેક્નૉલૉજી, માસ્ટર ઑફ ફાઈનાન્શિયલ ટેક્નૉલૉજી (એક્સ્ટેંશન) અને ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ ઈન ફાઈનાન્શિયલ ટેક્નોલોજીના ક્લાસ શરૂ થશે. ટેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવા આ પ્રસંગે યુનિવર્સિટીએ ફિનટેક શિષ્યવૃત્તિમાં મહિલા આગેવાનોના પ્રથમ લાભાર્થી તરીકે સેરીન એલ્સા જોજીની પણ જાહેરાત કરી હતી. ભારતીય સંસ્થાઓ સાથેના સહયોગને વધુ ગાઢ બનાવવાના તેના હેતુના ભાગરૂપે યુઓડબલ્યુ ઈન્ડિયાએ ઉદ્ઘાટન સમયે ઓડૂ સાથે વ્યૂહાત્મક



ભાગીદારીની જાહેરાત કરી. ઓડૂ એક પ્રખ્યાત ઓપન-સોર્સ બિઝનેસ સોફ્ટવેર સ્યુટ, સીઆરએમ, ઈકોમર્સ, એકાઉન્ટિંગ અને અનેક કામગીરીઓ માટે ટૂલ્સ પૂરા પાડે છે. તેનાથી વિદ્યાર્થીઓ વ્યવહારુ અને ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યો મેળવે તે સુનિશ્ચિત કરી શકાય છે. યુઓડબલ્યુ ગિફ્ટ સિટીમાં લાવી રહ્યું છે એવા વધુ ને વધુ વૈશ્વિક સહયોગીઓમાં ઓડૂનો સમાવેશ થયો છે. આ કાર્યક્રમમાં બોલતા યુનિવર્સિટી ઓફ વોલોન્ગોંગના ચાન્સેલર માઈકલ સ્ટિલે જણાવ્યું હતું કે, "ગિફ્ટ સિટીમાં યુઓડબલ્યુનું કેમ્પસ શરૂ કરવું એ અમારી યુનિવર્સિટી માટે એક નવો ઉત્સાહભર્યો અધ્યાય છે અને અમને ભારતના અદભૂત શૈક્ષણિક વારસાનો ભાગ બનવાનો ખૂબ ગર્વ છે. "સદીઓથી ભારત જ્ઞાન અને ઈનોવેશનનું આગેવાન રહ્યું છે. અમે આ પરંપરાનો ભાગ બન્યાં એ અમારા માટે પ્રેરણાદાયી છે. આ કેમ્પસ માત્ર અમારી વૈશ્વિક પહોંચને વિસ્તારવા વિશે નથી; તે સ્થાયી સંપર્કો બનાવવા અને વિદ્યાર્થીઓ અને સમાજ માટે અર્થપૂર્ણ તકો ઊભી કરવા વિશે પણ છે.' આઈબીએમ આઈસીઈએ યુઓડબલ્યુ ભારતનું પ્રારંભિક, વૈશ્વિક ઉદ્યોગ ભાગીદાર છે. તે અત્યાધુનિક અભ્યાસક્રમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કૉમ્પ્યુટિંગ, બિગ ડેટા અને એનાલિટિક્સ, સાયબર સિક્યુરિટી, ગેમિંગ, કન્ટેક્સચુઅલ મોબિલિટી અને બ્લોકચેન ટેકનોલોજીમાં અભ્યાસક્રમ ઘડવામાં અને ઉદ્યોગોને સાથે લાવવામાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યું છે. યુઓડબલ્યુ ગ્લોબલ એન્ટરપ્રાઈઝિસના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રૂપ સીઈઓ મારીસા માસ્ટ્રોઈન્નીએ જણાવ્યું હતું કે, "ભારતની ઝડપી આર્થિક અને તકનીકી પ્રગતિએ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

## JSW MG મોટર ઈન્ડિયાએ 'MG ચેન્જ મેકર્સ'ની સિઝન 5ની જાહેરાત કરી

(એજન્સી) ગુરુગ્રામ | તા. 15

JSW MG મોટર ઈન્ડિયાએ 'ધ બેટર ઈન્ડિયા' સાથે ભાગીદારીમાં 'MG ચેન્જમેકર્સ' પહેલની પાંચમી સિઝનની શરૂઆત કરી છે. MG ચેન્જમેકર્સ સમગ્ર ભારતમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે જીવન સમર્પિત કર્યું હોય અને વંચિત સમુદાયોને સશક્ત બનાવ્યા હોય એવી અસાધારણ વ્યક્તિઓને બિરદાવે છે. આ વર્ષની થીમ, 'UnchartedRoads - નીડર નારી, પ્રેરક યાત્રા' છે, જે અંતર્ગત એવી મહિલાઓનું સન્માન કરવામાં આવે છે જેમણે અવરોધોના બંધન તોડ્યા છે, મર્યાદાઓ ફરીથી પરિભાષિત કરી છે અને અજાણ બાબતોમાં નિપુણતા મેળવી છે, તેમની નોંધપાત્ર સિદ્ધિઓ દ્વારા સકારાત્મક સામાજિક પરિવર્તન લાવી રહી છે. MG ચેન્જમેકર એવા અગ્રણી પ્રણેતાઓની પ્રેરક ગાથાઓ શેર કરે છે જેઓ સમસ્યાનું નિરાકરણ કરવા માટે પરંપરાગત અભિગમોથી આગળ વધી ગયા હોય. આ પહેલનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં લાખો લોકોને તેમના પોતાના સમુદાયોમાં પરિવર્તનના માધ્યમ બનવા માટે પ્રોત્સાહિત કરવાનો છે, જે ભારતના ભાવિને ફરીથી આકાર આપી શકે તેવવા સકારાત્મક અસરના પાયાને ઉત્તેજીત કરે છે. JSW MG મોટર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર, બીજુ બાલેન્દ્રને ચેન્જમેકર્સ કાર્યક્રમ અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, "MG ચેન્જમેકર્સ કાર્યક્રમ વિવિધતા, ઈનોવેશન, સમુદાય અને ઉત્તેજક અનુભવોનું સર્જન કરાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે - જે JSW MG મોટર ઈન્ડિયાના ચાર બ્રાન્ડ સ્તંભો છે. અમારી પ્રથમ પ્રોડક્ટ પહેલાં જ શરૂ કરવામાં આવેલી આ અનોખી પહેલ સકારાત્મક સામાજિક પરિવર્તન લાવનારી મહિલા ટ્રાઈલબ્લેઝર્સને બિરદાવે છે. આ પ્રેરણાદાયી મહિલાઓના જીવન અને સિદ્ધિઓનું સન્માન કરીને અને તેમને બિરદાવીને, અન્ય અસંખ્ય લોકોને તેમના પગલે આગળ વધવા માટે સશક્ત બનાવવાનું અમારું લક્ષ્ય છે." MG ચેન્જમેકર્સે તેની ચાર સિઝનમાં ઈનોવેસન, વૈવિધ્ય, ટકાઉપણા અને અર્થપૂર્ણ અનુભવોની ભાવનાની ઉજવણી કરી છે. પ્રથમ સિઝનમાં વૈવિધ્યની થીમ સ્વીકારવામાં આવી હતી.

# દરરોજ સવારે પલાળેલા બદામથી કરો હેલ્ધી શરૂઆત



**બદામમાં રહેલા વિટામિન ઈ અને એન્ટીઓક્સીડેન્ટ ત્વચાને પોષણ આપવામાં મદદ કરે છે. દરરોજ સવારે પલાળેલી બદામ ખાવાથી ત્વચાની ભેજ જળવાઈ રહે છે**

બદામમાં વિટામીન E અને એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે, જે મગજની કાર્યક્ષમતા વધારે છે. પલાળેલી બદામ ખાવાથી યાદશક્તિ વધે છે અને યાદશક્તિ મજબૂત બને છે. આ એકાગ્રતામાં પણ સુધારો કરે છે, જે ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે ફાયદાકારક છે. બદામને આખી રાત પાણીમાં પલાળીને સવારે ખાવાથી તેમાં રહેલું ફાઈબર સરળતાથી સુપાચ્ય બની જાય છે, જે પાચનતંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે. તે કબજિયાત, એસિડિટી જેવી સમસ્યાઓ દૂર કરે છે અને શરીરને અંદરથી સાફ કરે છે. બદામમાં રહેલા વિટામિન ઈ અને એન્ટીઓક્સીડેન્ટ ત્વચાને પોષણ આપવામાં મદદ કરે છે. દરરોજ સવારે પલાળેલી બદામ ખાવાથી ત્વચાની ભેજ જળવાઈ રહે છે, જેનાથી ત્વચા ચમકદાર અને ચમકદાર બને છે. પલાળેલી બદામમાં હેલ્ધી ફેટ્સ હોય છે જે લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે. આ વારંવાર ભૂખ લાગવાની સમસ્યાને અટકાવે છે અને વજનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. બદામમાં મોનોસેચ્યુરેટેડ ફેટ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેનાથી હૃદયના ધબકારા સામાન્ય રહે છે અને હૃદય સંબંધિત બીમારીઓનું જોખમ ઓછું થાય છે.

# આ સમસ્યા હોય તો જામફળ ખાવાનું ટાળજો

જામફળ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ફળ છે. આ સિઝન દરમિયાન જામફળ ખાવાથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. જામફળ ખાવાથી પાચનતંત્ર સારું રહે છે અને ત્વચા પણ ખીલી જાય છે. જામફળમાં ભરપૂર માત્રામાં વિટામિન સી, ફાઇબર અને એન્ટિઓક્સિડન્ટ હોય છે. પરંતુ તેમ છતાં જામફળ બધા લોકો માટે ફાયદાકારક નથી. કેટલાક લોકોને જામફળનું સેવન કરવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં જામફળ ખાવાથી તબિયત વધારે બગડે છે. તો ચાલો તમને જણાવીએ એવી કઈ પાંચ સમસ્યા છે જેમાં જામફળ ખાવાનું ટાળવું જોઈએ. જો તમને પેટમાં સમસ્યા કે એસીડીટી હોય તો જામફળ ખાવાથી બચજો જામફળમાં એસિડ અને ફાઇબર હોય છે જે એસીડીટી ની તકલીફ વધારી શકે છે. જામફળ ખાવાથી બેચેની થાય છે અને છાતીમાં બળતરા થઈ શકે છે. ખાસ તો ખાલી પેટ જામફળ ખાવાથી એસિડિટી ની તકલીફ ગંભીર રીતે વધી જાય છે. જામફળમાં ફાઈબરની માત્રા વધારે હોય છે જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. પરંતુ જો તમે જામફળ ના બી ને ચાવીને ખાઈ લો છો તો તેનાથી કબજિયાતની સમસ્યા વધી શકે છે. જામફળ ના બી આતરડામાં ચોંટી જાય છે જેના કારણે પાચનની તકલીફ થઈ શકે છે. કિડની સંબંધિત સમસ્યામાં પણ જામફળ ખાવાથી બચવું. જામફળમાં પોટેશિયમ વધારે હોય છે જો કિડનીની તકલીફમાં જામફળ ખાવામાં આવે તો કિડનીની કાર્યક્ષમતા પ્રભાવિત થાય છે. કિડની સંબંધીત કોઈપણ સમસ્યા હોય તો ડોક્ટરની સલાહ લીધા પછી જ આ ફળ ખાવું. જામફળમાં નેચરલ મીઠાશ હોય છે. પરંતુ આ મીઠાશ ડાયાબિટીસના દર્દી માટે હાનિકારક છે. જામફળનું વધારે માત્રામાં સેવન કરવાથી બ્લડ સુગર વધી શકે છે. તેથી ડાયાબિટીસ હોય તેમણે મર્યાદિત માત્રામાં જામફળ ખાવું. જામફળ ની તાસીર ઠંડી હોય છે. તેને ખાવાથી શરદી અને ઉધરસની સમસ્યા વધી શકે છે. જે લોકોને શરદી અને ઉધરસ હોય તેમણે જામફળ ખાવાની ભૂલ ન કરવી.

# રકુલ પ્રીત સિંહ જેવો જોઈએ છે 'લુક'? તો ફોલો કરો આ ડાયટ રૂટીન



લગભગ દરેક બોલિવૂડ સેલિબ્રિટી સારી અને હેલ્ધી લાઈફસ્ટાઈલ ફોલો કરે છે. દરેક વ્યક્તિનો પોતાનો ખાવાનો અને સૂવાનો સમય હોય છે. અભિનેતાઓ પણ તેમની ખાવાની આદતો પર ધ્યાન આપે છે, તેઓ શું ખાય છે અને કયા સમયે. રકુલ પ્રીત સિંહ, જે ફિલ્મી દુનિયામાં જાણીતું નામ છે, તેના સ્વસ્થ શરીર અને ફિટનેસ માટે દરરોજ ટ્રેન્ડ કરે છે. રકુલ પ્રીત સિંહ પણ સ્વસ્થ આહારનું પાલન કરે છે, જેમાં તે તેના દિવસની શરૂઆત ગરમ પાણી પીને કરે છે. ચાલો જાણીએ તેના ડાયટ પ્લાન વિશે અને તે કેટલું ફાયદાકારક છે.

મોર્નિંગ રૂટીન- રકુલ પ્રીત સિંહ દિવસની શરૂઆત ગરમ પાણીથી કરે છે. આ પછી તે 1 ગ્લાસ હળદર અથવા તજનું પાણી પીવે છે. આ પછી તે 5 પલાળેલી બદામ, એક પલાળેલું અખરોટ અને ઘી સાથે કોફી પીવે છે. પછી તે કસરત કરે છે અને પ્રોટીન સ્મૂધી પણ લે છે. રકુલનો નાસ્તો ભારે હોય છે, જેમાં તે પોહા, ઈંડા અને અંકુરિત ચીલા ખાય છે. લંચ પ્લાન- રકુલ બપોરના ભોજનમાં લીલા શાકભાજી સાથે ભાત અથવા જુવારની રોટલી અને પ્રોટીન માટે માછલી અથવા ચિકન ખાય છે, જ્યારે તે સાંજે 4:30-5 વાગ્યાની વચ્ચે નાસ્તો કરે છે. સ્વસ્થ સાંજનો નાસ્તો- તેણીનો સાંજનો નાસ્તો પણ પૌષ્ટિક હોય છે, જેમાં તે ચિયા સીડ્સ પુડિંગ, ફળો અથવા દહીં અને પીનટ બટર ટોસ્ટ ખાય છે. આ સાથે તેણીએ કેટલાક બદામ પણ સામેલ કર્યા છે. ડિનરનો સમય નક્કી કરો- રકુલ કહે છે કે તે હંમેશા 7 વાગ્યા પહેલા ડિનર ખાઈ લે છે. તેમના રાત્રિભોજનમાં ઓછા કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને લીલા શાકભાજી હોય છે. રકુલ પ્રીતનો સવારથી રાત સુધીનો આહાર પોષક તત્વોથી ભરપૂર છે. તેણે સવારે સૌપ્રથમ 1 ગ્લાસ ગરમ પાણી પીધું, આનાથી પાચનક્રિયા સુધરે છે અને શરીરને ડિટોક્સિફાય કરે છે. સાથે જ હળદર અને તજનું પાણી પણ ઝેરી તત્વોને દૂર કરે છે. નાસ્તામાં બદામ અને અંકુરિત ચીલા ખાવાથી ફાયદો થાય છે, તે તમારા દિવસની શરૂઆત હેલ્ધી અને હેવી બ્રેકફાસ્ટથી કરે છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે દિવસનું પહેલું ભોજન સૌથી ભારે અને રાત્રિભોજન સૌથી હલકું હોવું જોઈએ. રાકુલના ડાયટ પ્લાનમાં ડિનરનો સમય પણ મહત્વની ભૂમિકા ભજવે છે. નિષ્ણાતો વાસ્તવમાં લોકોને 9 વાગ્યા પહેલા ખોરાક ખાવાની સલાહ આપે છે જેથી ઊંઘ અને રાત્રિભોજન વચ્ચે સમયનું અંતર રહે.

# અરીઠા છે જાદુઈ, વાળ બનશે લાંબા, જાડા અને ડેન્ડ્રફ ફ્રી, જાણો વાળ ધોવા અરીઠાનું પાણી કેવી રીતે બનાવવું?

**વાળ માટે આયુર્વેદમાં વર્ષોથી અરીઠા નો ઉપયોગ કરવામાં આવે છે. અરીઠા નો ઉપયોગ કરવાથી વાળ લાંબા થાય છે, વાળ કાળા રહે છે અને ડેન્ડ્રફ પણ દૂર થઈ જાય છે. નિયમિત અરીઠાના પાણીથી વાળ ધોવાથી વાળના મૂળ મજબૂત થાય છે અને વાળનો ગ્રોથ ઝડપી બને છે. અરીઠા નો ઉપયોગ કરવાથી સફેદ વાળની સમસ્યા દૂર કરવામાં મદદ મળે છે. અરીઠા એન્ટિઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. અરીઠા નો ઉપયોગ કરવાથી વાળની અનેક સમસ્યાઓ દૂર થઈ જાય છે. આજે તમને જણાવીએ તમે હેર કેરમાં અરીઠાનો સમાવેશ કેવી રીતે કરી શકો છો.**







## અરીઠાનું તેલ

અરીઠાનું તૈયાર કરવા માટે એક વાટકીમાં નાળિયેર તેલને ગરમ કરો. તેમાં આદુના ટુકડા અને અરીઠા ના ટુકડા ઉમેરો અને ધીમા તાપે શેકો. તેલનો રંગ બદલાઈ જાય એટલે ગેસ બંધ કરી દો. તેલ ઠંડુ થઈ જાય પછી તેને ગાળી લો. હવે આ તેલથી વાળના મૂળમાં સારી રીતે માલિશ કરો. રાત્રે માથામાં તેલ લગાવો અને બીજા દિવસે વાળને શેમ્પુ કરી લો.

**અરીઠાનું હેર માસ્ક |** એક વાટકીમાં અરીઠા શિકાકાઈ અને આમળાનો પાવડર સમાન માત્રામાં મિક્સ કરો. હવે તેમાં જરૂર અનુસાર પાણી ઉમેરી પેસ્ટ બનાવો. આ મિશ્રણમાં દહીં ઉમેરો. હવે આખી રાત તેને ઢાંકીને છોડી દો. બીજા દિવસે આ પેસ્ટને વાળમાં સારી રીતે લગાવો. 30 મિનિટ પછી વાળને ધોઈ લો. આ માસ્ક લગાડવાથી વાળ કાળા થાય છે અને ડેન્ડ્રફ પણ દૂર થાય છે.

**અરીઠાનું શેમ્પૂ |** આજના યુવાનો જાણતા નહીં હોય કે અરીઠાની મદદથી વાળને ધોઈ શકાય છે. તેના માટે શેમ્પુ કે સાબુનો ઉપયોગ પણ નહીં કરવો પડે. તેના માટે અરીઠાને રાત્રે પાણીમાં પલાળી દો. સવારે અરીઠા ને હાથ વડે બરાબર મસળી પાણી અલગ કરો. તૈયાર કરેલા પાણીથી વાળને શેમ્પુની જેમ જ ધોઈ લો. અરીઠાનું સોલ્યુશન વાળમાં લગાવી પાંચથી સાત મિનિટ માલિશ કરવું. જો તમે અરીઠાના પાણીથી વાળ ધોવાનું રાખશો તો વાળમાં તુરંત જ ફરક દેખાવા લાગશે.



# સોફા ચેર પર બેઠેલ સૌંદર્ય ની મૂર્તિ મુનમુન બેગમ એ ધીમધીમે ભાવ વહી સુંદર કાળી મોટી આંખ ના પોપચાં ખોલી ને સહેજ સ્માઈલ કરીને અનુભવ સેન તરફ જોઈને...

**ઊંડો નિસાસો નાખીને મુનમુન બેગમ મનોમન બોલી કે અમ્મી કી લાઈફ સે સિખા કી લાઈફ અપન કી હૈ? ક્યું વેસ્ટ કરના? બિચારા સુલતાન ગરીબ થા પર શાયરી બહોત અચ્છી કરતા થા, મસ્જિદ કે બહાર હાર્મોનિયમ લે કર બેઠતા રહેતા થા. શાયદ મુજે ઊંકે સાથ રહેના અચ્છા લગતા થા,ખુદ કી કમાઈ સે મેરે લિયે તેલ લે કર આતા થા.**



**મર્ડર મિસ્ટ્રી કેસ**

**- રુપાલી દવે**

..અનુભવ ગુપ્તા ની શાયરી ના શબ્દો સાંભળી ને બાળપણ ના દિવસો માં ખોવાઈ ગઈ.કેવા હતા એ દિવસો? ગરીબાઈ તો ખૂબ હતી શરીર ને ઢાંકવાના કપડા પણ ફટલા અને બેત્રણ દિવસ સતત પહેરેલા ગંધાતા હતા.ઘરમાં અમ્મી પાસે રસોઈ બનાવવાનું તેલ નહતું તો માંથા માં નાખવા નું તેલ ક્યાંથી હોવાનું? દસ દસ બાળકો નું પાલન પોષણ બિચારી અમ્મી બંગલાઓમાં કામ કરી ને કરતી. લાઈફ ટાઈમ અબુ એ મજૂરી માંથી મળતી રકમ દારૂ અને નશામાં વેડફી નાખતા હતા.અબુ નું પેટ પણ અમ્મી પાળતી હતી. બિચારી કરે તો પણ શું કરે મજબૂર હતી? અનાથ લાવારિસ અમ્મી નું પાલન પોષણ જેણે કર્યું હતું એ આદમી લાલચુ અને બદમાશ હતો. અમ્મી આગળ બાળપણ મા ભીખ મંગાવી ને એ આદમી ખુદનું પેટ પાળતો હતો. બિચારી અમ્મી નું સૌન્દર્ય તો મુનમુન બેગમ થી પણ અત્યંત સુંદર હતું પરંતુ ગરીબાઈ અને બાળકો ને પાળવા ની જવાબદારીઓ માં એનું સૌન્દર્ય બાળપણ માંજ ખોવાઈ ચૂક્યું હતું.

ઊંડો નિસાસો નાખીને મુનમુન બેગમ મનોમન બોલી કે અમ્મી કી લાઈફ સે સિખા કી લાઈફ અપન કી હૈ? ક્યું વેસ્ટ કરના? બિચારા સુલતાન ગરીબ થા પર શાયરી બહોત અચ્છી કરતા થા. મસ્જિદ કે બહાર હાર્મોનિયમ લે કર બેઠતા રહેતા થા. શાયદ મુજે ઊંકે સાથ રહેના અચ્છા લગતા થા,ખુદ કી કમાઈ સે મેરે લિયે તેલ લે કર આતા થા. આતે જાતે કામુક લોગ મેરે ફટે હુવે કપડે મે સે દિખતી ખૂબ સુરતી દેખતે થે તો વો ચીડ જાતા થા. ખુદ કે રહેને કે ઘરબાર નહિ થા વો ભી લાવારિસ અનાથ થા પર મુજ મે અપની દુનિયા દેખતા થા.જબ ધનવાન મીઠાઈ નાસ્તા બેચતે થે તબ વો અપને હક કી મીઠાઈ નાસ્તા મુજે દે દેતા થા. સુલતાન પુરે દિન મેરે પર શાયરી બનાકે સુનતા રહેતા થા ઔર મે સુનતી રહેતી થી. એક દિન સુબહ સુબહ દીનો ભાઈ બહેન કો લે મસ્જિદ ભીખ માંગને ગઈ તબ સુલતાન કહી દિખા નહિ. બહોત બેચન હો ગઈ કી કહા ગયા? સુલતાન મુજે બિના બતાયે કહી નહિ જાતા. ઉસ દિન કે બાદ મેરા સુલતાન મુજે કભી નહિ મિલા,મેરા સુલતાન મેરે હર ધડકન મે બસ્તા હૈ. યે આદમી ને મેરે સુલતાન કી શાયરી બોલ કે મેરા સુલતાન યાદ આ ગયા પર મુનમુન તુમ્હે ઈસ સ્ટેજ પર આકાર દિલ નહિ દિમાગ ચલાના હૈ.

સોફા ચેર પર બેઠેલ સૌંદર્ય ની મૂર્તિ મુનમુન બેગમ એ ધીમધીમે ભાવ વહી સુંદર કાળી મોટી આંખ ના પોપચાં ખોલી ને સહેજ સ્માઈલ કરીને અનુભવ સેન તરફ જોઈને ખડખડાટ હસતા હસતા હાથ માંના રિમોટ ની સ્વીચ ઓન કરતા કીધું કે 'બચ ગયા તો સમજ મર ગયા' રિમોટ ની સ્વીચ ઓન થતાંજ અનુભવ સેન ની આસપાસ ની દસ ગેસ ચેમ્બર ના દરવાજા સજ્જડ બંધ થઈ ગયા. ચેમ્બર ના દરવાજા બંધ થતાંજ ઝેરી ગેસ ચેમ્બરની અંદર પ્રવેશતા જ અંદર ઉભેલ વ્યક્તિઓના હાથ પગની પક્કડ છૂટી ગઈ. ચેમ્બર ની અંદર ઝેરી ગેસ વધતા દસ લોકો જીવ બચાવવા હાથ પગ પછાડવા લાગ્યા પરંતુ મુનમુન બેગમ ગેસ ચેમ્બર માંના દસ લોકોની અત્યંત કરુણ દશા નિહાળીને દુઃખી થવાના બદલે તાળીઓ પાડીને ખડખડાટ હસતી હતી. રિમોટ ના સેટિંગ થી મુનમુન બેગમ વિડિયો ગેમ ની રમતની જેમ ગેસ ચેમ્બર ના સેટિંગ બદલ્યા કરતી હતી.

અનુભવ સેન પોતાની નજર સામે ઈન્ડીયન સીબીઆઇ દસ જાસૂસ ને ગેસ ચેમ્બરની અંદર જીવ બચાવવા માટે હાથ પગ પછાડીને બચાવવા માટે ખૂબ આજીજી કરતા જોઈને એ રડવા લાગ્યો.આ ક્રૂર દ્રશ્ય નજર સામે હોવા છતાંય એ પોતાના માણસો ને બચાવવાં નિઃસહાય હતો. શું કરવું? એનુ મગજ તદન બંધ થઈ હતું. મુનમુન બેગમ ની ક્રૂરતા પૂર્વક ની ચેષ્ટા જોઈને અનુભવ સેન સ્તબ્ધ થવાના બદલે એને એટલો બધો ગુસ્સો આવતા મનોમન નિશ્ચય કર્યો કે ક્રૂર ઓરત ને સજા આપવી ને જ જંપીશ.

પરંતુ અચાનક નજર સામે એક પછી એક દસેય લોહી લુહાણ લોકોના મોત થતાં જોઈને એ ચેમ્બર માંજ બેભાન થઈ ગયો.ત્રણ કલાક સુધી મુનમુન બેગમ ની મનપસંદ વિડિયો ગેમ ગેસ ચેમ્બર ની અંદર ના ક્રૂરતા પૂર્વક દસ માણસ ના મોત થતાં જ એણે એના ખાસ માણસ ને કઈક ઈશારો કર્યો. ચેર પરથી ઉભી થઈને ટોર્ચર રૂમની અંદરની લિફ્ટ દ્વારા ત્યાંથી રવાના થઈ ગઈ.ક્યાં? એ જાણવું મુશ્કેલ છે. લાખો એકર માં ફેલાયેલ નોર્મન્ડી ના દરિયા કિનારે આવેલ મુનમુન બેગમ ના વિલા માં સો કરતા પણ વધારે ગુપ્ત ભોંયરા હતા.

દસેય ઘાયલ મૃત બોડી ને બેગમ ના ખાસ માણસ એ બહાર કાઢીને ટોર્ચર ચેમ્બર ના કોર્નર માં આવેલ ટનલ માં ફેંકી દીધા.આ ટનલ એ વિલા ના મુખ્ય કિચન ની તાંદુર ભઠ્ઠી માં ખુલતી હતી.દસે દસ મૃત બોડી કિચન ની લાંબી પોહલી ભઠ્ઠી જ્યાં નિયમિત મુનમુન બેગમ માટે ચિકન ટિક્કા બને છે ત્યાં જઈને દસેય બોડી ભસ્મ થઈ ગયા.

આ દ્રશ્ય એટલું ભયાનક હતું કે સીબીઆઈ ઓફિસર અનુભવ સેન ના મન મસ્તિષ્ક પર ઊંડી અસર થઈ હતી. કેમ? સીબીઆઈ ઓફિસર અંડર ટ્રાયલ ગુનેગારની તપાસ દરમિયાન થર્ડ ડિગ્રી ટોર્ચર કરતા જ હોય છે તો આમાં નવું શું હતું? વિલા ના સિક્રેટ ટોર્ચર રૂમ માં થતાં ટોર્ચર અત્યંત ક્રૂતાપૂર્વક નું ભયાનક હોય છે. મુનમુન બેગમ ના ખૂબ સુરતી પાછળ એક ક્રૂર ડાકણ નું મગજ વસ્તુ હતું. મહિનાઓ બાદ અનુભવ સેન એ આંખ ખોલી ત્યારે એ અત્યંત સુંદર કિંમતી ઝુમ્મર પર પડી. આખો ઓરડો આધુનિક સુખ સગવડ થી ભરપુર, કિંમતી સુંદર ચીજ વસ્તુઓથી ડેકોરેટ કરેલ હતો. ભાન માં આવતા જ એણે એના હાથ પગ હલાવવા ની કોશિશ કરી.એના હાથ પગ માં મૂવમેન્ટ તો હતી પરંતુ પગ અને હાથ માંના આંગળા કપાઈ ગયેલ હતા.અનુભવ સેન એ એના બન્ને હાથ પગના આંગળા ના જોતા એ મોટમોટથી રડવા લાગ્યો પરંતુ આસપાસ બધેય સૂનકાર હતો. દૂર દૂર સુધી એનો અવાજ સાંભળનાર કોઈ નહતું? ભેંકાર લગતા ઓરડા માં માત્ર ને માત્ર એ એકલો કેમ હતો? સિક્રેટ રૂમ ની ગેસ ચેમ્બર માં બેભાન થયા બાદ એવું તો શું થયું હશે? ક્રૂર ડાકણ બેગમ ને મારા રહસ્ય વિશે માહિતીઓ તો મળી ગઈ નહિ હોયને. બાપરે!!ક્રૂર ડાકણ એ મારી સાથે શું શું કર્યું હશે? એ મને કેમ કઈ યાદ નથી આવતું? બને એટલું જલદી વિલા માંથી નીકળવું પડશે? પણ કંઈ રીતે..



# '7 કરોડ....!' અભિષેકે કરી પિતાની નકલ

## KBCના નવા પ્રોમોમાં જોવા મળી બાપ-દીકરાની મસ્તી, 'બિગ બી'એ કહ્યું-ભૂલ કરી તને બોલાવીને!

(એજન્સી) મુંબઈ | તા.15

સિનિયર એક્ટર અમિતાભ બચ્ચનના ફેમસ શો 'કૌન બનેગા કરોડપતિ 16'માં આ વખતે ખૂબ જ પારિવારિક વાતાવરણ બનવાનું છે. શોમાં તેમનો પુત્ર અને બોલિવૂડ સ્ટાર અભિષેક બચ્ચન ગેસ્ટ તરીકે આવી રહ્યો છે. અભિષેકની નવી ફિલ્મ આવવાની છે જેનું નામ છે 'આઈ વોન્ટ ટુ ટોક'. ડાયરેક્ટર શૂજિત સરકાર સાથે અભિષેકની આ ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું અને તેને લોકો તરફથી ઘણો પ્રેમ મળ્યો હતો. અભિષેક તેની ફિલ્મના પ્રમોશન માટે જ શોમાં આવી રહ્યો છે. 'KBC 16'ના નવા પ્રોમોમાં બાપ-દીકરાની મજાક જોવા મળી રહી છે.

શોમાં અભિષેકની મસ્તી અભિષેક પહેલા આ શોમાં કેટલી વખત આવી ચૂક્યો છે અને તેનું આ શોમાં આવવું હંમેશા મસ્તી ભરેલું હોય છે. પ્રોમો પરથી સ્પષ્ટ છે કે અભિષેક આ વખતે પણ ખૂબ જ મસ્તી કરવાનો છે. તેણે લોકોની સામે કહ્યું, 'અમારા ઘરમાં આખો પરિવાર સાથે બેસીને જમે છે અને જ્યારે કોઈ પ્રશ્ન પૂછે છે, ત્યારે બધા બાળકો ભેગા થઈને બૂમો પાડે છે -'સાત કરોડ..'. આ કહેતી વખતે અભિષેકે અમિતાભની બરાબર નકલ પણ કરી હતી. અભિષેકે શોમાં મૂકી આ શરત અભિષેકની મજાક આટલે સુધી સીમિત નથી. પ્રોમોમાં, તે બિગ બીની સામે એક શરત મૂકી રહ્યો છે કે, તેના માટે ભોપૂ જીનું વગાડવાનું બંધ કરવામાં આવે, જેથી તેઓ સમયના ટેન્શન વિના આરામથી પ્રશ્નોના જવાબ આપતા રહે અને 7 કરોડ જીતી શકે. આગળ પ્રોમોમાં અભિષેક કહે છે કે, જ્યાં સુધી તે સાત કરોડ નહીં જીતે ત્યાં સુધી તે ક્યાંય જશે નહીં. અમિતાભ અભિષેકની મસ્તી પર હસી રહ્યા છે અને કહી રહ્યા છે, 'મેં તેને અહીં બોલાવીને મોટી ભૂલ કરી છે!'

**અભિષેકની લેટેસ્ટ ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક'** અભિષેકની લેટેસ્ટ ફિલ્મના ડાયરેક્ટર શૂજિત સિરકાર પણ શોના દર્શકોની વચ્ચે હસતાં જોવા મળે છે. શૂજિતે અભિષેકના પિતા સાથે પણ ઘણું કામ કર્યું છે. તેણે પોતાની કારકિર્દીની પહેલી ફિલ્મ અમિતાભ સાથે કરી હતી, જેનું નામ 'શૂબાઈટ' હતું. આ ફિલ્મ કેટલાક કારણોસર રિલીઝ થઈ શકી નથી. આ પછી તેણે અમિતાભ સાથે 'પીકુ'માં કામ કર્યું, જેને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી છે. શૂજીતની અભિષેક સાથેની ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક' 22મી નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં અભિષેકે અર્જુનનું પાત્ર ભજવ્યું છે, જે તેના રોજિંદા જીવનમાં કેટલાક પડકારોનો સામનો કરે છે. અર્જુન (અભિષેક બચ્ચન) કદાચ કોઈ એવી મેડિકલ કંડિશનમાંથી પસાર થઈ રહ્યો છે જેના કારણે તેની બોલવાની ક્ષમતા પર અસર થઈ રહી છે અથવા તો કદાચ તે જીવલેણ બીમારી છે. ટ્રેલરની શરૂઆતમાં જ અભિષેકના પાત્રની સર્જરી થતી જોવા મળે છે, જેના કારણે તેનું જડબું અને તેના ચહેરાનો નીચેનો ભાગ એવો થઈ ગયો છે કે તે વાત કરી શકતો નથી.

# સુપરસ્ટાર સૂર્યા 'કંગુવા' બનીને ગર્જ્યો

## ફિલ્મે આખી દુનિયામાં ધૂમ મચાવી, પહેલા દિવસે જ 50.43 કરોડ રૂપિયાનું કલેક્શન

(એજન્સી) મુંબઈ | તા.15




તમિલ સુપરસ્ટાર સૂર્યાની ફેન્ટેસી એક્શન ડ્રામા ફિલ્મ 'કંગુવા' 14 નવેમ્બરે થિયેટર્સમાં આવી ગઈ છે. તે વર્ષ 2024ની મોસ્ટ એવેટેડ ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મે સ્થાનિક બોક્સ ઓફિસ પર અપેક્ષા કરતા ઓછા કલેક્શન સાથે ઓપનિંગ કર્યું છે. પરંતુ વર્લ્ડવાઈડ કલેક્શનની વાત કરીએ તો ફિલ્મે પહેલા દિવસે જ અડધી સદી ફટકારી છે. ચાલો તમને જણાવીએ કે સુરૈયાની ફિલ્મ 'કંગુવા' એ ઓપનિંગ ડે પર કેટલા કરોડનો બિઝનેસ કર્યો છે. ટ્રેડ વિશ્લેષક મનોબાલા વિજયબાલનના જણાવ્યા અનુસાર, સૂર્યાની ફિલ્મ 'કંગુવા'એ પ્રથમ દિવસે વિશ્વભરમાં 50 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરતી વખતે, તેણે કહ્યું કે 'કંગુવા' એ શરૂઆતના દિવસે વર્લ્ડવાઈડ 50.43 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ સૂર્યાની કારકિર્દીની સૌથી વધુ ઓપનર ફિલ્મ સાબિત થઈ છે. દેશભરમાં 22 કરોડથી ખૂલ્યું ખાતું હવે વાત કરીએ ઘરેલુ બોક્સ ઓફિસ પર 'કંગુવા'ના કલેક્શનની. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્કના રિપોર્ટ અનુસાર, સુરૈયાની ફિલ્મ 'કંગુવા'એ પહેલા દિવસે દેશભરમાં 22 કરોડ રૂપિયાની કમાણી કરી છે. જો કે, આ પ્રારંભિક અંદાજ છે. સત્તાવાર ડેટા આવ્યા બાદ કલેક્શનના આ આંકડામાંમ થોડો ફેરફાર થઈ શકે છે. એવી ધારણા છે કે શરૂઆતના સપ્તાહના અંતે ફિલ્મની કમાણીમાં ઉછાળો આવી શકે છે.

ફિલ્મ 10 હજાર સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે નિર્માતાઓએ જંગી બજેટમાં 'કંગુવા' તૈયાર કરી છે. ફિલ્મનું શૂટિંગ 7 અલગ-અલગ દેશોમાં કરવામાં આવ્યું હતું. આ ફિલ્મનું ડિરેક્શન શિવ દ્વારા કરવામાં આવ્યું છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ફિલ્મ દુનિયાભરમાં 10,000 સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે. તમિલની સાથે, તે કન્નડ, મલયાલમ, તેલુગુ અને હિન્દી ભાષાઓમાં પણ રિલીઝ થઈ છે.

'કંગુવા' 350 કરોડના ખર્ચે બની છે ખાસ વાત એ છે કે, સૂર્યાની ફિલ્મ 'કંગુવા'માં બોબી દેઓલે વિલનની ભૂમિકા ભજવી છે. તેના ખતરનાક લુકને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. નિર્માતાઓએ એક્શન અને સિનેમેટોગ્રાફી માટે હોલિવૂડના નિષ્ણાતોની મદદ લીધી છે. ટ્રેલર રીલિઝ થયા બાદથી જ આ ફિલ્મને લઈને જબરદસ્ત હાઈપ બની ગઈ હતી. આ ફિલ્મ 350 કરોડના ખર્ચે બની છે.

# કપિલના શો સાથે મારે કોઈ લેવાદેવા નથી: સલમાનની સ્પષ્ટતા



મુંબઇ : કપિલ શર્માના 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં રવીન્દ્રનાથ ટાગોરનો અનાદર થવાના આરોપ સાથે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. આ શો સાથે સલમાન ખાન પણ જોડાયેલો હોવાનું ગણીને તેને પણ કાયદાકીય નોટીસ પાઠવવામાં આવી છે. આ સંદર્ભમાં સલમાને સ્પષ્ટતા કરી છે કે તેને આ શો સાથે કોઈ લેવાદેવા નથી.

બંગો ભાષી મહાસભા ફાઉન્ડેશન દ્વારા અપાયેલી કાયદેસરની નોટીસમાં દાવોકરવામાં ાવ્યો છે કે, 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો 'દ્વારા નોબેલ પુરસ્કાર વિજેતા રવિન્દ્રનાથ ટાગોરનું અપમાન કરવામાં આવ્યું છે અને સાંસ્કૃતિક અને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવામાં આવી છે.

# બી-પ્રાકનો સૌથી ખરાબ સમય...

## ઘરમાં એક પછી એક થયા હતા ત્રણ મોત, કહ્યું- દીકરાનો મૃતદેહ ઉંચકવો જીવનની સૌથી ભારે વસ્તુ

(એજન્સી) મુંબઈ | તા.15

'તેરી મિટ્ટી', 'મન ભરાયા' અને 'સબ કુછ હી મિટા દેંગે' જેવા ઘણા શાનદાર ગીતોને અવાજ આપનાર બી-પ્રાકે તાજેતરમાં જણાવ્યું છે કે, તેમના જીવનમાં એક એવો સમય આવ્યો જ્યારે તે એકદમ જ તૂટી ગયો હતો. તેમના ઘરમાં પહેલા પિતા, પછી કાકા અને પછી પુત્ર એક પછી એક મૃત્યુ પામ્યા, જેના કારણે પરિવાર ખૂબ જ દુ:ખમાં હતો. સિંગરે એમ પણ કહ્યું છે કે, તેના મૃત પુત્રને ઉંચકવો જીવનની સૌથી ભારે બાબત હતી.

તાજેતરમાં, શુભંકર મિશ્રાના પોડકાસ્ટમાં, સિંગર બી-પ્રાકે તેમના ખરાબ સમયને યાદ કરીને કહ્યું કે, વર્ષ 2021માં પહેલા કાકાનું અવસાન થયું, તેના એક મહિના પછી પિતાનું પણ અવસાન થયું, પછી 2022 માં મારા બીજા પુત્રનું પણ નિધન થયું. હું ખૂબ જ નેગેટિવ બની ગયો હતો. ઘરનું વાતાવરણ એવું હતું કે હું તેનું કહી શકું તેમ નથી. આવો સમય ક્યારેય કોઈના જીવનમાં ન આવવો જોઈએ. પણ પછીનો સમય દરેકના જીવનમાં આવે.

સિંગરે વધુમાં કહ્યું કે, જ્યારે મારા કાકાના સમાચાર આવ્યા ત્યારે હું એક શોમાં હતો. મારે હસવું પડ્યું કારણ કે આપણે કલાકાર છીએ. આ એક કલાકારનું જીવન છે. ત્યારબાદ 24 ડિસેમ્બર 2021ના રોજ પિતાના સમાચાર આવ્યા. તે સમયે પણ મારો શો ક્રિસમસ માટે હતો. એ દિવસે પણ મારે જવા પડ્યું. ત્યારપછી જૂનમાં પુત્રની સાથે થયું. તે પછી અમારું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. મને સમજાતું નહોતું કે મારી પત્ની મીરાને આ કેવી રીતે સમજાવીશ. હું કંઈ સમજી શક્યો નહીં. હું તેને કહેતો રહ્યો કે તેના પુત્રની દેખરેખ ડૉક્ટરો કરે છે, કારણ કે જો અમે તેને કહ્યું હોત, તો તે સહન કરી શકત નહીં.

તેણે વધુમાં કહ્યું કે, તેના મૃત પુત્રને ઉંચકવો જીવનની સૌથી ભારી બાબત હતી. મેં મારા જીવનમાં આનાથી વધુ ભારે વસ્તુ ક્યારેય ઉપાડી નથી. આટલું વજન, એક આટલા બાળકોનું, તે મારા જીવનની સૌથી ભારે વસ્તુ હતી. હું મારી માતાને કહી રહ્યો હતો કે અમે શું કરવા આવ્યા છીએ. મેં મારા જીવનમાં ક્યારેય આટલું વજન નથી ઉપાડ્યું. હું પાછો હોસ્પિટલ આવ્યો ત્યારે મીરા રૂમમાં આવી ગઈ હતી. તેણે મારી તરફ જોયું અને કહ્યું, દફનાવી દીધું બાળકને. મને બતાવ્યું તો હોત. તે ખૂબ જ ખરાબ સમય હતો. અમે જીવનમાં બધું ગુમાવ્યું હતું. એટલું નેગેટિવ થઈ ગયો કે, આજ સુધી તે મારાથી ગુસ્સે છે કારણ કે મેં તેને બાળકનો ચહેરો નથી બતાવ્યો.

વર્ષ 2019માં બી-પ્રાકે મીરા સાથે લગ્ન કર્યા હતા. 2020માં થયેલા આ લગ્નથી તેમને એક પુત્ર આદબ છે. તેમના બીજા પુત્રનો જન્મ વર્ષ 2022 માં થવાનો હતો, જો કે તે જન્મ સમયે મૃત્યુ પામ્યો હતો. દંપતીએ તેનું નામ ફઝા રાખવાનું નક્કી કર્યું હતું.



# 'હું નીલમ પર પડ્યો ત્યારે તે ગુસ્સે થઈ ગઈ'

## મહેશ ઠાકુરે કહ્યું- આ ગીત ચાલતી બસમાં શૂટ થઈ રહ્યું હતું, સલમાને એક્ટ્રેસને ઘણી ચીડવી હતી



(એજન્સી) મુંબઈ | તા.15

ફિલ્મ 'હમ સાથ સાથ હૈ' 1999માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મના દરેક પાત્ર અને તેમની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. ફિલ્મમાં વિવેક બાબુની ભૂમિકા ભજવનાર મહેશ ઠાકુરે નીલમ કોઠારી સાથે સંબંધિત એક કિસ્સો સંભળાવ્યો હતો. અભિનેતાએ કહ્યું કે ફિલ્મના શૂટિંગ દરમિયાન એક અકસ્માત થયો હતો, જેના કારણે નીલમ તેના પર ગુસ્સે થઈ ગઈ હતી. એ અકસ્માત પછી સલમાન ખાન નીલમને સતત ચીડવતો રહ્યો.

મહેશ ઠાકુરે રેડિયો નશાને કહ્યું, 'અમે 'ABCD' ગીતનું શૂટિંગ કરી રહ્યા હતા. ગીત દરમિયાન ડાન્સ સ્ટેપ્સમાં મને થોડી તકલીફ પડી રહી હતી. અમારે અમારા શરીરને હલાવવાનું હતું અને બસ પણ રસ્તા પર આગળ વધતાં વધતાં હલી રહી હતી. તેથી હું મારું સ્ટેપ ચૂકી ગયો અને નીલમ જી પર પડ્યો. આ કારણે તે મારા પર થોડી ગુસ્સે થઈ અને બોલી, 'શું કરો છો?' આ પછી સલમાન, સૈફ અને તબ્બુ તેની મજાક ઉડાવવા લાગ્યા.

મહેશે કહ્યું, 'આ પછી સેટ પર સતત મજાક થતી રહી, જેના કારણે દરેકનો મૂડ ખૂબ જ હળવો અને સારો થઈ ગયો. નીલમજીએ પણ આ વાતને ફરી નજરઅંદાજ કરી. પછી અમે બધા સારા મિત્રો બની ગયા. અમારા બધા વચ્ચે ખૂબ જ સારો તાલમેલ હતો.

કરિશ્મા કપૂરે ડાન્સ રિયાલિટી શો 'ઈન્ડિયા બેસ્ટ ડાન્સર-3'માં ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'ની યાદો પણ શેર કરી હતી. એક્ટ્રેસે જણાવ્યું હતું કે કેવી રીતે તે અને તબુ ઘણીવાર સોનાલી બેન્દ્રેને તેનું પુસ્તક છોડીને વાતચીતમાં જોડાવા માટે સમજાવતા હતા, કારણ કે શૂટિંગ દરમિયાન સોનાલી ઘણીવાર તેનું પુસ્તક ચૂપચાપ વાંચતી હતી.

કરિશ્મા કપૂરે કહ્યું, 'અમે બધા ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'ના દિવસોને ખૂબ જ મિસ કરીએ છીએ. આ ફિલ્મ સાથે જોડાયેલી ઘણી સારી યાદો છે. સોનાલી ખૂબ જ શાંત હતી અને હું સેટ પર વધુ બોલતી હતી. સોનાલી તેના પુસ્તકમાં ખોવાઈ જતી, જ્યારે હું અને તબ્બુ ઘણી વાર વિચારતા કે 'તે શું વાંચે છે?' તે અમારી સાથે કેમ વાત નથી કરતી? તબ્બુ અને હું ફિલ્મો અને ગીતોના શૂટિંગ વિશે વાત કરતા હતા, જ્યારે સોનાલી શાંતિથી તેનું પુસ્તક વાંચતી હતી. જ્યારે અમે બંને તેને જમવા માટે બોલાવતા, ત્યારે તે કહેતી કે હું શાકાહારી છું, તેથી હું ફક્ત સલાડ જ ખાઉં છું,' અને હું કહેતી કે ઠીક છે, પણ સલાડ સાથે આવ!'

# જ્યારે સલમાન ખાનને ઐશ્વર્યા રાય વિશે પૂછવામાં આવ્યું...!

(એજન્સી) મુંબઈ | તા.15

ઐશ્વર્યા રાય, આજે, બચ્ચન પરિવારની વહુ છે, જે સિનેમાની દુનિયાના મોટા પરિવારોમાંનો એક છે. ઐશ્વર્યાએ વર્ષ 2007માં અભિષેક બચ્ચન સાથે લગ્ન કર્યા હતા. પરંતુ, અભિષેકની પત્ની બનતા પહેલા તે સલમાન ખાન સાથે રોમેન્ટિક રિલેશનશિપમાં હતી. પરંતુ વર્ષ 2002માં સલમાન અને ઐશ્વર્યાએ આ સંબંધનો અંત લાવ્યો હતો. જોકે, બંનેએ ક્યારેય પોતાની લવ લાઈફ વિશે ખૂલીને વાત કરી નથી. આ સંબંધ તૂટવા પાછળ ઘણાં કારણો સામે આવ્યાં છે. સલમાન ખાનને એકવાર ઐશ્વર્યા રાયને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જે સાંભળીને ભાઈજાને દિલ ખોલીને જવાબ આપ્યા હતા.



સલમાન ખાનનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ખરેખર, એકવાર સલમાન ખાન 'આપ કી અદાલત'માં પહોંચી ગયો હતો. જ્યાં તેણે પોતાના પર લાગેલા અનેક આરોપોનો હિંમતભેર જવાબ આપ્યો હતો. આ આરોપોમાં ઐશ્વર્યા સાથેના તેના તૂટેલા સંબંધોને લઈને પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, જેનો તેણે ખૂલીને જવાબ આપ્યો હતો.

'તમારું અંગત જીવન એ તમારું અંગત જીવન છે' સલમાન ખાનને ઐશ્વર્યા સાથે ગેરવર્તન કરવાના આરોપો અંગે પૂછવામાં આવ્યું હતું. આ સાંભળીને તેણે ખૂબ જ નમ્રતાથી કહ્યું, 'મારે તેના વિશે શું કહેવું, સાહેબ? હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે, તમે જાણો છો, હું એક વાત માનું છું કે તમારું અંગત જીવન એ તમારું અંગત જીવન છે. જો હું તેનો બચાવ કરવા જાઉં, તો ક્યાંકને ક્યાંક કોઈ તમારા જીવનનો ભાગ હતો અને તમે તેનો ઈનકાર કરી રહ્યા હશો. તેથી શ્રેષ્ઠ બાબત એ છે કે મૌન રહેવું. ઘણાં વર્ષો વીતી ગયા, બધા જાણે છે કે તે કોઈની પત્ની છે, જેના લગ્ન એક મોટા પરિવારમાં થયા છે. હું ખૂબ જ ખુશ છું કે તેણે અભિષેક સાથે લગ્ન કરી લીધા છે. 'જો મિત્રતા સમાપ્ત થઈ જાય, તો પણ કોઈ એક્સને ઈચ્છતું...' સલમાને અભિષેક બચ્ચનની વધુ પ્રશંસા કરતા કહ્યું, 'મને લાગે છે કે અભિષેક એક મહાન વ્યક્તિ છે.

તે ખૂબ શ્રેષ્ઠ વાત રહેશે કે, કોઈપણ ભૂતપૂર્વ પ્રેમી ઈચ્છતો હોય કે જેને તે પ્રેમ કરે છે તે વ્યક્તિ ખુશ રહે. એકવાર તમારી મિત્રતા સમાપ્ત થઈ જાય પછી તે વ્યક્તિ તમારા વિના દુ:ખી થાય એવું તમે ઈચ્છતા નથી. તમે ઈચ્છો છો કે તે વ્યક્તિ તમારા વિના ખરેખર ખુશ રહે. તમારા મનમાં કોઈ અપરાધભાવ ન હોવો જોઈએ. પરંતુ તેને જોવાની આ શ્રેષ્ઠ રીત છે.

જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે રસપ્રદ વાત એ છે કે, આ વીડિયો એવા સમયે સોશિયલ મીડિયા પર ફરી આવ્યો છે જ્યારે અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન જીવનમાં મુશ્કેલીની અફવાઓ હેડલાઈન્સ બનાવી રહી છે. જો કે, એ નોંધનીય છે કે અભિષેક કે ઐશ્વર્યાએ અત્યાર સુધી કથિત થવા અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી.

# સુશાંતે પ્રતીક બબ્બરને એક ઈચ્છા જણાવી હતી

## 'છિછોરે' શૂટિંગ કર્યા બાદ એન્ટાર્કટિકા જવાનો પ્લાન હતો, તેણે કહ્યું હતું- એકલો જ જવા માગું છું

(એજન્સી) મુંબઈ | તા.15

તાજેતરમાં, પ્રતીક બબ્બરે તેની ફિલ્મ 'ખ્વાબોં કા ઝમેલા' સાથેના એક ઈન્ટરવ્યૂમાં સુશાંત સિંહ રાજપૂત વિશે વાત કરી છે. પ્રતીક બબ્બરે દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂત સાથે ફિલ્મ 'છિછોરે'માં કામ કર્યું હતું. સુશાંત લીડ રોલમાં હતો જ્યારે પ્રતીકે આ ફિલ્મમાં નેગેટિવ પાત્ર ભજવ્યું હતું. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં પ્રતીક સાથે સેટ પર સમય પસાર કરવા વિશે વાત કરતી વખતે તેણે તેની એક અધૂરી ઈચ્છાનો ઉલ્લેખ કર્યો હતો.

ફિલ્મીજ્ઞાનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં પ્રતીક બબ્બરે સુશાંત સિંહ રાજપૂતને લિજેન્ડ ગણાવ્યો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, શું તે તેને યાદ કરે છે. આના જવાબમાં તેણે કહ્યું કે, હું ક્યારેય તેની ખૂબ નજીક નથી રહ્યો. પરંતુ હું કહેવા માગુ છું કે તેમની આભા ખૂબ મોટી હતી, જ્યારે પણ તેઓ કામ દરમિયાન મારી નજીક હતો. તે યૂનિક હતો. તે એક્સ્ટ્રીમ યૂનિક અને હૃદયસ્પર્શી હતો.

અભિનેતાએ આગળ કહ્યું કે તે થોડો અલગ હતો. હું ક્યારેય ભૂલીશ નહીં. અમે બાસ્કેટબોલના દૃશ્યની રાહ જોઈ રહ્યા હતા. અમે બાસ્કેટબોલ હૂપ નીચે બેઠા હતા, બોલ સાથે રમી રહ્યા હતા. તેણે અચાનક મને કહ્યું, યાર હું એન્ટાર્કટિક જઈ રહ્યો છું. જ્યારે મેં તેને પૂછ્યું- હા? પછી તેણે કહ્યું - હું એન્ટાર્કટિકા જઈ રહ્યો છું, મારે એકલા જ જવું છે. તે ખૂબજ આશ્ચર્યજનક બાબત હતી કે તે આવું વિચારતો હતો. ત્યાં જ બેસીને તેણે નક્કી કર્યું કે તેણે એન્ટાર્કટિકા જવું છે.

નોંધનીય છે કે, સુશાંત સિંહ રાજપૂતે 14 જૂન, 2020ના રોજ આત્મહત્યા કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી એક ડાયરી મળી આવી, જેમાં તેણે પોતાની ઈચ્છા યાદી લખી હતી. તે લિસ્ટમાં લગભગ 50 એવાં કામ હતાં, જેને પૂરા કરવાનું એક્ટર સપના જોતો હતો. તેમાં પ્રવાસ, અવકાશ અને યુવાનો માટે નવા બિઝનેસ આઈડિયાને લગતી કંપની શરૂ કરવા જેવા ઘણા મુદ્દા હતા. દુર્ભાગ્યે, સુશાંતે તેમાંથી માત્ર 13 સપના પૂરા કર્યા છે.

# ઓસ્ટ્રેલિયામાં વિરાટ-બૂમરાહે પાડ્યો પરસેવો પ્રેક્ટિસ સેશન જોવા ઝાડ પર ચઢ્યા ફેન્સ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ મેચ 22 નવેમ્બરથી પર્થમાં રમાશે. ભારતીય ટીમ આ માટે ત્યાં પહોંચી ગઈ છે અને સખત મહેનત કરી રહી છે. પર્થની ગતિ અને બાઉન્સને સમજવા માટે ખેલાડીઓ WACA સ્ટેડિયમમાં દરરોજ કલાકો સુધી નેટ પ્રેક્ટિસ કરી રહ્યા છે. ગુરુવારે 14 નવેમ્બરે ફરી એકવાર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ સ્ટેડિયમ પહોંચ્યા. આ દરમિયાન ટીમના સિનિયર ખેલાડીઓ વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહ ખૂબ જ સઘન પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા.

ટીમ ઈન્ડિયાનું ઓફિશિયલ ટ્રેનિંગ સેશન 12 નવેમ્બર મંગળવારથી શરૂ થઈ ગયું છે, જેની ઝલક ગુરુવારે પણ જોવા મળી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રન માટે સંઘર્ષ કરી રહેલા વિરાટે પર્થ ટેસ્ટ પહેલા જોરદાર બેટિંગ કરી હતી. તેણે ફાસ્ટ બોલરોની સામે લગભગ અડધો કલાક પરસેવો પાડ્યો અને તેના બેટને ધારદાર કર્યું. આ સમય દરમિયાન તેમનું



ફોકસ જોવા જેવું હતું.

તે પર્થના બાઉન્સનો સરળતાથી સામનો કરતો જોવા મળ્યો હતો. તેને ઝડપી બોલરો સામે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો. જો કે, લેગ સાઈડ પરના કેટલાક બોલ તેના ગ્લોઝની કિનારી સાથે અથડાતા જોવા મળ્યા હતા. પેસ આક્રમણનો સામનો કર્યા બાદ કોહલીએ સ્પિન બોલિંગનો સામનો કર્યો. બીજી તરફ ઓસ્ટ્રેલિયાના બાઉન્સી ટ્રેક પર બુમરાહે અડધો કલાક ભારતીય બેટ્સમેનોને બોલ્ડ કરીને પરેશાન કર્યા હતા.

### વિરાટને જોવા લોકો ઝાડ પર ચઢ્યા ફેન્સ

ફેન્સને વિરાટ કોહલીની પ્રેક્ટિસની જાણ થતાં જ તેઓ તેને જોવા માટે બેચેન બની ગયા હતા. આવી સ્થિતિમાં, ઘણા ચાહકો તેને જોવા માટે એક સીડી લઈને આવ્યા હતા અને પર્થમાં જ્યાં ટીમ ઈન્ડિયા પ્રેક્ટિસ કરી રહી છે તે એકેડમીની બહાર તેના પર ચઢીને વિરાટને પ્રેક્ટિસ કરતા જોયા હતા.અમુક ફેન્સ ઝાડ પર ચઢીને ટીમ ઈન્ડિયાનું પ્રેક્ટિસ સેશન જોયું હતું. તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયન મીડિયાએ દાવો કર્યો છે કે પ્રેક્ટિસ એરિયાને કાળા કપડાથી ઢાંકી દેવામાં આવ્યો છે. આ ભારતીય ટીમના કહેવા પર કરવામાં આવ્યું છે. ટીમ મેનેજમેન્ટ નથી ઈચ્છતું કે પ્રશંસકો કે મીડિયા તેમને પ્રેક્ટિસ કરતા જુએ. જોકે, BCCIના સૂત્રોએ આ દાવાને નકારી કાઢ્યો છે.



# ACT વિમેન્સ હોકીમાં ભારતે થાઈલેન્ડને13-0થીરગદોળ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વિમેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં યજમાન ભારતનો દબદબો જારી રહ્યો છે અને પોતાની ત્રીજી મેચમાં થાઈલેન્ડને 13-0થી હરાવીને વિજયની હેટ્રિક પૂરી કરી હતી. ભારત માટે દીપિકાએ ત્રીજી, 19મી, 43મી, 45મી તથા 45મી (એક મિનિટમાં બે ગોલ) એમ પાંચ ગોલ નોંધાવ્યા હતા. પ્રીતિ દૂબેએ નવમી અને 40મી, લાલરેમસિયામીએ 12મી તથા 56મી, મનીષા ચૌહાણે 55મી તથા 58મી મિનિટે બે-બે ગોલ કર્યા હતા.

બ્યૂટી ડુંગડુંગે 30મી મિનિટે તથા નવનીત કૌરે 53મી મિનિટે ગોલ કર્યો હતો. ભારતે પ્રથમ મેચમાં મલેશિયાને 4-0થી તથા સાઉથ કોરિયાને 3-2થી હરાવ્યું હતું. ભારત અને ચીન બંનેએ પોતપોતાની ત્રણ-ત્રણ મેચો જીતી છે અને નવ-નવ પોઈન્ટ ધરાવે છે. ભારતીય ટીમ 21 ગોલના અંતરના કારણે ચીન બાદ બીજા ક્રમે છે. ભારતીય ટીમ શનિવારે ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ ચીન સામે રમશે. મલેશિયાએ કોરિયાને 2-1થી તથા ચીને જાપાનને 2-1થી પરાજય આપ્યો હતો.

# ભારતને લાગ્યો ઝટકો, ઓસ્ટ્રેલિયામાં ઈજાગ્રસ્ત થયો યુવા બેટ્સમેન

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારતીય ક્રિકેટ પ્રશંસકો માટે ખરાબ સમાચાર છે. ટીમ ઈન્ડિયાનો યુવા બેટ્સમેન સરફરાઝ ખાન ટ્રેનિંગ સેશન દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરફરાઝ ખાન કોણીની ઈજા બાદ પર્થમાં મેદાન છોડી ગયો હતો. જોકે સરફરાઝ ખાનની ઈજા અંગે સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ ભારતીય ટીમ મેનેજમેન્ટની સાથે પ્રશંસકોના હૃદયના ધબકારા ચોક્કસ વધી ગયા છે રફરાઝ ખાને ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાં શાનદાર બેટિંગ પ્રદર્શન કર્યું હતું. હવે ઓસ્ટ્રેલિયા સામેની પર્થ ટેસ્ટ પહેલા સરફરાઝ ખાનની ઈજા ભારતીય ચાહકો માટે સારા સમાચાર નથી. ફોક્સ સ્પોર્ટ્સે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે સરફરાઝ ખાન કોણીની ઈજા બાદ મેદાન છોડી રહ્યો છે. સરફરાઝ ખાન પણ દર્દથી કણસી રહ્યો છે. સરફરાઝ ખાનનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે.

જોકે, એવું જાણવા મળ્યું છે કે ઈજા ગંભીર નથી અને બેટ્સમેનને એમઆરઆઈ કરાવવાની જરૂર નથી. સરફરાઝ પર્થમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટમાં રમી શકે છે કારણ કે ભારતીય કેપ્ટન રોહિત શર્માના પ્રથમ ટેસ્ટમાં રમવા અંગે શંકા છે. રોહિત તેના બીજા બાળકના જન્મ માટે હજુ પણ મુંબઈમાં છે. જો રોહિત સિરીઝની પ્રથમ મેચ માટે ઉપલબ્ધ ન હોય તો લોકેશ રાહુલને યશસ્વી જયસ્વાલ સાથે ઈનિંગની શરૂઆત કરવા માટે કહેવામાં આવી શકે છે, જે મિડલ ઓર્ડરમાં સરફરાઝ માટે જગ્યા બનાવશે.

# બ્રોડકાસ્ટર્સે ICC પર બનાવ્યો દબાવ પાકિસ્તાનની વધશે મુશ્કેલી!

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 આવતા વર્ષે પાકિસ્તાનમાં શરૂ થવા જઈ રહી છે પરંતુ હજુ સુધી તેમાં ટીમ ઈન્ડિયાની રમતનું ચિત્ર સ્પષ્ટ નથી. જેને લઈને BCCI અને PCB આમને-સામને છે. જ્યારે ટીમ ઈન્ડિયાએ આ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈન્કાર કરી દીધો છે, ત્યારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ટીમ ઈન્ડિયાને આમંત્રણ આપવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. હવે બ્રોડકાસ્ટર્સ આ ટૂર્નામેન્ટનું શેડ્યૂલ જાહેર કરવા માટે ICC પર દબાણ કરતા જોવા મળી રહ્યા છે. પાકિસ્તાનના ધ નેશનના એક અહેવાલ અનુસાર, ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું અંતિમ શેડ્યૂલ આ સપ્તાહની શરૂઆતમાં જાહેર થવાની અપેક્ષા હતી. પરંતુ ભારતની ભાગીદારી અને હાઈબ્રિડ મોડલને અનુસરવામાં આવશે કે કેમ તે અંગે ચાલી રહેલી મુંઝવણને કારણે શેડ્યૂલ બહાર પાડવામાં આવ્યું નથી. ઘણા મીડિયા અહેવાલો અનુસાર, ભારતે ICC અને PCBને પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે કે ટીમ પાકિસ્તાન નહીં જાય. ત્યારથી એવી અટકળો ચાલી રહી છે કે




પાકિસ્તાન પણ UAEમાં ભારતની મેચ યોજવા માટે સંમત નથી. 3 બિલિયન ડોલરના સોદામાં 2027 સુધીની તમામ ICC ઈવેન્ટના અધિકારો મેળવનાર બ્રોડકાસ્ટર્સ ટેન્શનમાં હોવાનું જણાય છે. કારણ કે તમામ ટીમોમાં સૌથી વધુ દર્શકોને આકર્ષતી ભારત અને પાકિસ્તાનની મેચ જોખમમાં આવી શકે છે. વાસ્તવમાં, ટૂર્નામેન્ટનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર થવાથી બ્રોડકાસ્ટર્સને ચેમ્પિયન્સ ટ્રોફી માટે પ્રમોશન અને માર્કેટિંગ વ્યૂહરચનાનું આયોજન કરવામાં મદદ મળશે. દરમિયાન, BCCI માટે આ નિર્ણય કોઈ મોટી આશ્ચર્યજનક વાત નથી, કારણ કે સરકાર પાસેથી મંજૂરી મેળવવી શક્ય નથી. હજુ એ સ્પષ્ટ નથી કે ICC ભારતની માંગ સામે ઝુકશે કે નહીં, પરંતુ વ્યાવસાયિક કારણોસર રોહિત શર્મા અને કંપનીએ તેમાં ભાગ લેવો જરૂરી છે.

# ~~બોર્ડર-ગાવસ્કર સિરીઝ પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, બેટ્સમેન થયો ઈજાગ્રસ્ત~~

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 મેચોની હાઈ પ્રોફાઈલ ટેસ્ટ સિરીઝ 22 નવેમ્બરથી પર્થમાં શરૂ થવા જઈ રહી છે. જો કે, પર્થ ટેસ્ટ પહેલા જ ભારતીય ટીમ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાનો એક સ્ટાર બેટ્સમેન ઈજાગ્રસ્ત થયો છે. ઓસ્ટ્રેલિયાની સામે પર્થમાં રમાનાર પહેલા ટેસ્ટ મેચમાં આ બેટ્સમેન ઓપનર તરીકે રમશે તે નિશ્ચિત માનવામાં આવે છે. નોંધનીય છે કે, ઓસ્ટ્રેલિયા સામે પર્થમાં રમાનારી પ્રથમ ટેસ્ટમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માના રમવા પર શંકા છે. રોહિત શર્મા તેના બીજા બાળકના જન્મ માટે હજુ પણ મુંબઈમાં છે. રોહિત શર્મા જો ઓસ્ટ્રેલિયાની સામે પર્થમાં રમાનાર પહેલા ટેસ્ટ મેચમાં નહીં રમે તો કેએલ રાહુલને ઓપનર તરીકે નિશ્ચિત માનવામાં આવે છે. પરંતુ આ વચ્ચે એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. કેએલ રાહુલ પર્થમાં શુક્રવાર 15 નવેમ્બરની સવારે WACAના મેદાન પર ત્રણ દિવસય વાર્મઅપ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. નોંધનીય છે કે પર્થમાં WACA મેદાનમાં ભારત અને ભારત-A વચ્ચે ત્રણ દિવસય વાર્મઅપ મેચ રમાઈ રહ્યો છે. WACA ગ્રાઉન્ડ પર એક બાઉન્સ બોલ કેએલ રાહુલને તેની જમણી કોણી પર વાગ્યો હતો. બોલ વાગવાથી દર્દ અને પીડાથી પરેશાન કેએલ રાહુલ માટે બેટિંગ કરવી શક્ય નહોતું, તેથી તેને મેદાન છોડવાની ફરજ પડી હતી. કેએલ રાહુલ ઈજાગ્રસ્ત થતા ટીમ ઈન્ડિયા માટે આ મોટો ઝટકો સાબિત થઈ શકે છે. રોહિત શર્મા પ્રથમ પર્થ ટેસ્ટમાં રમશે નહીં તે નિશ્ચિત છે. આવી સ્થિતિમાં કેએલ રાહુલ ઈજા થવો એ ટીમ ઈન્ડિયા માટે સ્થિતિ વધુ ખરાબ કરી શકે છે.

### T20 ઈન્ટરનેશનલમાં પાકિસ્તાન તરફથી સૌથી વધુ કેચ ઝડપનાર ફિલ્ડર

# Babar Azamએ સૌથી મોટી સિદ્ધિ મેળવી, એક જ મેચમાં તોડ્યા 2 રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની T20 શ્રેણીમાં પાકિસ્તાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી જેમાં બ્રિસ્બેનના ગાબા મેદાન પર 7-7 ઓવરની મેચમાં 29 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે આ મેચમાં પાકિસ્તાન ટીમના પૂર્વ કેપ્ટન અને સર્વશ્રેષ્ઠ બેટ્સમેન બાબર આઝમ બે મોટા પરાક્રમો કરવામાં સફળ રહ્યા હતા, જેમાંથી એક તેણે મેદાનમાં પ્રવેશતાની સાથે જ અને બીજું ફિલ્ડિંગ દરમિયાન કર્યું હતું. આ મેચમાં બાબર આઝમ બેટથી કોઈ મોટી સિદ્ધિ બતાવવામાં સફળ રહ્યો ન હતો, જેમાં તેણે 2 બોલમાં ત્રણ રનની ઈનિંગ રમ્યા બાદ નાથન એલિસના બોલ પર પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. જ્યારે બાબર આઝમ ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ટી20 સીરીઝની પ્રથમ મેચમાં ફિલ્ડીંગ કરવા મેદાન પર આવ્યો ત્યારે તે તેના ટી20 ઈન્ટરનેશનલ કરિયરની 124મી મેચ હતી, જે બાદ હવે તે પાકિસ્તાન માટે સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ પાકિસ્તાની ટીમના પૂર્વ કેપ્ટન શોએબ મલિકના નામે હતો, જેણે 16 વર્ષમાં કુલ 123 T20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. આ યાદીમાં ત્રીજા સ્થાને મોહમ્મદ હફીઝનું નામ છે જેણે 119 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. જ્યારે શાદાબ ખાન 104 મેચ સાથે ચોથા અને પાંચમા સ્થાને છે અને મોહમ્મદ રિઝવાન 103 મેચ સાથે છે. બાબર આઝમે આ મેચમાં વધુ એક મોટો રેકોર્ડ તોડ્યો હતો જે અગાઉ શોએબ મલિક અને ફખર ઝમાનના નામે હતો. બાબર આઝમ હવે પાકિસ્તાન માટે T20 ઈન્ટરનેશનલમાં ફિલ્ડર તરીકે સૌથી વધુ કેચ ઝડપનાર ખેલાડી બની ગયો છે. જેમાં તેણે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટી20 મેચમાં જેક ફ્રેઝર મેકગર્ક અને મેથ્યુ શોર્ટના કેચ લઈને આ બંને ખેલાડીઓનો રેકોર્ડ તોડ્યો હતો. બાબરે અત્યાર સુધી ટી20 ઈન્ટરનેશનલમાં 52 કેચ પકડ્યા છે.

### ટીમ ઈન્ડિયામાં 13 વર્ષના ખેલાડીની એન્ટ્રી, BCCI એ અચાનક ભાગ્ય ચમકાવી દીધું

નવી દિલ્હી । ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયામાં એક 13 વર્ષના બેટરની એન્ટ્રી કરાવી દીધી છે. વાત જાણે એમ છે કે આ ખેલાડીને ભારતની અંડર 19 એશિયા કપ ટીમમાં જગ્યા મળી છે. જે આ મહિને 30 નવેમ્બરથી 8 ડિસેમ્બર સુધી યુએઈમાં યોજાવાનો છે. મોહમ્મદ અમનની કેપ્ટનશીપ હેઠળ અંડર 19 એશિયા કપ રમનારી ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. 13 વર્ષનો વૈભવ સૂર્યવંશી આ 15 સભ્યવાળી ભારતીય ટીમનો ભાગ છે. આ એશિયા કપ ટુર્નામેન્ટ 50 ઓવરનું ફોર્મેટ હશે. ભારતે ઘરેલુ ક્રિકેટનો સારો અનુભવ ધરાવતા ખેલાડીઓની સાથે એક દમદાર ટીમની જાહેરાત કરી છે. વૈભવ સૂર્યવંશી અગાઉ બે યુવા ટેસ્ટ રમી ચૂક્યો છે. બંને આ વર્ષની શરૂઆતમાં ચેન્નાઈમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રમાઈ હતી.

### ગોવાના બંને બેટ્સમેનોએ એક જ ઈનિંગમાં ત્રેવડી સદી ફટકારવાનું મોટું કારનામું કર્યું છે

# 84 ચોગ્ગા, 6 સિક્સ...! રણજી ટ્રોફીમાં 2 બેટ્સમેનોએ ફટકારી ત્રેવડી સદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

એક તરફ ટીમ ઈન્ડિયા બોર્ડર ગાવસ્કર ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે તો બીજી તરફ ભારતમાં રણજી ટ્રોફી રમાઈ રહી છે. રણજી ટ્રોફીમાં આજે બે બેટ્સમેનોનું તોફાન જોવા મળ્યું હતું. અરુણાચલ પ્રદેશ અને ગોવા વચ્ચે રમાયેલી મેચમાં ગોવાના બે બેટ્સમેનોનું વિસ્ફોટક પ્રદર્શન જોવા મળ્યું હતું. ગોવાના બંને બેટ્સમેનોએ એક જ ઈનિંગમાં ત્રેવડી સદી ફટકારવાનું મોટું કારનામું કર્યું છે. આ મેચમાં આ બંને બેટ્સમેન વચ્ચે રણજી ઈતિહાસની સૌથી મોટી ભાગીદારી પણ જોવા મળી હતી. આજે રણજી ટ્રોફીમાં ગોવા અને અરુણાચલ પ્રદેશ વચ્ચે મેચ રમાઈ રહી છે. આ મેચમાં ગોવાના કશ્યપ બકલે અને સ્નેહલ કૌથંકર બંનેએ ત્રેવડી સદી ફટકારી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં આ પહેલો પ્રસંગ છે જ્યારે બે



બેટ્સમેનોએ એક જ દાવમાં ત્રેવડી સદી ફટકારી હોય. ગોવાએ 121 રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી ક્રિઝ પર બેટિંગ કરવા આવેલા કશ્યપ અને કૌથંકરે વિપક્ષની બોલિંગને ધક્કો મારી દીધો હતો. કશ્યપે 300 રનની અણનમ ઈનિંગ રમી હતી. જેમાં તેણે 39 ફોર અને 2 સિક્સર ફટકારી હતી. આ સિવાય સ્નેહલ કૌથંકરે 314 રનની અણનમ ઈનિંગ રમી હતી. બંને ખેલાડીઓ વચ્ચે ત્રીજી વિકેટ માટે 606 રનની રેકોર્ડ ભાગીદારી નોંધાઈ હતી. બંનેએ મળીને 84 ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા હતા. કશ્યપ બકલેએ 39 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા જ્યારે સ્નેહલ કૌથંકરે 45 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. ગોવાની ટીમે માત્ર 2 વિકેટ ગુમાવીને ઘણા રન બનાવ્યા હતા. સ્કોરબોર્ડ પર 2 વિકેટના નુકસાન પર 727 રન બની રહ્યા હતા. આ મેચમાં ગોવાએ 727 રન પર પોતાની ઈનિંગ ડિકલેર કરી છે. જેમાં કશ્યપ અને કૌથંકર વચ્ચે રેકોર્ડ 606 રનની ભાગીદારી નોંધાઈ હતી. જોકે, ગોવાના આ બેટ્સમેનો ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં શ્રીલંકાના ભૂતપૂર્વ બેટ્સમેન મહેલા જયવર્દને અને કુમાર સંગાકારાનો રેકોર્ડ તોડી શક્યા નથી. જેમણે વર્ષ 2006માં દક્ષિણ આફ્રિકા સામે 624 રનની ભાગીદારી કરી હતી.

# RCBએ આ ખેલાડીને કર્યો રિલીઝ, ત્રેવડી સદી ફટકારી આપ્યો જડબાતોડ જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

મહિપાલ લોમરોરે કમાલ કર્યો કરી છે. તેણે રણજી ટ્રોફી એલિટ 2024ની મેચમાં ત્રેવડી સદી ફટકારી છે. આ પહેલા મહિપાલે પણ સદી ફટકારી હતી. તે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો ભાગ હતો. પરંતુ RCBએ તેને IPL 2025 માટે જાળવી રાખ્યો ન હતો. IPL 2025 પહેલા મેગા ઓક્શનનું આયોજન કરવામાં આવનાર છે. RCB ફરીથી લોમરોર પર કરોડો રૂપિયા ખર્ચી શકે છે. દેહરાદૂનમાં રાજસ્થાન અને ઉત્તરાખંડ વચ્ચે મેચ રમાઈ રહી છે. આ મેચમાં ઉત્તરાખંડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ દરમિયાન રાજસ્થાન તરફથી અભિજીત તોમર અને રામ મોહન ઓપનિંગ કરવા આવ્યા હતા. અભિજીત 20 રન બનાવીને આઉટ થયો હતો. આ પછી મહિપાલે દાવ સંભાળ્યો. તેણે જોરદાર પ્રદર્શન કર્યું અને ત્રેવડી સદી



ફટકારી. મહિપાલે પણ કાર્તિક શર્મા સાથે સદીની ભાગીદારી રમી હતી. રાજસ્થાનની ઈનિંગ દરમિયાન મહિપાલ લોમરોરે 360 બોલનો સામનો કર્યો હતો. તેણે 25 ચોગ્ગા અને 13 છગ્ગાની મદદથી અણનમ 300 રન બનાવ્યા હતા. મહિપાલે પણ કાર્તિક શર્મા સાથે સદીની ભાગીદારી રમી હતી. કાર્તિકે 113 રન બનાવ્યા હતા. તેણે 11 ફોર અને 6 સિક્સર ફટકારી હતી. ભરત શર્માએ 54 રનની શાનદાર ઈનિંગ રમી હતી. મહિપાલ લોમરોર ફોર્મમાં છે. IPL 2025ની મેગા ઓક્શન પહેલા તેણે ધમાકો કર્યો છે. ત્રેવડી સદી પહેલા મહિપાલે પણ સદી ફટકારી હતી. હરાજીમાં ઘણી ટીમો તેના પર દાવ લગાવી શકે છે. લોમરોર RCBનો ભાગ રહી ચુકી છે. પરંતુ આ વખતે ટીમ જાળવી શકી નથી. જોકે, RCB મેગા ઓક્શનમાં મહિપાલ પર કરોડો રૂપિયા ખર્ચી શકે છે. અગાઉ 2022 અને 2023માં તેમનો પગાર 95 લાખ રૂપિયા હતો. તે RCB પહેલા રાજસ્થાન રોયલ્સ ટીમનો ભાગ હતો. અહીં તેને 20 લાખ રૂપિયા પગાર મળતો હતો.

# ટીમ ઈન્ડિયા માટે ખુશખબરી, મોહમ્મદ શમી જશે ઑસ્ટ્રેલિયા !

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમી હવે મેદાનમાં પરત ફર્યો છે. તે રણજી ટ્રોફીમાંથી મેદાનમાં પરત ફર્યો છે. શમીએ મધ્યપ્રદેશ વિરુદ્ધ ખૂબ જ સારી બોલિંગ કરી, આવી સ્થિતિમાં તેણે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે પણ ટીમ ઈન્ડિયાનો દરવાજો ખટખટાવ્યો છે. લગભગ એક વર્ષ બાદ રેડ બોલ ક્રિકેટમાં વાપસી કરતાં શમીએ બંગાળ તરફથી રમતા મધ્યપ્રદેશની પ્રથમ ઈનિંગમાં ચાર સ્પેલ ફેંક્યા હતા. આ દરમિયાન તેણે 19 ઓવરમાં ચાર મેડન સાથે ચાર વિકેટ ઝડપી હતી. આવી સ્થિતિમાં હવે સમાચાર સામે આવ્યા છે કે ઓસ્ટ્રેલિયાના પડકારજનક પ્રવાસ દરમિયાન પરેશાન ભારતીય ટીમને મોહમ્મદ શમીની સેવાઓ મળી શકે છે. જો કે આ પહેલા શમીની બીજી ઈનિંગમાં મોટી કસોટી થશે. પસંદગી સમિતિ એ જોશે કે તે બીજી ઈનિંગમાં કેવી બોલિંગ કરે છે અને ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચ બાદ તેને કોઈ દુખાવો કે સોજો છે કે કેમ. જો તે તમામ માપદંડો પૂરા કરશે તો ડે-નાઈટ ટેસ્ટ મેચ પહેલા શમી ટીમ ઈન્ડિયા સાથે જોડાઈ જશે તે લગભગ નિશ્ચિત છે. તમને જણાવી દઈએ કે, આ રણજી ટ્રોફી મેચ 16 નવેમ્બરે સમાપ્ત થશે અને ટીમ ઈન્ડિયા તેની પ્રથમ મેચ 22 નવેમ્બરથી રમશે. જો શમી જાય છે, તો તેને પ્રેસિડન્ટ 11 સામે બે દિવસીય ડે-નાઈટ પ્રેક્ટિસ મેચ રમવા મળશે. બંગાળ ક્રિકેટ એસોસિએશનના એક સૂત્રએ PTIને જણાવ્યું કે રાષ્ટ્રીય પસંદગી સમિતિના સભ્ય અજય અને NCA મેડિકલ ટીમના વડા નીતિન પટેલ ખાસ કરીને શમીની બોલિંગ જોવા આવ્યા હતા. શમી પર અંતિમ નિર્ણય લેવામાં આવે તે પહેલા, તેના વિશેની પ્રતિક્રિયા પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર, કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરને મોકલવામાં આવશે.

## તેઓ પૂર્વ રાષ્ટ્રપતિના ભત્રીજા છે, આ વખતે તેમણે રાષ્ટ્રપતિની ચૂંટણી પણ લડી હતી...

# ટ્રમ્પે એન્ટિ-વેક્સિન કેનેડીને સ્વાસ્થ્ય મંત્રી બનાવ્યાં...

(એજન્સી) વોશિંગ્ટન તા 14

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની સરકારમાં મહત્વપૂર્ણ પદો પર નિમણૂકો કરી રહ્યા છે. ટ્રમ્પે ગુરુવારે રોબર્ટ એફ. કેનેડી જુનિયરને અમેરિકાના આગામી આરોગ્ય સચિવ તરીકે નિયુક્ત કર્યા છે. તેમની પાસે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ (HHS) માટે જવાબદારી હશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

રોબર્ટ એફ. કેનેડી જુનિયરને આરોગ્ય અને માનવ સેવાના સચિવ (HHS) તરીકે નિયુક્ત કરવામાં મને આનંદ થાય છે. અમેરિકન નાગરિકો પર લાંબા સમયથી ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા અત્યાચાર ગુજારવામાં આવે છે. તમામ અમેરિકનોની સલામતી અને આરોગ્ય એ કોઈપણ સરકારની પ્રાથમિકતા છે. કેનેડીના નેતૃત્વ હેઠળ HHS ખાતરી કરશે કે દરેક વ્યક્તિ હાનિકારક રસાયણો, જંતુનાશકો અને ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોથી સુરક્ષિત છે.

ડોનાલ્ડ ટ્રમ્પે 2024ની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી છે. તેઓ આવતા વર્ષે 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.



### ટ્રમ્પની પત્ની મેલાનિયા તેમની સાથે નહોતી

રસીનો વિરોધ કરે છે કેનેડી જુનિયર રોબર્ટ એફ. કેનેડી જુનિયર યુનાઈટેડ સ્ટેટ્સના 35મા રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડીના ભત્રીજા છે. તેમના પિતા રોબર્ટ એફ. કેનેડી એટર્ની જનરલ હતા. કેનેડી વોટરકીપર એલાયન્સના સ્થાપક પણ છે, જે વિશ્વનું સૌથી મોટું સ્વચ્છ પાણી હિમાયત જૂથ છે. કેનેડી રસીકરણનો વિરોધ કરતા અગ્રણી કાર્યકર્તા તરીકે ઓળખાય છે. કોવિડ-19 દરમિયાન પણ તેમણે અમેરિકા અને વિશ્વભરમાં થઈ રહેલા રસીકરણનો વિરોધ કર્યો હતો.

આગામી સ્વાસ્થ્ય મંત્રી તરીકે નિયુક્ત થયા બાદ કેનેડીએ કહ્યું કે અમારી પાસે હઠીલા રોગોને દૂર કરવાની તક છે. તેમણે કહ્યું કે, તેઓ HHSના 80 હજારથી વધુ કર્મચારીઓ સાથે કામ કરવા ઉત્સુક છે. ડોનાલ્ડ ટ્રમ્પનો પણ આભાર માન્યો હતો.

### તુલસી ગબાર્ડને નેશનલ ઈન્ટેલિજન્સ ચીફ બનાવ્યા

ટ્રમ્પે હિન્દુ નેતા તુલસી ગબાર્ડને નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટરની જવાબદારી સોંપી છે. તેમણે બુધવારે બાઈડનને મળ્યા બાદ આની જાહેરાત કરી હતી.

ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત બાદ તુલસી આ પદ સંભાળશે. તેણી એવરિલ હેન્સનું સ્થાન લે છે. તુલસી ગબાર્ડ (ઉં.વ.43) અમેરિકાની પ્રથમ હિંદુ સાંસદ રહી છે. ગબાર્ડે 21 વર્ષની ઉંમરે હવાઈમાં તેની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તે 4 વખત ડેમોક્રેટિક પાર્ટી તરફથી સાંસદ રહી ચુકી છે.

તુલસી અગાઉ બાઈડનની ડેમોક્રેટિક પાર્ટીની નેતા હતી. તેઓ ગયા મહિને જ રિપબ્લિકન પાર્ટીમાં જોડાયા હતા. તુલસી સિવાય ટ્રમ્પે અન્ય બે લોકોને મહત્વની જવાબદારીઓ આપી છે. ફ્લોરિડાના સેનેટર માર્કો રુબિયોને સેક્રેટરી ઓફ સ્ટેટ અને મેટ ગેટ્ઝને એટર્ની જનરલ બનાવવામાં આવ્યા છે.

તુલસી ગબાર્ડ ભારતીય મૂળની નથી તુલસીને તેના નામને કારણે કેટલીકવાર ભારતીય કહેવામાં આવે છે. જોકે તેઓ ભારતીય મૂળના નથી. તેણીએ પોતે આ ઘણી વખત કહ્યું છે.

---

**વચગાળાની સરકારના એટર્ની જનરલે પ્રસ્તાવ મૂક્યો; મુજીબર્રહમાનનો ફાધર ઓફ નેશન તરીકેનો દરજ્જો હટાવવાનું કહ્યું**

# બાંગ્લાદેશ- બંધારણમાંથી સેક્યુલર શબ્દ હટાવવાની માંગ

(એજન્સી) ઢાકા | તા 15

બાંગ્લાદેશની વચગાળાની સરકાર બંધારણમાંથી સેક્યુલર શબ્દ હટાવી શકે છે. વચગાળાની સરકારમાં એટર્ની જનરલ મોહમ્મદ અસજ્જમાને બુધવારે હાઈકોર્ટમાં આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, આ પ્રસ્તાવમાં બંધારણમાંથી ધર્મનિરપેક્ષ (સેક્યુલર) અને સમાજવાદ (સમાજવાદ) શબ્દોને હટાવવાની માંગ કરવામાં આવી હતી.

આ સિવાય એટર્ની જનરલે બંધારણમાંથી કલમ 7A નાબૂદ કરવા પણ કહ્યું છે. આ કલમ હેઠળ બાંગ્લાદેશમાં બિન-બંધારણીય સત્તા પરિવર્તન માટે મૃત્યુદંડની જોગવાઈ છે. તેમજ અસાજ્જમાને બાંગ્લાદેશના મુજીબર્રહમાનને રાષ્ટ્રપિતાનો દરજ્જો આપતી જોગવાઈને દૂર કરવા કોર્ટને કહ્યું છે.

વાસ્તવમાં બુધવારે ઢાકા હાઈકોર્ટમાં એક રિટ અરજી પર સુનાવણી ચાલી રહી હતી. આ રિટ પિટિશન એકસાથે અનેક લોકોએ દાખલ કરી હતી. જેમાં શેખ હસીનાની સરકાર દ્વારા 2011માં કરવામાં આવેલા 15મા બંધારણીય સુધારાની માન્યતાને પડકારવામાં આવી હતી.

કોર્ટે વચગાળાની સરકારને એટર્ની જનરલની દરખાસ્તો પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે. ઢાકા હાઈકોર્ટના બે જજોની બેંચ આ સમગ્ર મામલાની સુનાવણી કરી રહી હતી. આ અરજીની સુનાવણી માટે ઘણા વકીલોએ પોતાને પક્ષકાર બનાવ્યા હતા. તેમાંથી ઘણા લોકો અરજીનું સમર્થન કરી રહ્યા હતા અને કેટલાક તેનો વિરોધ કરી રહ્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટમાં શેખ મુજીબુર રહેમાન પર બોલતા, અસાજ્જમાને કહ્યું કે તે ચોક્કસપણે બાંગ્લાદેશના નિર્વિવાદ નેતા હતા, પરંતુ અવામી લીગ (શેખ હસીનાની પાર્ટી) તેને પોતાના સ્વાર્થ માટે રાજકારણમાં ખેંચી લાવ્યો.

**શું છે 15મો સુધારો? :** શેખ હસીનાની અવામી લીગ સરકારે 2011માં 15મો બંધારણીય સુધારો પસાર કર્યો હતો. આ અંતર્ગત બંધારણમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા હતા. આ હેઠળ, ઘણી જોગવાઈઓ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી, તેમાં સુધારો કરવામાં આવ્યો હતો અને દૂર કરવામાં આવ્યો હતો. આમાં કેટલીક મુખ્ય જોગવાઈઓ હતી-

### રખેવાળ સરકારમાં ચૂંટણી યોજવાનો નિયમ નાબૂદ

15મા સુધારા દ્વારા દેશમાં ચૂંટણી કરાવવા માટે રખેવાળ સરકાર બનાવવાનો નિયમ નાબૂદ કરવામાં આવ્યો હતો. અગાઉ ચૂંટણી પર નજર રાખવા માટે રખેવાળ સરકારનો નિયમ હતો. આ સિવાય આ સુધારામાં મુજીબુર રહેમાનને રાષ્ટ્રપિતાનો દરજ્જો આપવાની અને ગેરબંધારણીય માધ્યમથી સત્તા મેળવવા માટે મૃત્યુદંડની જોગવાઈ પણ સામેલ છે.

સુનાવણી દરમિયાન એટર્ની જનરલે ગેરબંધારણીય માધ્યમથી સત્તા પ્રાપ્ત કરવાની જોગવાઈની ટીકા કરી હતી.

---

# ઈલોન મસ્કના વળતા પાણી! લોકો 'X'ના વિકલ્પની શોધમાં....

(એજન્સી) રિયાધ તા 14

ઈલોન મસ્કના સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ એક્સના હવે વળતાં પાણી જણાઈ રહ્યા છે. યુએસએમાં ચૂંટણી બાદ એક્સનો વિકલ્પ શોધતાં લોકો જેક ડોર્સીના બ્લુ સ્કાય ભણી વળતાં તેના વપરાશકારોની સંખ્યા ૧.૩ કરોડ હતી તે ઓક્ટોબરના અંતમાં વધીને ૧.૫ કરોડ થઈ ગઈ છે. બ્લુ સ્કાય એ અગાઉની ટ્વિટરના ભૂતપૂર્વ સીઈઓ જેક ડોર્સી દ્વારા શરૂ કરવામાં આવેલી સર્વિસ છે. બ્રિટનના અગ્રણી અખબાર ગાર્ડિયને પણ એક્સ પર પોસ્ટ મુકવાની બંધ કરવાની જાહેરાત કરી છે.

ઈલોન મસ્કે ટ્વિટરને ખરીદી લીધાં બાદ તેનું નામ બદલીને એક્સ કર્યું છે જ્યારે સીઈઓ જેક ડોર્સીએ બ્લુ સ્કાય નામની નવી સેવા શરૂ કરી હતી. ફેબ્રુઆરી સુધી માત્ર ઈન્વાઈટ કરવામાં આવેલા લોકોને જ આ સેવા મળતી હતી પણ ફેબ્રુઆરી બાદ તેને તમામ વપરાશકારો માટે ખુલ્લી મુકવામાં આવી છે. એક્સ જેવી જ આ સર્વિસમાં ડિસ્કવર ફીડ તથા વપરાશકારો જે એકાઉન્ટને ફોલો કરતાં હોય તેની ક્રમબદ્ધ માહિતિ મળી રહે છે.

અગાઉ પણ બ્લુ સ્કાયને એક્સ છોડનાર વપરાશકારોનો લાભ મળેલો છે. ઓગસ્ટમાં બ્રાઝિલમાં એક્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ એક જ અઠવાડિયામાં બ્લુ સ્કાયના ૨૬ લાખ વપરાશકારો વધી ગયા હતા. જેમાં ૮૫ ટકા બ્રાઝિલિયન્સ હતા. ગયા મહિને પણ એક જ દિવસમાં બ્લુ સ્કાયના પાંચ લાખ વપરાશકારો વધ્યા હતા.

બ્લુ સ્કાયના વપરાશકારો વધવા છતાં એક્સનો દાવો છે કે યુએસની ચૂંટણીમાં દુનિયામાં તેનું પ્રભૂત્વ જળવાઈ રહ્યું છે અને એક નવો વિક્રમ સર્જાયો છે. ચૂંટણીના દિવસે જ ૧૫.૫ ટકા નવા વપરાશકારો ઉમેરાયા હોવાનું એક્સે જણાવ્યું હતું. દુનિયાભરમાં એક્સે ૯૪૨ મિલિયન પોસ્ટ રજૂ કરી એક વિક્રમ સર્જ્યો છે.

---

# 30 લાખને ડિપોર્ટ કરવાનો ટ્રમ્પનો માર્ગ મોકળો...

### રિપબ્લિકન પાર્ટીને હાઉસમાં પણ બહુમત મળતા સરકાર નિર્ણય લઈ શકશે



(એજન્સી) વોશિંગ્ટન | તા 15

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ગેરકાયદે પ્રવાસીઓને ડિપોર્ટ કરવાનું કાર્ડ સરળતાથી ચાલી શકશે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને નીચલા ગૃહ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ)માં પણ બહુમત મળી ગયો છે. ટ્રમ્પ વિઝન-2025માં સામેલ 30 ગેરકાયદે પ્રવાસીઓને ડિપોર્ટ કરવાવાળું બહુચર્ચિત બિલ સરળતાથી પાસ કરાવી શકશે.

મૂળે, હાલ અમેરિકાના કાયદા હેઠળ ગેરકાયદે પ્રવાસીઓને ડિપોર્ટ કરવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે પરંતુ ટ્રમ્પે 1798ના 'એલિયન એનિમી એક્ટ'ને રિકોલ કરવાનો નિર્ણય કર્યો છે. તેમાં ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકાના દુશ્મન માનતા તાત્કાલિક ડિપોર્ટ કરી શકાય છે. આ કાયદાના ઉપયોગમાં ડેમોક્રેટ્સ તરફથી વિરોધની આશંકા હતી, પરંતુ હાઉસમાં બહુમતથી ટ્રમ્પનો માર્ગ મોકળી થઈ ગયો છે. અમેરિકામાં આઠ વર્ષ બાદ રાષ્ટ્રપતિની પાર્ટીને સેનેટ-નીચલા ગૃહ (કોંગ્રેસ)માં બહુમત મળ્યું છે.

---

**ઈસ્લામિક જેહાદ સંગઠનના મથકોને નિશાન બનાવ્યા**

# સીરિયા પર ઈઝરાયેલનો હવાઈ હુમલો, 15ના મોત

(એજન્સી) ઈઝરાયેલ તા 15

ઈઝરાયેલે સીરિયાની રાજધાની દમાસ્કસ અને તેની નજીકના વિસ્તાર પર હવાઈ હુમલા કર્યા હતા. જેમાં 15 લોકોના મોત થયા હતા અને 16 લોકો ઘાયલ થયા હતા. સીરિયાની સરકારી એજન્સી SANAએ આ જાણકારી આપી છે.

દમાસ્કસના માજેહ વિસ્તારમાં અને કુદસયા ઉપનગરમાં બે ઈમારતો પર હુમલો કરવામાં આવ્યો હતો. માજેહમાં પાંચ માળની ઈમારતના ભોંયરાને મિસાઈલથી ખરાબ રીતે નુકસાન થયું હતું.

ઈઝરાયેલની સેનાએ કહ્યું કે તેણે ઈસ્લામિક જેહાદ ઓર્ગેનાઈઝેશનના મથકોને નિશાન બનાવ્યા છે. સૈન્યના જણાવ્યા મુજબ, સંગઠન 7 ઓક્ટોબર, 2023ના રોજ હમાસ સાથે મળીને હુમલામાં સામેલ હતું, જેમાં 1,200 થી વધુ ઈઝરાયેલી નાગરિકો માર્યા ગયા હતા અને 250 લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા.

લેબનોનમાં અત્યાર સુધીમાં 3 હજારથી વધુ લોકોના મોત થયા છે લેબનોનમાં પણ ઈઝરાયેલના હવાઈ હુમલામાં 3,365 લોકોના મોત થયા છે અને 14,344 લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે છેલ્લા અઠવાડિયામાં લેબનોનમાં 300થી વધુ લક્ષ્યો પર હુમલો કર્યો હતો.

4 દિવસ પહેલા હિઝબુલ્લાહે ઈઝરાયેલ પર 165 રોકેટ છોડ્યા હતા હિઝબુલ્લાએ સોમવારે 165થી વધુ રોકેટ વડે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલના ઉત્તરી શહેર બીનામાં થયેલા આ હુમલામાં એક બાળક સહિત સાત લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત આ હુમલામાં ગેલીલી શહેરને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. અહીં 55 રોકેટ છોડવામાં આવ્યા હતા.

જ્યારે હિઝબુલ્લાહે હૈફા શહેર પર 90 રોકેટ છોડ્યા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) અનુસાર, હિઝબુલ્લાહે પહેલીવાર હાઈફા પર 80 રોકેટ છોડ્યા હતા. તેમાંથી મોટાભાગનાને હવામાં નષ્ટ કરી દેવાયા હતા. બીજી વખત 10 રોકેટ છોડવામાં આવ્યા હતા.



### ઈઝરાયેલે 54 દિવસ પછી પેજર-વોકી-ટોકી હુમલાની જવાબદારી લીધી

ઈઝરાયેલે 54 દિવસ પછી 17 સપ્ટેમ્બરે લેબનોનમાં હિઝબુલ્લાના સભ્યોના પેજર (કોમ્યુનિકેશન ડિવાઈસ)માં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોની જવાબદારી લીધી છે. વડાપ્રધાન નેતન્યાહૂએ રવિવારે સ્વીકાર્યું હતું કે તેમણે ઈઝરાયેલની સુરક્ષાને લઈને હુમલાને મંજૂરી આપી હતી.

નેતન્યાહુના પ્રવક્તા ઓમર દોસ્તીએ ન્યૂઝ એજન્સી AFPને જણાવ્યું - રવિવારે યોજાયેલી કેબિનેટની બેઠકમાં પીએમ નેતન્યાહૂએ પુષ્ટિ કરી કે તેમણે લેબનોનમાં પેજર હુમલાનો આદેશ આપ્યો હતો. જોકે, ઓમરે આ હુમલા અંગે વિસ્તૃત માહિતી આપી નથી.

નેતન્યાહુએ કહ્યું કે સંરક્ષણ એજન્સી અને વરિષ્ઠ અધિકારીઓ પેજર હુમલા અને હિઝબુલ્લાહના તત્કાલીન વડા નસરાલ્લાહને મારવાના ઓપરેશનની વિરુદ્ધ હતા. વિરોધ છતાં મેં હુમલાના સીધા આદેશ આપ્યા.

---

# AQI 1900ને વટાવી જતાં હોસ્પિ.માં દર્દીઓનો ખડકલો

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 15

એક તરફ ભારતમાં દિલ્હી પ્રદૂષણની બાબતમાં પ્રથમ સ્થાને છે, તો પાકિસ્તાનનું લાહોર હાલમાં વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. જ્યાં સર્વત્ર ઝેરી ધુમ્મસના કારણે લોકો પરેશાન છે. એક રિપોર્ટ અનુસાર, અહેવાલો અનુસાર, શ્વાસ લેવામાં તકલીફ, અસ્થમા અને અન્ય શ્વસન સમસ્યાઓના કારણે લગભગ 15,000 દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

એક સમયે હરિયાળી અને સુંદર બગીચાઓ માટે જાણીતું લાહોર હવે વાયુ પ્રદૂષણને કારણે શ્વાસ લેવું મુશ્કેલ બની રહ્યું છે. આ સમસ્યાના મુખ્ય કારણોમાં વાહનોનો ધુમાડો, બાંધકામના સ્થળો પરથી ઉડતી ધૂળના કણો અને ઔદ્યોગિક પ્રદૂષણ છે.

આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ વણસી શકે છે. આથી સરકારે પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતોની ઓળખ કરીને તેના પર નિયંત્રણ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આવી સ્થિતિમાં, માસ્ક પહેરવું, ઘરની અંદર રહેવું અને એર પ્યુરિફાયરનો ઉપયોગ કરવો જરૂરી છે. લાહોરના લોકો અને વહીવટીતંત્રે સાથે મળીને આ સંકટનો સામનો કરવો પડશે જેથી કરીને શહેરની હવાની ગુણવત્તા સુધરી શકે અને રહેવાસીઓના સ્વાસ્થ્યને સુરક્ષિત કરી શકાય.

રિપોર્ટ્સ અનુસાર લાહોરની હોસ્પિટલો સૂકી ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, ન્યુમોનિયા અને છાતીમાં ચેપથી પીડિત દર્દીઓથી ભરેલી છે.

પાકિસ્તાનના તબીબી નિષ્ણાત અશરફ ઝિયાએ ચેતવણી આપી છે કે અસ્થમા અને હૃદય રોગથી પીડિત બાળકો અને દર્દીઓ ધુમ્મસના સીધા સંપર્કમાં ન આવે. 10 નવેમ્બરના રોજ પાકિસ્તાનના પંજાબ પ્રદેશના ભાગોમાં હવાની ગુણવત્તા સૂચકાંક 1900થી ઉપર નોંધાયો હતો. જોકે, 12 નવેમ્બરે હવાની ગુણવત્તા સૂચકાંક 604 માપવામાં આવ્યો હતો, જે ખૂબ જ સંવેદનશીલ છે.

---

# સુપ્રીમ કોર્ટમાં એક પછી એક બે બોમ્બ ધડાકા

**બ્રાઝિલમાં મચ્યો ખળભળાટ**

(એજન્સી)અમેરિકા તા 14

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટની બહાર એક-પછી એક બે બોમ્બ ધડાકા થતાં અફરાતફરી મચી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, બ્રાઝિલમાં સુપ્રીમ કોર્ટની બહાર એક વ્યક્તિએ સુપ્રીમ કોર્ટની બહાર સ્થિત એક સ્ટેચ્યુ પર બોમ્બ ફેંક્યો હતો. પરંતુ તે બોમ્બ પાછો ઉછળીને તેની પાસે જ આવતાં તેમાં તેનું મોત થયુ હતું. આ સિવાય અન્ય કોઈ જાનહાનિ થઈ ન હતી. આ સિવાય સંસદના પાર્કિંગમાં પણ બોમ્બ ધડાકો થયો હતો.

બ્રાઝિલના સુપ્રીમ કોર્ટે જણાવ્યા પ્રમાણે સેશન પૂર્ણ થયા બાદ સાંજે લગભગ સાડા સાત વાગ્યે જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. આ બોમ્બ ધડાકો થતાં જ કોર્ટમાં હાજર ન્યાયાધીશો, કર્મચારીઓ અને તમામ લોકો તુરંત કોર્ટમાંથી બહાર નીકળી ગયા હતા.

### સંસદના પાર્કિંગમાં કારમાં હુમલો

બ્રાઝિલના લેફ્ટન્ટ ગવર્નર સેલિનો લિયોએ જણાવ્યું હતું કે, સંદિગ્ધે પહેલાં સંસદના પાર્કિંગમાં એક કાર હુમલો કર્યો હતો. પરંતુ તેમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. સ્પીકર આર્થર લીરા અનુસાર, લીઓએ આ હુમલા બાદ જોખમોથી બચવા માટે ગુરૂવારે સંસદનું બપોરનું સેશન રદ કરવાની સલાહ આપી હતી. જેના લીધે મોટી જાનહાનિ ટળી હતી.

### 20 સેકન્ડના અંતરાલ પર થયો બીજો હુમલો

બ્રાઝિલિયાના થ્રી પાવર્સ પ્લાઝામાં સુપ્રીમ કોટની બહાર લગભગ 20 સેકન્ડના અંતરે વિસ્ફોટ થયો હતો. જેના લીધે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. થોડા દિવસ પહેલાં બ્રાઝિલના મેસિયોમાં એક ઘર પર હુમલો થયો હતો. જેમાં 10 વર્ષીય બાળક સહિત 3 લોકોના મોત થયા હતા અને પાંચ ઘાયલ થયા હતાં. આ વિસ્ફોટના લીધે 2 માળની ઈમારત સંપૂર્ણપણે બળીને ખાખ થઈ હતી. જેમાં 20 એપાર્ટમેન્ટ હતા.

---

# ખાલિસ્તાનીઓનું નવું કારસ્તાન : કેનેડા અમારું, ગોરાઓ ઈંગ્લેન્ડ ભાગે...

(એજન્સી) ઓટ્ટાવા | તા 15

કેનેડામાં રહીને ભારતમાં ખાલિસ્તાનની માગણી કરનારા શીખોને અત્યાર સુધી ટ્રુડો સરકાર સમર્થન આપતી હતી, પરંતુ હવે આ જ ખાલિસ્તાનીઓ તેમને આશરો આપનારા કેનેડાના ગોરા લોકોના વિરુદ્ધમાં રસ્તા પર ઉતર્યા છે. અત્યાર સુધી હિન્દુઓ પર હુમલા કરી રહેલા ખાલિસ્તાની સમર્થકોએ હવે કેનેડાવાસીઓને ધમકી આપવાનું શરૂ કર્યું છે. હવે કેનેડાના રસ્તા પર 'કેનેડા અમારું છે, ગોરાઓ ઈંગ્લેન્ડ ભાગે'ના સૂત્રોચ્ચાર ગુંજી રહ્યા છે. આ સાથે કેનેડાના નાગરિકો ખાલિસ્તાનીઓની આ રેલીથી ગભરાયા છે.

કેનેડામાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સરકારની સુરક્ષા ધરાવતા ખાલિસ્તાની સમર્થકો હવે બેફામ બન્યા છે. તેમણે હવે કેનેડાના સ્થાનિક લોકોને જ ઘૂસણખોર ગણાવી તેમને ધમકી આપવાનું શરૂ કર્યું છે. ખાલિસ્તાની સમર્થકોનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોવા મળે છે કે સેંકડો ખાલિસ્તાની સમર્થકો રસ્તા પર ઉતર્યા છે અને રેલી કાઢી છે.

વીડિયોમાં એક ખાલિસ્તાની સમર્થકને કહેતા સાંભળી શકાય છે કે કેનેડા તેમનું છે. ગોરા લોકોએ ઈંગ્લેન્ડ અથવા યુરોપ જતા રહેવું જોઈએ. વીડિયોમાં ખાલિસ્તાની સમર્થકોને એક જુલુસ કાઢતા પણ જોઈ શકાય છે. કેમેરાની પાછળથી એક વ્યક્તિ સતત બોલતો રહે છે કે કેનેડા અમારો દેશ છે. ગોરા લોકોએ આ દેશ છોડી દેવો જોઈએ. બે મિનિટના આ વાયરલ વીડિયોમાં ખાલિસ્તાની સમર્થકો કેનેડિયન લોકોને 'ઘૂસણખોર' પણ કહી રહ્યા છે. એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ કરતાં લખ્યું છે, 'ખાલિસ્તાની સરે બીસીમાં માર્ચ કરી રહ્યા છે અને દાવો કરે છે કે તેઓ કેનેડાના માલિક છે અને ગોરા લોકોએ યુરોપ અને ઈઝરાયેલ પાછા જતા રહેવું જોઈએ.' અમે આ લોકોને અમારી વિદેશ નીતિને આકાર આપવા નહીં દીએ. આ ઘટનાથી ખાલિસ્તાની સમર્થકોને આશ્રય આપી રહેલી ટ્રુડો સરકારની ચિંતા વધી ગઈ છે. કેનેડામાં સરકારનો ટેકો ધરાવતા ખાલિસ્તાની સમર્થકો બેફામ બની ગયા છે. તેઓ કેનેડાના બધા જ પાસા પર પોતાનો કબજો કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

# બદલાતા ભારતની બદલાતી તસ્વીર....

જયા વર્મા સિન્હા

વિવિધતાથી સભર આપણો દેશ અનન્ય છે. આપણે ત્યાં, વસ્તુઓને અલગ દ્રષ્ટિકોણથી જોવાની એક સુદિર્ઘ પરંપરા રહી છે. આપણા માટે ગંગા અને ગોદાવરી માત્ર નદીઓના નામ નથી, તે જીવન આપનારી માતાના પર્યાય છે. સંગીત એ માત્ર કાનને આનંદ આપવાનું સાધન નથી, તે સૂરોની સાધના કરવાનું માધ્યમ છે. એવી જ રીતે આપણે દેશવાસીઓ માટે ભારતીય રેલવે માત્ર એકાદ એન્જિન અને દોઢ ડઝન કોચથી સજ્જ ટ્રેન નથી, પોતાના ઘર પરિવારથી દૂર રહીને રોજીરોટી કમાતા આપણા શ્રમિકો, ખેડૂતો, સૈનિકો અને કરોડો નાગરિકોના પરિવારો અને પ્રિયજનો સાથેના ભાવનાત્મક સંબંધોને જોડતો એક સેતુ છે. પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ પથરાયેલા ટ્રેક પર માત્ર આપણી ટ્રેનો જ દોડતી નથી - સંબંધોની લાગણીઓ પણ તેમાંથી પસાર થાય છે. વિરાટ ભારત દેશની વિવિધતાઓને સમાવતી, ભારતીય રેલવે ભારત સરકારની પ્રતિનિધિ પણ છે અને દેશવાસીઓની આકાંક્ષાઓનું પ્રતીક પણ!

આ આકાંક્ષાઓની અગ્નિ પરીક્ષા દર વર્ષે તહેવારોની મોસમમાં આવે છે, જ્યારે પરિવારથી દૂર રહીને જીવનનિર્વાહ કરતા કરોડો દેશવાસીઓ પોતાના ઘરે પાછા ફરે છે. મહાનગરોની અજ્ઞાતતાથી સભર વર્ષભરની તનતોડ મહેનત પછી, આ મહેનતુ લોકો પોતાના પ્રિયજનોને મળવાની આશા સાથે એક વિશાળ સમૂહમાં નીકળે છે રેલવેની મુસાફરી પર. સંખ્યા એટલી વધારે, કે જો તમે એ પરિસ્થિતીમાં ક્યારેય કામ ન કર્યું હોય, તો જોતાં જ હાથ-પગ થીજી જાય. અને, જો વાત તહેવાર અને વિશેષ દિવસોમાં ઉમટી પડતા માનવ-પ્રવાહની હોય, ત્યારે માત્ર રેલવે-સંચાલન સુધીની વાત નથી હોતી. તમારે રેલવે સ્ટેશન પર આવેલા લોકોને સુગમતાથી રોકાવાની, ટિકિટ ખરીદવાની, નાસ્તાપાણી વગેરેની પૂરતી વ્યવસ્થા કરવાની હોય છે. આના માટે રેલવે અધિકારી-કર્મચારીઓ સિવાય સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ સહયોગ મળે છે. ભારતીય રેલવે પ્રશાસનને કરોડોની સંખ્યામાં આવેલા યાત્રીઓને પોતાના મુકામ સુધી પહોંચાડવાનો કેટલાયે દસકાઓનો અનુભવ છે, પરંતુ હવે તમામ પ્રયાસ આ અનુભવને ક્રમશઃ સુખદ બનાવવાના છે.

જો વિદેશી મહેમાનો સાથે ક્યારેક આ વિષય પર ચર્ચા થાય, તો તેઓ આશ્ચર્ય પામી જાય છે. વાહનવ્યવહાર વ્યવસ્થાપનની



માહિતી રાખનારા કેટલાય સાથીઓ, આ સાંભળીને કે તહેવારો દરમિયાન રેલવેએ એક લાખ સિત્તેર હજાર ટ્રેનોના ફેરા સિવાય 7,700 વિશેષ ટ્રેનોનું સંચાલન કર્યું છે, નવાઈ પામી જાય છે. હવે તમે, સૂરતની પાસે આવેલા ઔદ્યોગિક શહેર ઉધનાને જ જૂઓ - અહીંના રેલવે સ્ટેશનથી દરરોજ સરેરાશ સાત-આઠ હજાર યાત્રીઓની અવરજવર થતી હોય છે - ચાર નવેમ્બરના રોજ આ નાનકડા સ્ટેશન પર ચાલીસ હજારથી વધુની ગીરદી ઉમટી પડી હતી. જો, રેલવે પ્રશાસને એક ટીમની જેમ કામ કરતાં યોગ્ય વ્યવસ્થાઓ ન કરી હોત, તો યાત્રીઓની તકલીફોનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ હતો. તહેવારો દરમિયાન, દેશભરમાં સૌથી વધુ અવરજવર નવી દિલ્લી સ્ટેશનથી થઈ. આ સમયગાળામાં માત્ર આ સ્ટેશનથી, યાત્રીઓની માંગ પર એક દિવસમાં 64 સ્પેશિયલ અને 19 અનરિઝર્વ્ડ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું હતું.

વિદેશી મહેમાનોથી ભરેલી એક સભામાં જ્યારે તહેવારો દરમિયાનની રેલવે યાત્રાની ચર્ચા થઈ, તો એક રાજદ્વારી આ સાંભળીને અચંબામાં પડી ગયા કે આ વર્ષે ફક્ત છઠ મહાપર્વથી પહેલાં, 4 નવેમ્બરના રોજ, લગભગ 3 કરોડ લોકો ટ્રેનથી પોતાના મુકામ સુધી ગયા, અને તહેવારોના દિવસોમાં તો રેલવે એ લગભગ 25 કરોડ યાત્રીઓને યાત્રા કરવામાં મદદ કરી. સંબંધિત રાજદ્વારીએ, હળવા સ્મિત સાથે કહ્યું કે પાકિસ્તાનની કુલ વસ્તીથી વધુ લોકોએ તો ફક્ત કેટલાક દિવસોમાં જ તમારી ટ્રેનોમાં યાત્રા કરી!

ભારતીય રેલ્વેને ખ્યાલ છે કે દેશના પૂર્વીય ભાગોમાંથી મોટી સંખ્યામાં ઔદ્યોગિક કેન્દ્રોમાં કામ કરી રહેલા આપણા ભાઈઓ અને બહેનોની દેશના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે. જમ્મૂની અટલ ટનલથી લઈને મુંબઈના સી-લિંક સુધી, અને બેંગલુરૂની આઈ-ટી સંસ્થાઓથી લઈને દિલ્લીના બાંધકામ હેઠળની બિલ્ડીંગો સુધીને, પૂર્વની માટીમાં રચેલા-પચેલા લોકોએ પોતાના હાથે બનાવ્યા છે. દેશના સિમાડે સજ્જ સેના અથવા સીમા સુરક્ષા બળના જવાન હોય, પંજાબના ખેતરોમાં અનાજ ઉગાવતા મજૂર, સરકારી ઓફિસો તથા ખાનગી સંસ્થાઓમાં સેવારત કર્મચારી, અબાલ-વૃદ્ધ, અથવા દેશની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓમાં ભણી રહેલા વિદ્યાર્થી, આ તમામ પોતપોતાની રીતે આજના અને આવનાર આવતીકાલના ભારતની રચના કરી રહ્યા છે.

ભારતીય રેલવે પણ આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ વંદે ભારત, અમૃત ભારત, નમો ભારત જેવી ટ્રેનોનું સતત વિસ્તરણ અને દેશભરના એક હજારથી વધુ રેલ્વે સ્ટેશનોને અમૃત સ્ટેશનોમાં રૂપાંતરિત કરીને એક નવી અને વિશ્વ કક્ષાની યાત્રાએ નીકળી પડી છે. બદલતા ભારતની બદલાતી તસ્વીર ભારતીય રેલવેના સ્વરૂપમાં હવે દેખાવા લાગી છે.

(જયા વર્મા સિન્હા ભારતીય રેલવેના પ્રથમ મહિલા ચેરમેન અને સીઈઓ છે.)

.......

# બાલ ભવનમાં 130 અનાથ છોકરીઓને શીતલ લોઢા ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

**(એજન્સી) મુંબઈ । તા. 15**

કિશોરીઓના સશક્તિકરણ પ્રત્યે કરુણા અને પ્રતિબદ્ધતાના નોંધપાત્ર પ્રદર્શનમાં, બાળ દિન નિમિત્તે, અગ્રણી પરોપકારી સંસ્થા 'શીતલ લોઢા ફાઉન્ડેશન' એ બાલ ભવન, ચર્ની રોડ, મુંબઈ ખાતે 130 અનાથ કિશોરીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કર્યું. ફાઉન્ડેશનના આ 'જોય ઓફ ગીવિંગ' દાન અભિયાનનું નેતૃત્વ કુ. યશવી લોઢાએ કર્યું હતું. આ અભિયાનમાં અનાથાશ્રમમાં રહેતી 6 થી 18 વર્ષની વયની 130 કિશોરીઓને વિવિધ શૈક્ષણિક સામગ્રી અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉદારતાની ભાવનાથી આયોજિત આ દાન અભિયાન અંતર્ગત આ કિશોરીઓને તેમની શૈક્ષણિક યાત્રા માટે જરૂરી સાધનો પણ પૂરા પાડવામાં આવ્યા હતા, જેનાથી તેઓને પ્રેરણા મળી હતી. તેમને તેમના અભ્યાસ માટે જરૂરી સંસાધનોથી સજ્જ કરીને, કુ. યશ્વી લોઢા અને તેમની ટીમે આ કિશોરીઓના જીવનમાં શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો. આ અભિયાનમાં



સમુદાયના સમર્થન પર ભાર મૂકવામાં આવ્યો હતો અને દરેક કિશોરીનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. આ પ્રસંગે બોલતા, ફાઉન્ડેશનના સ્થાપક સુશ્રી શીતલ લોઢાએ તેમના સરળ અને શક્તિશાળી સંદેશમાં કહ્યું કે હંમેશા ખુશ રહો અને હસતા રહો. તેણીએ છોકરીઓને સમજાવ્યું કે સુખ અને સકારાત્મકતા આપણા મનમાં એક લહેર ઉભી કરે છે અને દરેક વ્યક્તિમાં ખુશીઓ વહેંચીને બીજાના જીવનને ઉજ્જવળ કરવાની અદભૂત શક્તિ હોય છે. તેણે જે કહ્યું - "એક વાસ્તવિક સ્મિત મોટો ફરક લાવી શકે છે", દરેકના હૃદયને સ્પર્શી ગયું. શ્રીમતી યશ્વી લોઢાએ કહ્યું કે તેમને તેમના જીવનમાં સમાજ સેવાની પ્રેરણા તેમના દાદી અને પ્રખ્યાત સામાજિક કાર્યકર શ્રીમતી મંજુ લોઢા પાસેથી મળી છે અને તેઓ તેમના પગલે આગળ વધવા માંગે છે. તેમણે કહ્યું કે તેમનું ફાઉન્ડેશન કિશોરીઓની મહત્વાકાંક્ષા અને શિક્ષણને ઘણું મહત્વ આપે છે. તેણીએ તમામ કિશોરવયની છોકરીઓ સખત મહેનત કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમને એવું માનવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા કે દ્રઢ નિશ્ચયથી સૌથી મુશ્કેલ પડકારોને પણ પાર કરી શકાય છે. તેમણે કહ્યું કે આપણું જીવન તકોથી ભરેલું છે અને દરેક વિચારમાં સમર્પણ અને સખત મહેનત સાથે આગળ વધવાની ક્ષમતા છે. તમામ છોકરીઓએ પણ ઉત્સાહ સાથે પ્રતિભાવ આપ્યો અને કહ્યું કે આજે આપણે આપણા જીવનમાં આત્મવિશ્વાસ, નિશ્ચય અને આગળ રહેલી અનંત શક્યતાઓ વિશેના મૂલ્યવાન પાઠ શીખ્યા છે.

## લૉટરી કિંગ સેન્ટિયાગો માર્ટિનના નિવાસે ED દ્વારા દરોડા

મદ્રાસ : રાજકીય દળોને સૌથી વધુ દાન કરનાર સેન્ટિયાગો માર્ટિનના નિવાસે તેમજ અન્ય સ્થળોએ ઈડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. લૉટરી કિંગ માર્ટિન દ્વારા રાજકીય પક્ષોને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા સૌથી વધુ રૂ. 1,300 કરોડનું દાન કરવામાં આવ્યું હતું. મની લૉન્ડરિંગ કેસમાં માર્ટિન સામે કેસ કરવામાં આવ્યો છે તેની રૂ. 450 કરોડથી વધુ રકમની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.મદ્રાસ હાઈકોર્ટે માર્ટિન સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. માર્ટિનના ચેન્નઈ સહિત કેટલાક સ્થળે ઈડીએ દરોડા પાડીને જપ્તી અને તપાસની કામગીરી હાથ ધરી છે. અગાઉ તામિળનાડુ પોલીસે માર્ટિન તેમજ કેટલાક અન્ય લોકો સામે FIR બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### દારૂ પીનારા કે નકલી દારૂનો ભોગ બનેલા ગરીબો સામે કેસ નોંધાય છે

# 'દારૂબંધીએ ગરીબોની મુશ્કેલી વધારી, પોલીસને થઇ રહી છે છપ્પરફાડ કમાણી..': બિહાર હાઈકોર્ટ

**(એજન્સી) પટના । તા.15**

પટના હાઈકોર્ટે પોલીસ ઈન્સ્પેક્ટર સામે જાહેર કરાયેલ ડિમોશન ઓર્ડરને રદ કરતા બિહારના દારૂ પ્રતિબંધ કાયદા પર ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, 'પ્રતિબંધ કાયદો બિહારમાં દારૂ અને અન્ય ગેરકાયદે સામાનની દાણચોરીને પ્રોત્સાહન આપી રહ્યો છે. બિહાર પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝ એક્ટ, 2016 રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના જીવનધોરણ અને જાહેર આરોગ્યને સુધારવાના ઉદ્દેશ્ય સાથે ઘડવામાં આવ્યો હતો, પરંતુ આ કાયદો ઘણાં કારણોસર ઈતિહાસની ખોટી દિશામાં ગયો છે.'

અહેવાલો અનુસાર, 29મી ઓક્ટોબરે જસ્ટિસ પૂર્ણેન્દુ સિંહે ચુકાદો સંભળાવ્યો હતો અને 13મી નવેમ્બરે હાઈકોર્ટની વેબસાઈટ પર ચુકાદો અપલોડ કરવામાં આવ્યો હતો. કોર્ટનો આ નિર્ણય મુકેશ કુમાર પાસવાન દ્વારા દાખલ કરવામાં




આવેલી અરજીના જવાબમાં આવ્યો છે. જસ્ટિસ પૂર્ણેન્દુ સિંહે ચુકાદામાં કહ્યું, 'પોલીસ, આબકારી, રાજ્ય વ્યાપારી કર અને પરિવહન વિભાગના અધિકારીઓ આ પ્રતિબંધને આવકારે છે કારણ કે તે તેમના માટે આવકનો સ્ત્રોત છે. દારૂની દાણચોરીમાં સામેલ મોટી વ્યક્તિઓ અથવા સિન્ડિકેટ સંચાલકો સામે બહુ ઓછી કાર્યવાહી કરવામાં આવે છે. દારૂ પીનારા કે નકલી દારૂનો ભોગ બનેલા ગરીબો સામે કેસ નોંધાય છે આ કાયદો મુખ્યત્ત્વે રાજ્યના ગરીબ લોકો માટે મુશ્કેલીનું કારણ બન્યો છે.'અરજદાર મુકેશ કુમાર પાસવાન પટના બાયપાસ પોલીસ સ્ટેશનમાં સ્ટેશન હાઉસ ઓફિસર તરીકે કામ કરતા હતા. તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો કારણ કે રાજ્ય આબકારી અધિકારીઓએ તેના સ્ટેશનથી લગભગ 500 મીટર દૂર દરોડો પાડ્યો હતો અને વિદેશી દારૂ જપ્ત કર્યો હતો.તેણે પોતાને નિર્દોષ સાબિત કરવા માટે કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. વિભાગીય પૂછપરછ દરમિયાન તેમણે પોતાનો પક્ષ પણ રજૂ કર્યો હતો. જો કે, 24મી નવેમ્બર 2020ના રોજ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સામાન્ય આદેશ હેઠળ, તેને ડિમોશનની સજા કરવામાં આવી હતી. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે જે પોલીસ અધિકારીના કાર્યક્ષેત્રમાં દારૂ ઝડપાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## 3 વખતના ધારાસભ્ય પંજાનો સાથ છોડી AAPમાં જોડાયા

**(એજન્સી) નવી દિલ્હી । તા.15**

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી યોજાય તે પહેલાં જ કોંગ્રેસને ફરી એકવાર મોટા ઝટકો લાગ્યો છે. ત્રણ વખતના ધારાસભ્ય અને દિગ્ગજ નેતા વીર સિંહ ધિંગાણે પંજાનો સાથ છોડી આમ આદમી પાર્ટીની ઝાડૂ પકડી લીધી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વીર સિંહને પાર્ટીનો ખેસ અને ટોપી પહેરાવી હતી. વીર સિંહ સીમાપુરથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા આ બેઠકથી આપના ધારાસભ્ય રહી ચૂકેલા રાજેન્દ્ર પાલ ગૌતમ થોડા સમય પહેલા કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. પૂર્વ સીએમએ કહ્યું કે ધિંગાણે સીમાપુરી વિસ્તારમાં ઘણું કામ કર્યું અને આજે અમે સીમાપુરીના ભાવિ ધારાસભ્યને AAPમાં સામેલ કરી રહ્યા છીએ.

# મહારાષ્ટ્રની ચૂંટણીમાં શેરડીની ખેતી નડશે, 15 લાખથી વધુ ખેતમજૂરો મતદાનથી વંચિત રહે તેવી શક્યતા

**(એજન્સી) મુંબઈ । તા.15**

દેશનું ટોચનું ખાંડ ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી 20 નવેમ્બરે યોજાવા જઈ રહી છે. જેમાં રાજ્યના તમામ નાગરિકોને મતદાન કરવા અપીલ કરાઈ રહી છે. જ્યારે બીજી તરફ શેરડીના પાકની લણણીની સિઝન હોવાથી અંદાજે 12 લાખથી વધુ ખેત મજૂરો મતદાનથી વંચિત રહેશે.

મરાઠાવાડા, ઉત્તર મહારાષ્ટ્ર, અને વિદર્ભમાંથી આવતાં 12 લાખથી વધુ શેરડીના ખેડૂતો પશ્ચિમ મહારાષ્ટ્ર સહિત શેરડીનો પાક કરતાં અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરી ચૂક્યા છે. જેથી તેઓ પરત પાછા પોતાના ગામ જઈ મતદાન કરે તેવી કોઈ સ્થિતિ જોવા મળી રહી નથી.મહારાષ્ટ્ર શુગરકેન કટર્સ અને ટ્રાન્સપોર્ટ એસોસિએશને જણાવ્યા અનુસાર, શેરડીના પાકની લણણી 15 નવેમ્બરથી શરૂ થઈ જાય છે. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી 15 લાખથી વધુ ખેત મજૂરો પશ્ચિમ મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરે છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**સુધારો**

**ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/47(24-25) તા.21.10.2024 ના નીચે જણાવેલ ટેન્ડરનો સુધારો** ટેન્ડર નં. EL-50-1-ADI-T-62-2024-25. **કામનું નામઃ** સાબરમતી ખાતે રમતગમત સુવિધાઓના વધારા અને અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે બહારથી બહારના FOB ના સમારકામના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **નોંધનીય કરવાના ફેરફાર :** ટેન્ડર ટેકનિકલ આધારે રદ કરવામાં આવ્યુ છે. ADI-236

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/51 (24-25) તા.12-11-2024. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-67-2024-25 **કામનું નામઃ** અસારવા :- Sr.DSTE/ADI ની ઓફિસમાં એરકન્ડીશનિંગની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતરઃ** ₹ 1,35,97,349/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 2,18,000/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.10-12-2024 ના 15:00 કલાક તે પછી નહિં અને તા.10-12-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-235

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**રીપેરીંગ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર(C) પ્લાનિંગ એન્ડ વર્ક્સ, વેસ્ટર્ન રેલ્વે, પહેલો માળ, સ્ટેશન બિલ્ડીંગ, ચર્ચગેટ, મુંબઈ-400 020 ટેન્ડર **નંબરઃ CAO-CWorks-Design-01-24 આમંત્રિત કરે છે કામનું નામઃ બધા માટે માળખાકીય રેખાંકનોની ડિઝાઈન અને તૈયારી રેલ્વે પુલના પ્રકાર - મહત્વપૂર્ણ, મોટા અને નાના), રોડ ઓવર બ્રિજ અને રીટેનિંગ/ RE પશ્ચિમ રેલવે બાંધકામ સંસ્થાની દિવાલો વગેરે. NIT કિંમતઃ ,101464168.59/- બિડ સુરક્ષાઃ ,657300/- બિડ સબમિશન બંધઃ 05.12.2024, 15.00 કલાક સુધી. ટેન્ડર ડોક્યુમેન્ટ ખુલશેઃ** 05.12.2024 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. **0742**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**અક્ષીતા કોટન લિમિટેડ**

AXITA COTTON

સીઆઈએનઃએલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯

રજીસ્ટર્ડ ઓફિસઃસર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી, થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.

ટેલિફોનઃ +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલઃcs@axitacotton.com || વેબસાઈટઃwww.axitacotton.com

**સેબી (એલઓડીઆર) ના રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમન ૪૭(૧)(બી) પ્રમાણે ના સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક અને અર્ધ વાર્ષિક ગાળાના અન-ઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાકિય પરિણામોનો વિસ્તાર**

(ઈ.પી.એસ. સિવાય રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | અર્ધ વાર્ષિક ગાળા ના અંતે | | વર્ષ ના અંતે |
|---|---|---|---|---|---|---|
| | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૬-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૩ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી કુલ આવક | ૧૨,૯૯૧.૨૮ | ૧૫,૪૯૬.૯૧ | - | ૨૮,૪૮૮.૧૯ | - | - |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | ૩૨.૬૫ | ૪૮૪.૮૩ | - | ૫૧૭.૪૮ | - | - |
| આ સમયગાળા માટે કર પહેલાનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | ૩૨.૬૫ | ૪૮૪.૮૩ | - | ૫૧૭.૪૮ | - | - |
| આ સમયગાળા માટે કર પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | ૪૪.૩૮ | ૩૪૨.૯૦ | - | ૩૮૭.૨૮ | - | - |
| આ સમયગાળા માટે કુલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | ૪૪.૧૨ | ૩૩૨.૭૭ | - | ૩૭૬.૮૯ | - | - |
| ઈક્વિટી શેરમૂડી ચૂકવેલ | ૩૪૭૭.૭૩ | ૨૬૦૮.૭૮ | - | ૩૪૭૭.૭૩ | - | - |
| ઇક્વિટી શેર મૂડીની ફેસ વેલ્યુ રૂ. | ૧ | ૧ | - | ૧ | - | - |
| અનામત | - | - | - | - | - | - |
| શેરદીઠ કમાણી રૂ. માં (મૂળભૂત કિંમત રૂ. ૧) (સતત અને બંધ કામગીરી માટે) (વાર્ષિકરણ કર્યા વિના) બેઝીક કમાણી (નુકસાન) રૂ. | ૦.૦૧ | ૦.૧૩ | - | ૦.૧૧ | - | - |
| ડાલ્યુટેડ કમાણી (નુકસાન) રૂ. | ૦.૦૧ | ૦.૧૩ | - | ૦.૧૧ | - | - |

**સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક અને અર્ધ વાર્ષિક ગાળાના અન-ઓડીટેડ સ્ટેન્ડઅલોન નાણાકિય પરિણામોનો વિસ્તાર**

(રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | અર્ધ વાર્ષિક ગાળા ના અંતે | | વર્ષ ના અંતે |
|---|---|---|---|---|---|---|
| | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૬-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૩ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી કુલ આવક | ૧૨,૯૯૧.૨૮ | ૧૫,૪૯૬.૯૧ | ૩૮,૮૮૬૪.૭૧ | ૨૮,૪૮૮.૧૯ | ૬૧,૬૮૮.૮૮ | ૧,૧૦,૪૩૮.૯૧ |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | ૬૪.૨૧ | ૪૯૬.૩૫ | ૮૭૬.૯૭ | ૫૬૦.૫૬ | ૧,૬૩૮.૫૯ | ૨,૭૩૦.૨૦ |
| આ સમયગાળા માટે કુલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | ૬૨.૪૦ | ૩૪૪.૨૯ | ૬૫૩.૨૯ | ૪૦૬.૬૯ | ૧,૨૨૯.૫૨ | ૨,૦૫૭.૯૯ |
| ઈબીડટા-વ્યાજ, કર, ડેપ્રિશિયેશન અને એમોર્ટાઇઝેશન પહેલાંની આવક | ૧૦૬.૬૯ | ૬૮૦.૬૩ | ૫૭૩.૯૪ | ૯૧૭.૮૪ | ૧,૭૨૦.૭૯ | ૨,૯૦૪.૧૫ |

નોંધઃ-

1. સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસીક અને અર્ધ વાર્ષિક ગાળાના કંપનીના ઉપરોક્ત અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની ઓડિટ કમિટી દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ત્યારબાદ ગુરુવાર, નવેમ્બર ૧૪, ૨૦૨૪ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રેકોર્ડ પર લેવામાં આવી છે. કંપની ના સ્ટેટુટરી ઓડિટર્સે આ ત્રિમાસીક અને અર્ધ વાર્ષિક ગાળાના અન-ઓડિટ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો કે જે ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (જેને 'ઇન્ડ એએસ' તરીકે ઓળખવામાં આવે છે) ૩૪ ઈન્ટરીમ નાણાકીય રિપોર્ટિંગ જે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ સૂચવવામાં આવેલા તથા કંપનીના (ઈન્ડિયન એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો સાથે સમયાંતરે સુધારવામાં આવેલ અને સમયાંતરે સુધારવામાં આવેલ સેબીના (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમ ૩૩, અનુસાર તૈયાર કરવામાં આવેલા નાણાકીય પરિણામોની સમીક્ષા કરી છે.
2. અગાઉના સમયગાળાના આંકડાઓને તુલનાત્મક બનાવવા માટે જ્યાં જરૂરી જણાય ત્યાં પુનઃસંગઠિત/પુનઃગોઠવવામાં આવ્યા છે/ફરીથી ગોઠવવામાં આવ્યા છે/અને/અથવા પુનઃસંગઠિત કરવામાં આવ્યા છે.
3. ઉપરોક્ત નાણાકીય બાબત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જ, ધ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ લિમિટેડ સમક્ષ ફાઈલ કરવામાં આવેલા ત્રિમાસીક અને અર્ધ વાર્ષિક ગાળાના અંતના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોના વિસ્તૃત ફોર્મેટનો અર્ક છે. ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ બીએસઈ લિમિટેડની વેબસાઈટ પર www.bseindia.com, નેશનલ સ્ટોક એક્સચેંજ લિમિટેડની વેબસાઈટ www.nseindia.com પર અને કંપનીની વેબસાઈટ પર www.axitacotton.com પર ઉપલબ્ધ છે.
4. કંપનીએ તારીખ સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૪ ના રોજ ૮,૬૯,૯૪,૪૯૩ બોનસ શેર ૧:૩ ના રેશીઓ માં જે શેરધારકો ના નામ નક્કી કરવામાં આવેલી રેકોર્ડ તારીખ સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૪ રોજ ના શેરધારકો ના રજિસ્ટરમાં દર્શાવ્યા હોય તે શેરધારકોને ૧ (એક) બોનસ ઈક્વિટી શેર રૂ. ૧/- (સંપૂર્ણ ચૂકવેલ), દરેક ૩(ત્રણ) ઈક્વિટી શેર માટે રૂ. ૧/-(સંપૂર્ણ ચૂકવેલ) તારીખ સપ્ટેમ્બર ૧૧, ૨૦૨૪ ના રોજ પોસ્ટલ બેલોટ પ્રક્રિયા દ્વારા મળેલી મંજૂરી અનુસાર તેના પ્રમાણે ફાળવવા માં આવ્યા છે અને જેનું પરિણામ સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત બોનસ શેર કંપનીના હાલના ઈક્વિટી શેર સાથે તમામ બાબતોમાં, ડિવિડન્ડ સહિત, પરી પાસુને ક્રમાંકિત કરશે. બોનસ ઈશ્યુના પરિણામે, કંપનીની પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલ રૂ. ૨૬,૦૮,૭૮,૦૦૮ થી વધીને રૂ. ૩૪,૭૭,૭૨,૫૦૧ કરવામાં આવેલ છે. ઉપરોક્ત વધારાને પરિણામે, (મૂળભૂત અને ડાલ્યુટેડ) શેર દીઠ કમાણી પ્રસ્તુત તમામ સમયગાળા માટે એડજસ્ટ કરવામાં આવેલ છે.

સ્થળઃ કડી, મહેસાણા
તારીખઃ નવેમ્બર ૧૪, ૨૦૨૪

અક્ષીતા કોટન લિમિટેડ માટે
સહી/-
નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ
ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર
ડીઆઈએનઃ૦૬૬૨૬૬૪૬

**કેલિસ્ટા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

CIN :- L65921TG1989PLC010151

રજિસ્ટર્ડ ઓફિસ :- શોપ નંબર 136-37/8 અને 9/, 3જો માળ , એમ્પાયર સ્કવેર, બાબેન, તાલુકા બારડોલી, બારડોલી , સુરત 394602 ઈમેલ :- chplindustries@gmail.com

**30મી સપ્ટેમ્બર 2024 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટે એકલ ઓડિટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**

(રૂપિયા લાખમાં )

| ક્રમ નં. | વિશેષ | ક્વાર્ટર સમાપ્ત | | | અર્ધ -વાર્ષિક | | વાર્ષિક સમાપ્તિ |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-09-2024 (અન-ઓડિટેડ) | 30-06-2024 (અન-ઓડિટેડ) | 30-09-2024 (અન-ઓડિટેડ ) | 30-09-2024 (અન-ઓડિટેડ) | 30-09-2023 (અન-ઓડિટેડ) | 31-03-2024 (ઓડિટેડ ) |
| 1 | આવક | | | | | | |
| | (a) કામગીરીમાંથી આવક. | - | - | - | - | - | - |
| | (b) અન્ય આવક. | - | - | - | - | - | - |
| | કુલ આવક (a+b). | - | - | - | - | - | - |
| 2 | ખર્ચ. | | | | | | |
| | (a) વપરાયેલી સામગ્રીની કિંમત. | - | - | - | - | - | - |
| | (b) વેપારમાં સ્ટોકની ખરીદી. | - | - | - | - | - | - |
| | (c) ઈન્વેન્ટરીઝમાં ફેરફાર. | - | - | - | - | - | - |
| | (d) કર્મચારી લાભ ખર્ચ. | - | - | - | - | - | - |
| | (e) નાણા ખર્ચ. | - | - | 0.00 | - | 0.03 | 0.03 |
| | (f) અવમૂલ્યન અને ઋણમુક્તિ ખર્ચ. | - | - | - | - | - | - |
| | (g) અન્ય ખર્ચ. | 0.60 | 0.60 | 6.23 | 1.20 | 13.79 | 15.40 |
| | કુલ ખર્ચ (a+b+c+d+e+f+g) | 0.60 | 0.60 | 6.23 | 1.20 | 13.83 | 15.43 |
| 3 | અસાધારણ વસ્તુઓ અને કર પહેલાં નફો/(નુકશાન) (1-2). | (0.60) | (0.60) | (6.23) | (1.20) | (13.83) | (15.43) |
| 4 | અપવાદરૂપ વસ્તુઓ [આવક/(નુકશાન)] (નોંધ 6 નો સંદર્ભ લો). | - | - | - | - | - | - |
| 5 | કર પહેલાં નફો/(નુકશાન)(3-4) | (0.60) | (0.60) | (6.23) | (1.20) | (13.83) | (15.43) |
| 6 | કર (ખર્ચ)/ક્રેડિટ. | | | | | | - |
| | (a) વર્તમાન આવકવેરો. | - | - | - | - | - | - |
| | (b) વિલંબિત આવકવેરો. | - | - | - | - | - | - |
| | | - | - | - | - | - | - |
| 7 | (5-6) સમયગાળા માટે નફો/(નુકસાન) | (0.60) | (0.60) | (6.23) | (1.20) | (13.83) | (15.43) |
| 8 | અન્ય વ્યાપક આવક/(નુકસાન). | | | | | | - |
| | (a) વસ્તુઓને પછીથી નફા અથવા નુકસાન (કરની ચોખ્ખી) માટે ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે નહીં. | - | - | - | - | - | - |
| | - એક્ચ્યુરિયલ વેલ્યુએશન મુજબ નિર્ધારિત લાભ યોજનાઓના વાજબી મૂલ્ય પર નફો/(નુકસાન). | - | - | - | - | - | - |
| | (b) વસ્તુઓને પછીથી નફા અથવા નુકસાન માટે ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે. | - | - | - | - | - | - |
| | સમયગાળા માટે અન્ય વ્યાપક આવક/(નુકસાન), કરની ચોખ્ખી. | - | - | - | - | - | - |
| 9 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક/(નુકસાન), કરની ચોખ્ખી (7+8). | (0.60) | (0.60) | (6.23) | (1.20) | (13.83) | (15.43) |
| 10 | ચૂકવેલ ઈક્વિટી શેર મૂડી (દરેક રૂપિયા 10 ની ફેસ વેલ્યુ). | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 |
| 11 | અન્ય ઈક્વિટી (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય). | | | | | | |
| 12 | શેર દીઠ કમાણી (દરેક રૂપિયા 10ની ફેસ વેલ્યુ). | | | | | | |
| | (a) મૂળભૂત EPS (વાર્ષિક નથી) (રૂપિયામાં). | (0.02) | (0.02) | (0.20) | (0.04) | (0.45) | (0.51) |
| | (b) પાતળું EPS (વાર્ષિક નથી) (રૂપિયામાં). | (0.02) | (0.02) | (0.20) | (0.04) | (0.45) | (0.51) |
| | **એકલ નાણાકીય પરિણામો માટે સાથેની નોંધો જુઓ** | | | | | | |

**પરિણામોનો ભાગ બનાવતી નોંધો.**

1. ઉપરોક્ત પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને 14-11-2024 ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકોમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.
2. સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમન 2015 ના નિયમન 33 મુજબ. ઉપરોક્ત પાછલા વર્ષના ઈન્ડ એએસ સુસંગત અનુરૂપ આંકડાઓ સમીક્ષાને આધિન નથી જો કે મેનેજમેન્ટે આવા નાણાકીય પરિણામો સાચા પૂરા પાડે તેની ખાતરી કરવા માટે જરૂરી ખંતનો ઉપયોગ કર્યો છે.
3. કંપની પાસે માત્ર એક રિપોર્ટેબલ બિઝનેસ સેગમેન્ટ્સ છે અને ભારતમાં માત્ર એક રિપોર્ટેબલ ભૌગોલિક સેગમેન્ટ છે.
4. ચાલુ વર્ષના વર્ગીકરણની પુષ્ટિ કરવા માટે જ્યાં જરૂરી હોય ત્યાં અગાઉના સમયગાળા/વર્ષના આંકડાઓ ફરીથી ગોઠવવામાં આવ્યા છે.

કેલિસ્ટા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે
રશ્મિ શર્મા
મેનેજિંગ ડિરેક્ટર.
DIN:- 06618645

તારીખઃ- 14-11-2024
સ્થળ :- સુરત

## ગુજરાતવાસીઓને ગુલાબી ઠંડી માટે રાહ જોવી પડશે

ગુજરાત રાજ્યમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી વિવિધ જિલ્લાઓમાં શિયાળાની અસર વર્તાઈ રહી છે. જેમાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ અને મહત્તમ તાપમાન સતત ઘટતું ગયું હતું, પરંતુ હવામાન વિભાગની આજની આગાહી અનુસાર આગામી બેથી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો આવવાની શક્યતાઓ ખૂબ જ ઓછા પ્રમાણમાં છે કારણ કે અત્યાર સુધી ઉત્તર અને ઉત્તર પૂર્વીય દિશામાંથી ગુજરાત ઉપર પવનો આવી રહ્યા હતા.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 16 NOVEMBER-2024

AHMEDABAD


## CNCDની ટીમ પર પશુપાલકોનો હુમલો

આ ગાય અમારી છે કહીને પશુપાલકોએ PSIને લાફો મારીને ઢોર ત્રાસ અંકુશ વિભાગની ટીમ પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. સીંગરવા રોડ પર ગઈકાલે CNCDની ટીમ અને પોલીસ પર પશુપાલકો હુમલો કરીને ગાય છોડાવીને લઈ ગયા હતા. હુમલાખોરોએ પોલીસ કર્મીની વર્દી પણ ફાડી નાખી હતી. મણીનગર વિસ્તારમાં આવેલા કૈવલ ધામ ટેનામેન્ટમાં રહેતા પ્રશાંત સથવારાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં રિતેશ રબારી, અમિત રબારી (બન્ને રહે, વડવાળી ચાલી, સિંગરવા રોડ, ઓઢવ) સહિત બે લોકો વિરૂદ્ધ હુમલો તેમજ સરકારી કામમાં રૂકાવટ ઉભી કરવાની ફરિયાદ કરી છે.



# પોરબંદર બન્યો ડ્રગ્સનો દરિયો

## ગુજરાત ATS, NCB અને નેવીની ટીમે મધદરિયે ઓપરેશન પાર પાડી 700 કિલો ડ્રગ્સ ઝડપ્યું

## 9 મહિનામાં 4,000 કિલોથી વધુનો જથ્થો ઝડપાયો

- દિલ્હીની ટીમને કેટલાક મહત્ત્વપૂર્ણ ઈનપુટ મળ્યા હતા
- NCB દિલ્હીની ટીમે નેવીની મદદ લીધી

(એજન્સી) અમદાવાદ । તા.15

પોરબંદરના દરિયામાંથી ફરી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. ગુજરાત ATS, NCB અને નેવીની ટીમે મધદરિયે ઓપરેશન પાર પાડી અંદાજિત 700 કિલો ડ્રગ્સ સાથે આઠ જેટલા ઈરાની શખસને ઝડપી પાડ્યા છે. પોરબંદરના દરિયામાં બોટમાં ડ્રગ્સ આવતું હોવાની બાતમી દિલ્હી NCBની ટીમને મળી હતી. બાતમીના આધારે દિલ્હી NCBની ટીમે નેવીનો સંપર્ક કરીને એક ઓપરેશન મોડીરાતે હાથ ધર્યું હતું, જેમાં મધદરિયે એક બોટને આંતરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ગુજરાત ATSની ટીમ અને ગુજરાત NCBના કેટલાક અધિકારીઓ પણ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા 9 મહિનામાં પોરબંદરના દરિયામાંથી 4,000 કિલોથી વધુનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. મધદરિયે એક બોટમાંથી કરોડોની કિંમતનું સેંકડો કિલો ડ્રગ્સ સેન્ટ્રલ એજન્સી દ્વારા પકડી પાડવામાં આવ્યું છે.



### આઠ જેટલા ઈરાની શખસ નશીલા પદાર્થ સાથે ઝડપાયા

ગુજરાતના સમુદ્રમાં ડ્રગ્સનો મોટો જથ્થો આવી રહ્યાની બાતમી આધારે નેવી, NCB અને ATS દ્વારા ગત રાત્રિના ખાસ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, જેમાં આઠ જેટલા ઈરાની શખસો નશીલા પદાર્થ સાથે સુરક્ષા એજન્સીના સકંજામાં આવી ગયા હતા અને તેમને પોરબંદરના ઓલ વેધર પોર્ટ ખાતે લાવામાં આવ્યા હતા. ત્યાંથી કડક સુરક્ષા બંદોબસ્ત સાથે SOGની ઓફિસ ખાતે લઈ જવામાં આવ્યા હતા. 500 કિલોથી વધુ ડ્રગ્સ પકડાયું ગઈકાલે મોડીરાતથી ચાલેલા ઓપરેશનમાં અંદાજિત 700 કિલો ડ્રગ્સ પકડાયું હોવાની વિગતો હાલ જાણવા મળી રહી છે. હજુ સત્તાવાર રીતે આ મામલે કેન્દ્રીય એજન્સીએ જાહેરાત કરી નથી.

### અત્યારસુધીનો સૌથી મોટો 3,132 કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો

તો આ જથ્થો મળ્યો તેના આશરે 2 મહિના પહેલાં પોરબંદરના સમુદ્રમાંથી અત્યારસુધીનો સૌથી મોટો 3,132 કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. NCB, ગુજરાત ATS તથા નેવી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું, જેમાં કુલ અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળ્યાં હતા. ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ પાકિસ્તાની ક્રૂ-મેમ્બરની પણ ધરપકડ કરવામાં આવી હતી. 173 કિલો ડ્રગ્સના જથ્થા સાથે 2 લોકોની ધરપકડ કરાઈ હતી અગાઉ પોરબંદરના દરિયામાંથી એનસીબી, એટીએસ અને કોસ્ટગાર્ડે 60 કરોડની કિંમતનું 173 કિલો ડ્રગ્સ ઝડપ્યું હતું. એજન્સીઓએ આ સાથે 2 શખસની ધરપકડ પણ કરી હતી. એના આગલા દિવસે 600 કરોડની કિંમતનું 86 કિલો હેરોઈન ઝડપાયું હતું.

# બોપલ વિસ્તારમાં પાંચ દિવસમાં બીજી હત્યા

## પુત્રોએ અમેરિકાથી મોબાઈલ ટ્રેક કરી શોધ્યું મૃત પિતાનું લોકેશન



(એજન્સી) અમદાવાદ । તા.15

અમદાવાદમાં MICAના વિદ્યાર્થી પ્રિયાંશુની હત્યા બાદ વધુ એક હત્યાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. જેમાં અમદાવાદના બોપલ વિસ્તારના ગરોડિયા ગામમાં દીપક પટેલ નામના વ્યક્તિને બોથડ પદાર્થના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. બોપલના ગરોડિયા ગામની સીમમાં બની ઘટના અમદાવાદના બોપલ વિસ્તારના ગરોડિયા ગામની સીમમાં હત્યાનો બનાવ બન્યો હતો. અહીં દીપક દશરથભાઈ પટેલ નામના વ્યક્તિની બોથડ પદાર્થના ઘા કરી હત્યા કરાઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આ દરમિયાન એફએસએલની ટીમ અને ડોગ સ્ક્વોરડની પણ મદદ લેવાઈ છે.

### મૃતક બે મહિના પહેલાં અમેરિકાથી આવ્યા હતા

આ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આજે સવારે બોપલ નજીક ગરોડિયા ગામની સીમ પાસે 65 વર્ષના દીપક દશરથભાઈ પટેલની માથું છૂંદાયેલી હાલતમાં લાશ મળી હતી. સમગ્ર મામલાની જાણ થતાં બોપલ પોલીસ ત્યાં પહોંચી હતી. આ દરમિયાન એફએસએલની ટીમને પણ પુરાવા એકઠા કરવા બોલાવી લેવામાં આવી હતી. દીપકભાઈ નિવૃત્તિના સમયમાં જમીનદલાલીનું કામ કરતા હતાં અને તેઓ અવારનવાર વિદેશ જતા હતા.

# ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો સપાટો

## તહેવારો પહેલાં જ 8.51 કરોડથી વધુ કિંમતની ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કે નાશ કરવામાં આવી

(એજન્સી) અમદાવાદ । તા.15

દિવાળીના તહેવારો પહેલાં દર વખતની માફક આ વર્ષે પણ રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ સપાટો બોલાવ્યો હતો. જો કે આ વખતે દર વર્ષની માફક નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાનો પૃથ્થકરણ રિપોર્ટ સમયાંતરે આવતો હોય છે. એટલે કે દિવાળીના તહેવારો બાદ રિપોર્ટ આવતો હોવાથી લોકોએ ખાદ્યચીજો આરોગી લીધી હોય છે. જેના કારણે જો ખોરાક અખાદ્ય હોવાનું નમૂનાના રિપોર્ટમાં માલૂમ પડે તો પણ તેનો કોઈ મતલબ રહેતો ન હોવાની એક ફરિયાદ ઉઠી હતી. આ ફરિયાદને ધ્યાને લઈ આ વખતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે નમૂના લઈને સંતોષ માન્યો નહોતો પણ સ્થળ પર જ ચકાસણી કરી હતી અને પ્રાથમિક નમૂનામાં જો કંઈ અજુગતું અથવા અખાદ્ય ચીજવસ્તુ જણાય તો તેનો નાશ, નિકાલ તેમ જ ચીજવસ્તુ જપ્ત કરી લેવાના કડક પગલાં ભર્યા હતા. ફૂડ સેફ્ટી પખવાડિયાનો સમયગાળો લંબાવાયો. આ રીતે દિવાળી તેમ જ નવરાત્રિ પહેલાં ફૂડ એન્ડ ડ્રગ્સ



વિભાગે જે ફૂડ સેફ્ટી પખવાડિયું શરૂ કર્યું હતું તેનો સમયગાળો બાદમાં લંબાવાયો હતો અને રાજ્યભરમાંથી 8.51 કરોડથી વધની ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરી હતી અથવા તો તેને નાશ કર્યો હતો. આ ઉપરાંત મોટી સંખ્યામાં જથ્થો જપ્ત કરાયો હોવાનું ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર ડો. હેમંત જી. કોશિયાએ જણાવ્યું હતું.

# MICAના વિદ્યાર્થીની હત્યાના આરોપીને કોર્ટમાં રજૂ કરાયો

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં વિરેન્દ્રના 10 દિવસના રિમાન્ડ મંજૂર, સરકારી વકીલે કહ્યું- આરોપીએ તપાસમાં સહકાર આપ્યો નથી

(એજન્સી) અમદાવાદ । તા.15

અમદાવાદના બોપલમાં 10 નવેમ્બરે કાર ધીમી ચલાવવાની ટકોર કરવા જેવી નજીવી બાબતે MICAના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની છરીના ઘા મારી હત્યા કરાઈ હતી. આ કેસમાં પોલીસે આરોપી વિરેન્દ્રસિંહ પઢેરિયાને પંજાબથી ઝડપી પાડ્યો હતો અને ત્યારે બાદ ગઈકાલે એટલે કે 14 નવેમ્બરે



સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું, જેમાં છરીના ઘા મારનાર વિરેન્દ્ર લંગડાતો-લંગડાતો આવ્યો હતો. તેને હાથે દોરડા બાંધીને લવાયો હતો, જોકે આજે 15 નવેમ્બરે આરોપીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. આ મામલે સરકારી વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે ભોગ બનનાર MICAનો વિદ્યાર્થી પ્રિયાંશુ જૈન છે. આરોપી બે દિવસ ભાગેડુ રહ્યો હતો. તેને પંજાબથી પકડી લેવામાં આવ્યો છે. આરોપી પોલીસ કોન્સ્ટેબલ અને તપાસ સંદર્ભમાં જાણકાર હોવાથી પૂરતો સહકાર આપ્યો નથી. છરી રસ્તામાં ફેંકી, પણ એકઝેટ જગ્યા જણાવવી જરૂરી છે. ભોગ બનનાર રાજ્ય બહારનો આશાવાદી યુવાન હતો. તેણે નજીવી બાબતમાં હત્યા કરી નાખી. 15 વર્ષથી આરોપી પોલીસમાં છે અને અનેક કાયદાનો જાણકાર છે. સાચી હકીકત આરોપી નથી જણાવતો કે કયા કારણસર આ ગુનો કર્યો છે.

# દેવ દિવાળીની ઉજવણી: સોલા ગામમાં મહાકાળી માતાજીને 108 વાનગીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો



સોલા ગામમાં મહાકાળી અને અંબાજી માતાજીનું પૌરાણિક મંદિર આવેલ તેનું 2015માં જીર્ણોદ્ધાર કરી ભવ્ય કલા કોતરણી ધરાવતુ નયન રમ્ય દિવ્ય મંદિર માં પુનઃ પ્રતિષ્ઠા કરી ભવ્ય અને દિવ્ય મંદિરની ચારે બાજુ વિશાળ જગ્યામાં પ્રવેશ કરતા અલૌકિક શાંતિની અનુભૂતિ થઈ રહી છે. વર્ષોની પરંપરા અનુસાર આજ રોજ દેવ દિવાળીની ઉજવણી નિમિત્તે માતાજીને ૧૦૮ વાનગીનો અન્નકૂટ ધરાવાયો. શ્રી મહાકાળી માતાજી મંડળ સમસ્ત સોલા ગામ દ્વારા કરાયું આયોજન.ગામના રહિશોની હાજરીમાં કર્ણપ્રિય સંગીત સાથે આરતી ઉતારી. અન્નકૂટ પ્રસાદ નું ગામના રહીશોને વિતરણ કરવામાં આવ્યો.

# ઉદેયપુર-અમદાવાદ ટ્રેનમાંથી 18 બાચકા ભરીને 770 લીટર દેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

(એજન્સી) અમદાવાદ । તા.15

અમદાવાદ શહેરમાં ચાલતા દારૂના વેપારમાં હવે નવી નવી પદ્ધતિથી દારૂ લાવવામાં આવી રહ્યો હોવાનો સામે આવી રહ્યો છે. આજે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ટ્રેનમાં લઈ જવાતો દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. આટલું જ નહીં બીજા અલગ અલગ જગ્યાએ પણ આ પહેલાં લક્ઝરી કાર અથવા બસમાં ક્યાંક છુપાવીને દારૂ લાવતા હતા તેવું પણ સામે આવ્યું હતું.

ક્યાંક ટેન્કરની અંદર પણ દારૂ લાવવામાં આવતો હોવાનું અગાઉ પોલીસ તપાસમાં ખુલી ચૂક્યું છે. ત્યારે આ વખતે એકસાથે અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાએ SMCએ રેડ પાડતા સ્થાનિક પોલીસમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્ટેટ મોનીટરીંગ સેલના PSI ફરજ પર શહીદ થવાની ઘટના બાદ બૂટલેગર ગુજરાતના કોઈપણ ખુણે બેસીને ધંધો કરતા હશે તેમની હવે ખેર નથી. બૂટલેગરોને જેલના સળીયા પાછળ મોકલવા માટે SMC એડીચોટીનું જોર લગાવી રહી છે. SMCએ અમદાવાદના ત્રણ અલગ અલગ જગ્યાએ રેડ કરીને દેશી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. SMCની ટીમે સાબરમતીમાં આવેલા છારાનગરમાં વિદેશી દારૂના કટીંગનો પર્દાફાશ કર્યો છે.

# ગુજરાત હાઈકોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો, આંગણવાડી વર્કર અને હેલ્પર કાયમી સરકારી નોકરીના હકદાર

(એજન્સી) અમદાવાદ । તા.15

ગુજરાત હાઈકોર્ટે એક બહુ અગત્યના અને સીમાચિહ્નરૂપ ચુકાદા મારફતે સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, આંગણવાડી વર્કર્સ અને આંગણવાડી હેલ્પર્સ પણ સરકારી નોકરીની સવામાં કાયમી બનવા માટે હકદાર છે અને તેઓની જોબ પ્રોફાઈલ ધ્યાને લઈને તેઓને સરકારમાં કાયમી કર્મચારીઓ તરીકે સમાવવા જોઈએ અને તેઓને કાયમી કર્મચારી મુજબના લાભો આપવા જોઈએ. જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે 122 પાનાના ચુકાદામાં આંગણવાડી કર્મીઓને કાયમી કરવા અને તેઓને તે મુજબના લાભો આપવા અંગે છ મહિનામાં જરૂરી નીતિ



ઘડવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને આદેશ કર્યો છે. રાજ્યના 300થી વધુ આંગણવાડી વર્કર્સ અને હેલ્પર્સ દ્વારા કરાયેલી ઢગલાબંધ રિટ અરજીઓની સુનાવણીના અંતે જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે આ ચુકાદો આપ્યો હતો.

### કેન્દ્ર અને રાજય સરકાર આંગણવાડી કર્મીઓને દેખીતી રીતે અન્યાય કરી રહી છે

જસ્ટિસ નિખિલ એસ.કેરીઅલે મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું કે, એવું દેખીતી રીતે સ્પષ્ટ થાય છે કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને આંગણવાડી વર્કર્સ અને આંગણવાડી હેલ્પર્સને નાગરિક સેવાના કર્મચારીઓની સમકક્ષ નહી ગણીને અને તેઓને વેતનની યોગ્ય ચૂકવણી નહી કરીને ભારે ભેદભાવ અને અન્યાય કરી રહી છે. સરકાર આંગણવાડી વર્કર્સ અને હેલ્પર્સને અલગ રીતે મૂલવી રહી છે તે અંગે યોગ્ય ખુલાસો કરી શકી નથી અને તેથી તેઓ સ્વૈચ્છિક સેવા પૂરી પાડી રહ્યા હોઈ તે મતલબનો સરકારનો દાવો ટકી શકે તેમ જ નથી.

# જાહેર રસ્તા ઉપર પાન-મસાલા ખાઈ ગંદકી કરનારાને ઘેર ઈ-મેમો મોકલાશે

(એજન્સી) અમદાવાદ । તા.15

અમદાવાદના જાહેર રસ્તા ઉપર પાન-મસાલા ખાઈ ગંદકી કરનારાઓના ફોટા સાથે તેમના ઘરે ઈ-મેમો મોકલી પેનલ્ટી વસૂલ કરવા મ્યુનિસિપલ તંત્રે નિર્ણય કર્યો છે. શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા સી.સી.ટી.વી.કેમેરાનો ઉપયોગ કરી રોડ ઉપર થૂંકીને ગંદકી કરનારા વ્યકિતનો વિડીયો બનાવી સોશિયલ મિડીયામાં વાઈરલ કરાશે. સ્વચ્છતા સર્વેક્ષણ -૨૦૨૪ અંતર્ગત અમદાવાદમાં આગામી સમયમાં કેન્દ્રની ટીમ દ્વારા સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર છે. સર્વેક્ષણ દરમિયાન શહેરને વધુ માર્કસ મળે એ પ્રકારની કામગીરી કરવા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.દરમિયાન શહેરના વિવિધ વિસ્તારમાં સ્માર્ટસિટી કમાન્ડ કંટ્રોલ સેન્ટર સાથે કનેકટિવીટી ધરાવતા સી.સી.ટી.વી.કેમેરા લગાવવામાં આવેલા છે. આ કેમેરાનો ઉપયોગ કરી જાહેર રસ્તા ઉપર પાન-મસાલા ખાઈને ગંદકી કરનારાઓના ફોટા સાથેના ઈ-મેમો તેમના ઘરે મોકલી પેનલ્ટી વસૂલવામાં આવશે.દેવાંગ દાણીએ કહ્યુ, શહેરને વધુ સ્વચ્છ બનાવવાની દિશામાં રોડ ઉપર થૂંકી ગંદકી કરનારા પાસેથી રુપિયા સો સુધીની પેનલ્ટી વસૂલ કરાશે.

# ચૈતર વસાવાએ 'ભીલ પ્રદેશ મુક્તિ મોરચા' સંગઠનની જાહેરાત કરી

## આવનારા સમયમાં દેશનું અલગ 29મુ રાજ્ય એટલે કે ભીલ પ્રદેશ રાજ્યની માંગણી કરીશું: ચૈતર વસાવા

ભરત શાહ, રાજપીપળા

આજે ડેડીયાપાડા ખાતે આદિવાસી જનનાયક ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આદિવાસી સમાજના લોકપ્રિય જન નેતા ચૈતર વસાવા હાજર રહ્યા હતા. સાથે સાથે આદિવાસી સમાજના અન્ય આગેવાનો સહિત હજારોની સંખ્યામાં આદિવાસી સમાજના લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લોકોએ ભેગા થઈને પરંપરાગત વેશભૂષામાં શોભાયાત્રા પણ યોજી હતી. આ કાર્યક્રમમાં આદિવાસી સમાજના નેતા ચૈતર વસાવા એ મહત્વપૂર્ણ મુદ્દા ઉપર લોકો સમક્ષ અને મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે આપણે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી ઉજવી રહ્યા છીએ. સૌ જાણે છે કે આદિવાસી સમાજે આઝાદીની લડાઈમાં ખૂબ જ મોટો ભાગ ભજવ્યો હતો, આઝાદી બાદ પણ દેશના વિકાસમાં આદિવાસી સમાજને હંમેશા ફાળો આપ્યો છે. જ્યાં પણ ડેમ બનતા હોય કે નેશનલ હાઈવે બનતા હોય કે રેલવે સ્ટેશન બનતા હોય કે બુલેટ ટ્રેન નીકળતી હોય, આવી કોઈ પણ જગ્યા પર જ્યારે પણ જમીનની જરૂરત પડી છે ત્યારે આદિવાસી સમાજે પોતાની જમીનો આપી છે. પરંતુ જ્યારે આદિવાસી સમાજની વિકાસની વાતો આવે છે ત્યારે આદિવાસી સમાજના લોકોએ આંદોલન કરવા પડે છે. તો અમારો સવાલ છે કે ક્યાં સુધી અમારે આંદોલનો કરવાના? આજે ગુજરાતના, મહારાષ્ટ્રના, મધ્યપ્રદેશના અને રાજસ્થાનના આદિવાસી આગેવાનો સાથે મળીને અમે ભીલ પ્રદેશ મુક્તિ મોરચા નામનું સંગઠન જાહેર કર્યું છે. અમે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભીલ પ્રદેશ મુક્તિ મોર્ચા અંતર્ગત હવે અમારું વિશાળ સંગઠન બનાવીશું.

